દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
મધ્ય ગુજરાત આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 165 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૩૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 July 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૪ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# હોર્મુઝમાં ૨૦ ટકા ટોલ ટૅક્સ વસૂલશે અમેરિકા

## ખાડીની ફરી નાકાબંધી કરવાની જાહેરાત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે જહાજોને સલામત રીતે પસાર કરાવી આપવાનો આ ચાર્જ હશે

વૉશિંગ્ટનઃ મિડલ-ઇસ્ટમાં જબરજસ્ત યુદ્ધ ફાટી નીકળવાના ભણકારા ફરી વાગી રહ્યા છે અને એ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા હોર્મુઝની સામુદ્રધુનીમાં ઇરાન પર નાખવામાં આવેલો નાકાબંધી (બ્લોકેડ) ફરીથી લાગુ કરશે અને હવે જહાજોને હોર્મુઝની ખાડીમાંથી સલામત પસાર કરાવી આપવા માટે અમેરિકા ૨૦ ટકા ફી વસૂલશે.

તેમણે સોમવારે સોશ્યલ મીડિયા પર આ જાહેરાત કરી હતી. આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગને લઈને અમેરિકા અને ઇરાન વચ્ચે થયેલા તાજેતરના ગોળીબાર બાદ તેમણે આ નિર્ણય લીધો છે. યુદ્ધની શરૂઆત પહેલાં વિશ્વનું પાંચમા ભાગનું તેલ અને ગેસ આ સામુદ્રધુનીમાંથી પસાર થતું હતું, જે બાદમાં ઇરાને તેના પર પોતાનું નિયંત્રણ જમાવી લીધું હતું. ઇરાન અને અમેરિકાની હોર્મુઝ સામુદ્રધુની માટેની લડાઈ ભીષણ અને વિકરાળ બનતી જાય છે અને અમેરિકા અને ઇરાન બન્ને આના પર કબજો હોવાનું ભારપૂર્વક જણાવે છે. આ દાવા અને પ્રતિદાવાને લીધે મુત્સદ્દીગીરી પરાસ્ત થઈને ફરી પાછું ફુલ સ્કેલ યુદ્ધ ફાટી નીકળે તો નવાઈ નહીં.

ઇરાને રવિવારે ઓમાનના સમુદ્રતટની નજીક એક કન્ટેનર શિપ પર હુમલો કર્યો હતો. આના પરથી એ વાત ફરી રેખાંકિત થઈ હતી કે જે જળમાર્ગથી વિશ્વના પાચમા ભાગનું તેલ અને વાયુનું પરિવહન થાય છે એ માર્ગ વાટાઘાટોનો ચાવીરૂપ મુદ્દો છે. ઈરાનના અખાત આગળનો આ સાંકડો જળમાર્ગ યુદ્ધની શરૂઆતથી ઝઘડાનું મૂળ રહ્યો છે. વાસ્તવિક રીતે ઇરાનનો આના પર કબજો છે અને તે મનમાં આવે ત્યારે કમર્શિયલ શિપ પર હુમલો કરીને શિપિંગ કંપનીઓને ડરાવે છે.

ઇરાન અને અમેરિકાએ ૬૦ દિવસની વચગાળાની સમજૂતી કરી છે અને હવે તે તેના મધ્યબિંદુ પર પહોંચી છે. આ સમજૂતીપત્ર યુદ્ધના કાયમી અંતનો આધાર બનવું જોઈતું હતું, પરંતુ એવું થયું નથી. આને બદલે હોર્મુઝ ખાડીમાં હુમલા થયા છે અને વિશ્વના નેતાઓને ચિંતા પેસી છે કે આને લીધે અમેરિકા અને ઈરાન વચ્ચે સંપૂર્ણ યુદ્ધ ફાટી નીકળશે. સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરીસે એક નિવેદનમાં કહ્યું છે કે જો અમેરિકા અને ઇરાન વચ્ચે સંપૂર્ણ લડાઈ ફાટી નીકળશે તો એનાં ભયંકર પરિણામો આવશે.

સેન્ટ્રલ કમાન્ડે દાવો કર્યો છે કે અમે એર ડિફેન્સ સિસ્ટમ, રડારના સ્થળ, મિસાઈલ અને ડ્રોન ઉપકરણો પર બારેક જેટલા હુમલા કર્યા હતા. હોર્મુઝ એ વૈશ્વિક વેપારનો મહત્ત્વનો કોરિડોર છે અને ઇરાન એના પર નિયંત્રણ ધરાવતું નથી.

યુરોપિયન નેશનના ટોચના ડિપ્લોમેટ કાજા કાલાસે પણ હોર્મુઝની ખાડી યુદ્ધ પહેલાં હતી એમ ખુલ્લી કરવાની જાહેરાતની માગણી કરી છે.

દેશના ઈસ્લામિક શાસનમાં મુખ્ય

(જુઓ પાનું ૨)

# લૉર્ડ્સમાં લાજ રાખી ભારતીય દીકરીઓએ

## ક્રિકેટના મક્કા પર ઇંગ્લૅન્ડની સામે ટેસ્ટ ભારતીય મહિલા ટીમ ૨૭૦ રને જીતી

લોર્ડ્સઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે લોર્ડ્સમાં ઇંગ્લેન્ડને ૨૭૦ રનથી હરાવીને પ્રથમ મહિલા ટેસ્ટ જીતીને ઇતિહાસ રચ્યો હતો. લોર્ડ્સના ૧૪૨ વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં આ પહેલી વાર હતું જ્યારે આ પ્રતિષ્ઠિત મેદાન પર મહિલા ટેસ્ટ મેચ રમાઈ હતી અને ભારતે શાનદાર રીતે જીતીને આ ઐતિહાસિક મેચને યાદગાર બનાવી દીધી હતી. ચોથા દિવસે સવારે ઇંગ્લેન્ડની બીજી ઇનિંગને ૧૮૬ રનમાં ઓલઆઉટ કરીને ભારતે મેચ જીતી લીધી હતી. ઇંગ્લેન્ડ સામે જીતવા માટે ૪૫૭ રનનો વિશાળ લક્ષ્યાંક હતો, પરંતુ યજમાન ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી નહીં. ભારતને અંતિમ દિવસે જીતવા માટે માત્ર ચાર વિકેટની જરૂર હતી, જે તેમણે પહેલા સત્રમાં જ મેળવી લીધી હતી.

આ વિજય સાથે ભારતે લોર્ડ્સના ઇતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું એટલું જ નહીં, પરંતુ ઇંગ્લેન્ડની ધરતી પર મહિલા ટેસ્ટ ક્રિકેટમાં પોતાનો અજેય રેકોર્ડ પણ જાળવી રાખ્યો હતો. ભારતે પ્રથમ ઇનિંગમાં ૨૮૫ રન ફટકાર્યા હતા. ઓપનર સ્મૃતિ મંધાનાએ શાનદાર ૮૩ રન સાથે ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌર અને અનુભવી ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ પણ અડધી સદી ફટકારી ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચવામાં મદદ કરી હતી. જવાબમાં ઇંગ્લેન્ડ પ્રથમ ઇનિંગમાં ૧૭૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ઝડપી બોલર ક્રાંતિ ગૌડે શાનદાર બોલિંગ કરી પાંચ




સેલિબ્રેશનઃ ઈંગ્લૅન્ડના લંડન ખાતે સોમવારે ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની વુમન્સ રૉથર્સ ટેસ્ટ ક્રિકેટ મેચના ચોથા દિવસે વિજય મેળવ્યા બાદ ટ્રોફી સાથે ઉજવણી કરી રહેલી ભારતની મહિલા ક્રિકેટ ટીમ. (એજન્સી)

(જુઓ પાનું ૨)

# ચંદા-ચોરીઃ બદરીનાથ-કેદારનાથ સમિતિના સસ્પેન્ડેડ સભ્યની ધરપકડ

દહેરાદૂનઃ ઉત્તરાખંડ પોલીસે રવિવારે રાત્રે મંદિરમાં દાનના સંચાલનમાં કથિત અનિયમિતતાઓના સંદર્ભમાં શ્રી બદરીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી)ના સસ્પેન્ડ કર્મચારી પ્રમોદ નૌટિયાલની તેના નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી, એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું.

ચમોલી પોલીસ નૌટિયાલને બદરીનાથ લઈ ગયા હતા, જ્યાં તેની પૂછપરછ ચાલી રહી છે, એમ ચમોલીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક સુરજીત સિંહ પનવરે જણાવ્યું હતું.

પનવરે જણાવ્યું હતું કે મંદિર સમિતિના અધિકારી યુદ્ધવીર ફરસવાનની ફરિયાદના આધારે આઠ જુલાઈના રોજ બદરીનાથ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં નૌટિયાલ પર મંદિરના પ્રસાદની ઉચાપતનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

એસએસપીના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસ અને સીસીટીવી ફૂટેજ દર્શાવે છે કે નૌટિયાલે કથિત રીતે કેટલીક વસ્તુઓ અને રોકડ રકમ લઈ લીધી હતી અને આ પુરાવાના આધારે, તેમની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, મંગળવારે મોડી રાત્રે બીકેટીસી ચેરમેનના અંગત સહાયક તરીકે ફરજ બજાવતા નૌટિયાલ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

બીકેટીસીની ચાર સભ્યની તપાસ સમિતિએ નૌટિયાલ સામે દાન વ્યવસ્થાપનમાં ગેરરીતિના આરોપોને પ્રથમ દૃષ્ટિએ સાચા માન્યા હતા. બીકેટીસી એક વૈધાનિક સંસ્થા છે જે ઉત્તરાખંડમાં બદ્રીનાથ મંદિર અને અન્ય મંદિરોનું સંચાલન કરે છે.

નૌટિયાલની ધરપકડથી શાસક ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શબ્દયુદ્ધ શરૂ થયું હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને ભૂતપૂર્વ બીકેટીસી પ્રમુખ ગણેશ

(જુઓ પાનું ૨)

# જૂનમાં ભારતની નિકાસ ૧૫.૫ ટકા વધી

નવી દિલ્હીઃ જૂનમાં ભારતની નિકાસ વાર્ષિક ધોરણે ૧૫.૫ ટકા વધીને ૪૦.૪૧ અબજ ડોલર થઈ, જ્યારે આયાતમાં વધારાને કારણે વેપાર ખાધ પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગઈ, જે મુખ્યત્વે ક્રૂડ ઓઇલના ઊંચા ભાવને કારણે હતી.

મહિના દરમિયાન ક્રૂડ ઓઇલની આયાત ૪૦ ટકા વધીને ૧૯.૩૨ અબજ ડોલર થઈ, જ્યારે જૂનમાં દેશની કુલ વેપારી આયાત લગભગ ૩૧ ટકા વધીને ૭૦.૮૪ અબજ ડોલર થઈ હતી.

જૂનના પ્રથમ પખવાડિયામાં, તેલના ભાવ પ્રતિ બેરલ લગભગ ૯૦ ડોલર હતા. કિંમતો હવે પ્રતિ બેરલ ૮૦ ડોલરથી નીચે આવી ગઈ છે. કિંમતી ધાતુઓ, ઇલેક્ટ્રોનિક્સ અને મશીનરીના ઇનબાઉન્ડ શિપમેન્ટે પણ ગત મહિના દરમિયાન દેશના આયાત બિલને વેગ આપ્યો હતો.

જૂન મહિનામાં ઇલેક્ટ્રોનિક્સ, મશીનરી અને સોનાની આયાત ૫૮.૭૭ ટકા વધીને અનુક્રમે ૧૩.૪ અબજ ડોલર, ૩૦.૯ ટકા વધીને ૫.૮ અબજ ડોલર અને ૭ ટકા વધીને લગભગ ૨ અબજ ડોલર થઈ હતી.

આ નાણાકીય વર્ષમાં એપ્રિલ-જૂન દરમિયાન નિકાસ ૧૫.૯૨ ટકા વધીને ૧૨૯.૩૨ અબજ ડોલર થઈ છે, જ્યારે આયાત ૧૯.૮૯ ટકા વધીને ૨૧૬.૧૮ અબજ ડોલર થઈ હતી. એપ્રિલ-જૂન ૨૦૨૬-૨૭ દરમિયાન વેપાર ખાધ ૮૬.૮૬ અબજ ડોલર હતી જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૬૮.૭૫ અબજ ડોલર હતી. જૂન ૨૦૨૫માં વેપાર ખાધ ૧૯.૧ અબજ ડોલર અને આ વર્ષે જાન્યુઆરીમાં ૩૪.૬૮ અબજ ડોલર હતી.

આ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સોનાની આયાત વધીને ૧૧.૦૧ અબજ ડોલર થઈ, જે ગયા વર્ષના એપ્રિલ-જૂનમાં ૭.૪૯ અબજ ડોલર હતી.

# રામમંદિરની દાન-ચોરીની તપાસ ક્યાં પહોંચીઃ? સુપ્રીમ કોર્ટનો સવાલ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે અયોધ્યાના રામમંદિરના દાન-ચોરીની તપાસ કરવા માટે ઉત્તર પ્રદેશ સરકારે રચેલી સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સિટ)ને તેની તપાસનો તાજો અહેવાલ આપવા જણાવ્યું હતું.

મુખ્ય ન્યામૂર્તિ સૂર્યકાન્ત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જિસ્ટસ વી. મોહનની બનેલી ડિવિઝન બેન્ચે દાનમાં ઉચાપતની નિષ્પક્ષ અને સમયબદ્ધ તપાસ માગતી અરજીઓ પર શ્રી રામ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ મોકલાવી હતી.

ત્રણ અરજદારમાંના એક નરેન્દ્ર કુમાર ગોસ્વામી એ આ બાબતમાં સીબીઆઈ તપાસ કરવાની દાદ સર્વોચ્ચ અદાલતાં માગી હતી. ગોસ્વામીએ ટ્રસ્ટના ફાયનાન્સનું કમ્પટ્રોલર ઍન્ડ ઓડિટર મારફતે ઓડિટ કરાવાની માગણી કરી છે. રામ મંદિરનું મેનેજમેન્ટ આ ટ્રસ્ટના હાથમાં છે.

અજય કૂમાર રાય અને દિનેશ કુમાર યાદવે પણ આવી જ માગણી સાથે બીજી અરજી કરી હતી

અગાઉ જસ્ટિસ બી. વી. નાગરત્નાની આગેવાની હેઠળની બેન્ચે એક અજદારને આ કેસનો ઉલ્લેખ તરત સુનાવણી માટે પછીની તારીખે કરવાનું કહ્યું હતું. ઍડવોકેટ અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવે તેમની

(જુઓ પાનું ૨)

# ઊંઝાના પ્રખ્યાત જીરું અને વરિયાળીને મળ્યું ‘જીઆઈ ટેગ’, ખેડૂતોની મહેનતને મળી વૈશ્વિક ઓળખ!

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સમૃદ્ધ અને ખંતીલા કૃષિ ક્ષેત્ર માટે એક ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, જેમાં મહેસાણા જિલ્લાના ઊંઝાના પ્રખ્યાત જીરું અને વરિયાળીને સત્તાવાર રીતે જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યું છે. આ નોંધપાત્ર સિદ્ધિ ઊંઝાના સમૃદ્ધ કૃષિ વારસા, તેની અધિકૃતતા અને વિશ્વસ્તરીય ગુણવત્તાની ઓળખ સમાન છે. આ જીઆઈ ટેગ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી), ઊંઝાના નામે ક્લાસ ૩૦ (મસાલા) હેઠળ નોંધવામાં આવ્યો છે.

આ પ્રક્રિયામાં ગુજરાત સરકારના બાગાયત નિયામક, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સરદારકૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી અને એન્ટરપ્રીન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ માન્યતા મળવાથી દેશી અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ઊંઝાના જીરું અને વરિયાળીની વિશિષ્ટ ઓળખ અને ગુણવત્તાના ધોરણો વધુ મજબૂત બનશે.

થોડા દિવસ પહેલા જ રાજકોટ જિલ્લાના જસદણ શહેર અને તાલુકાની સદીઓ જૂની અને પ્રખ્યાત ‘જસદણ પટારી’ની પરંપરાગત સુશોભિત પેટી,પટારાની હસ્તકલાને વર્ષ ૨૦૨૫-૨૬ માટે સત્તાવાર રીતે જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યું હતું.

# બેંગકોકના પબની આગમાં ૨૭ ભડથું

બેંગકોકઃ થાઇલેન્ડની રાજધાની બેંગકોકના બોર્ડર વિસ્તારમાં આવેલા ’રોન્ગ બીયર ના લાટ ફારઓ’ નામના એક પબમાં રવિવારે મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૨૭ લોકોનાં મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર - શરૂઆતમાં સ્ટેજ પાસેના સર્કિટ બ્રેકરમાંથી ધુમાડો નીકળ્યો અને લાઈટ જતી રહી, ત્યારબાદ જોરદાર ધડાકો થયો. આગ એટલી ઝડપથી ફેલાઈ કે ગણતરીની મિનિટોમાં જ આખા પબને પોતાની ઝપેટમાં લઈ લીધું. એવું માનવામાં આવી રહ્યું છે કે મોટાભાગના લોકોના મોતનું કારણ ધુમાડો હતો. ઘણા મૃતદેહો પાછળના ભાગે આવેલા ટોયલેટમાંથી મળ્યા હતા, જ્યાં કોઈ એક્ઝિટ ગેટ નહોતો.

થાઇલેન્ડના વડાપ્રધાન અનુતિન ચાર્નવિરાકુલે સોમવારે વહેલી સવારે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમના જણાવ્યા અનુસાર, જે લોકો બચી ગયા તેમણે જણાવ્યું કે આગ લાગ્યા બાદ પબમાં ઝડપથી ધુમાડો ફેલાઇ ગયો હતો, જેના કારણે ઘણા લોકોને પાછળના ભાગમાં આવેલા

(જુઓ પાનું ૨)

# ચાંદીપુરા વાઈરસથી ત્રણના મોત, સાત બાળકના રિપોર્ટ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોને પગલે આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાને રાજ્યમાં આ વાયરસના નિયંત્રણ, દર્દીઓની સારવાર અને સર્વેલન્સની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે. ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ સાથે આરોગ્ય વિભાગ દ્વારા ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની મદદ લઈને રાજ્યના તમામ ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઇડલાઇન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડોક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય, તેમ તેમણે ઉમેર્યું હતું.

# મોંઘવારીનો બૉમ્બ ફૂટ્યોઃ જૂનમાં વધીને ૪.૩૮ ટકા

નવી દિલ્હીઃ જૂનમાં રિટેલ ફુગાવાનો દર વધીને ૪.૩૮ ટકા થયો હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા સોમવારે બહાર પાડવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

ખાદ્યસામગ્રીના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવાનો દર આરબીઆઈએ મુકરર કરેલા ચાર ટકા કરતાં વધુ રહ્યો હતો.

આ વર્ષના જાન્યુઆરીથી અમલી બનેલી નવી શ્રેણી અંતર્ગત પ્રથમ જ વાર રિટેલ ફુગાવાના દરે ચાર ટકાનો આંક વટાવ્યો હતો. નવી શ્રેણીનું બૅઝ વર્ષ ૨૦૨૪ છે.

જૂન મહિનામાં ફુગાવા આધારિત કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ) મે મહિનાના ૩.૯૩ ટકાથી વધીને ૪.૩૮ ટકા થયો હતો. જૂન મહિનામાં ખાદ્યસામગ્રીની મોંઘવારીનો આંક મે મહિનાના ૪.૭૮ ટકાથી વધીને ૫.૩૨ ટકા થયો હોવાનું નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. (એજન્સી)

# ભારત-અમેરિકા વેપાર કરારનું માળખું તૈયાર, યોગ્ય સમયે સહીસિક્કાઃ નવી દિલ્હી

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચેના વેપારી કરારનું માળખું તૈયાર છે અને વાટાઘાટ સારી રીતે આગળ વધી રહી છે. યોગ્ય સમયે કરાર પર સહી કરવામાં આવશે, એમ અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

ભારત આ કરારમાં પ્રતિસ્પર્ધી દેશોને સરખામણીએ ટૅરિફને મુદ્દે વધુ લાભની માગણી કરી રહ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમેરિકા સાથે આ મુદ્દે વ્યાપક ચર્ચા થઈ છે. કરારના માળખા અને બાયલેટરલ ટ્રેડ એગ્રીમેન્ટ (બીટીએ)ને મામલે વાટાઘાટ ચાલી રહી છે અને તેમાં સારી પ્રગતિ થઈ રહી છે, એમ તેમણે કહ્યું હતું.

વેપાર અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલ અને અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જૅમિસન ગ્રીસે ગયા મહિને બીટીએને મુદ્દે પ્રથમ તબક્કા સંબંધિત દ્વિપક્ષી મંત્રણા કરી હતી.

કરારના માળખા અંગે બંને પક્ષ સ્પષ્ટ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બંને દેશ વચ્ચે દ્વિપક્ષી વેપાર વધી રહ્યો છે. ભારત પણ અમેરિકા પાસેથી ઊર્જાની આયાત વધારી રહ્યું છે એટલે કરારને મામલે બંને દેશ વચ્ચે કોઈ નકારાત્મકતા કે મતભેદ નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગૌહત્યા વિરોધી દેશવ્યાપી કાયદો કેમ નથી બનતો?

**તમિળનાડુમાં** ગૌવંશ એટલે કે ગાય અને વાછરડાના વધ પર રાજ્યવ્યાપી પ્રતિબંધ મૂકવાનો આદેશ આપતા મદ્રાસ હાઈ કોર્ટના ફરમાનને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધું એ સાથે જ દેશમાં ગૌવંશની હત્યાનો મુદ્દો પાછો ચર્ચામાં છે. ૨૭ મે, ૨૦૨૬ના રોજ કોઈમ્બતુરના સજજન કે. સૂર્યપ્રશાંતે જાહેર હિતની અરજી (પીઆઇએલ) કરીને બકરીઈદના દિવસે તમિળનાડુમાં ગૌવંશની હત્યા પર પ્રતિબંધની માગ કરી હતી. મદ્રાસ હાઈ કોર્ટે માત્ર બકરી ઈદ જ નહીં પણ વરસના ત્રણસો ને પાંસઠ દિવસ ગૌવંશની હત્યા પર પ્રતિબંધનું ફરમાન કરી દીધેલું. હાઈકોર્ટનો દાવો હતો કે. બંધારણની કલમ ૪૮, તમિળનાડુ એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૫૮ તથા ૧૯૭૬ના રાજ્ય સરકારના આદેશ હેઠળ તમિળનાડુમાં ગૌવંશની હત્યા પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. તમિળનાડુ સરકારે આ ફરમાનને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું હતું. સુપ્રીમ કોર્ટે વિજય સરકારની અરજી માન્ય રાખીને પ્રતિબંધને ફગાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે એવું પણ કહ્યું છે કે, હાઈ કોર્ટના આદેશમાં સુધારાની જરૂર છે તેથી તેનો હમણાં અમલ કરી શકાય તેમ નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદાના પગલે રાજકારણ પણ શરૂ થયું છે ને દેશવ્યાપી પ્રતિબંધનું કોરસ પણ શરૂ થયું છે. વાસ્તવમાં ભારતમાં ગૌહત્યાના મામલે રાજકારણ ચાલ્યા જ કરે છે અને ગૌહત્યા પર સમગ્ર દેશમાં પ્રતિબંધની માગ પણ થયા કરે છે પણ કેન્દ્ર સરકારને એવો કાયદો બનાવવામાં રસ નથી. હિંદુવાદી સંગઠનો ગૌહત્યા પર દેશવ્યાપી પ્રતિબંધની તરફેણમાં છે અને એકાદ દાયકા પહેલાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મુખિયા મોહન ભાગવતે પોતે ગૌહત્યા વિરોધી દેશવ્યાપી કાયદો બનાવવાની હાકલ કરેલી પણ મોદી સરકારે તેમની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી હતી. ૨૦૧૭માં ભાજપ ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં જીત્યો પછી ગૌરક્ષાના મુદ્દે બહુ ધમધમાટ થયેલો. ગૌરક્ષાના નામે મુસ્લિમોની ધોકાવાળી કરવાના ઘણા કિસ્સા પણ બન્યા હતા.

ગુજરાતમાં એ વખતે પાટીદાર આંદોલને ભાજપના પાયા હચમચાવી નાખેલા તેથી ભાજપે હિંદુ મતદારોને આકર્ષવા ગૌરક્ષા સામે કડક કાયદો બનાવી નાંખેલો. ગૌવંશની હત્યા માટે આજીવન કારાવાસ ને ગૌવંશના માંસની હેરફેર કરતાં વાહનોને કાયમ માટે જપ્ત કરી લેવા સહિતની આકરી જોગવાઈઓ આ કાયદામાં છે. ગુજરાત સરકારે ખરડો પસાર કર્યો તેના પગલે આખા દેશમાં આવો કડક કાયદો બનાવવાનું કોરસ શરૂ થયેલું. ભાગવતે પણ આ કોરસમાં જોડાઈને માગણી તો કરી નાખી પણ મોદી સરકારે ભાવ નહોતો આપ્યો.

ભાજપે ભાગવતની વાત ના ગણકારી તેનું મુખ્ય કારણ બંધારણીય જોગવાઈ છે. બંધારણીય જોગવાઈ પ્રમાણે, પશુઓની કતલ રોકવી એ રાજ્ય સરકારનો વિષય છે. બંધારણમાં ગૌહત્યા પર પ્રતિબંધનો રાજ્ય સરકારો માટે નિર્દેશાત્મક સિદ્ધાંત તરીકે સ્વીકાર કરાયો છે પણ રાજ્યોને ગૌહત્યા પ્રતિબંધનો કાયદો ઘડવાની ફરજ પાડી શકાતી નથી કેમ કે પશુઓને લગતા કાયદાઓનો સમાવેશ બંધારણના સાતમા શિડ્યુલમાં રાજ્ય સરકારોએ બનાવવાના કાયદાના લિસ્ટમાં કરાયો છે.

દરેક રાજ્યની પરંપરાઓ અને સામાજિક માળખાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારને અલગ અલગ પશુઓની કતલ રોકવા માટે કાયદો બનાવવાનો અધિકાર બંધારણે આપ્યો છે. આ બંધારણીય જોગવાઈને અનુસરીને એ વખતે દેશનાં ૨૯ રાજ્યોમાંથી ૨૪ રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ હતો. આ પૈકી ૨૧ રાજ્યોમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ હતો જ્યારે ત્રણ રાજ્યોમાં ગૌવંશ નકામું થઈ ગયું છે તેવું સર્ટિફિકેટ આપો તો કતલની મંજૂરી મળે એવો કાયદો હતો. અત્યારે પણ એ જ સ્થિતિ છે કેમ કે એ પછીનાં વરસોમાં કોઈ રાજ્ય સરકારે નવો કાયદો બનાવ્યો નથી.

આ કારણે પશ્ચિમ બંગાળ, કેરળમ, અરૂણાચલ પ્રદેશ, આસામ, ગોવા, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા આ આઠ રાજ્યોમાં ગૌવંશની કતલ કાનૂની રીતે માન્ય છે જ્યારે બાકીનાં રાજ્યોમાં પ્રતિબંધ છે. રસપ્રદ વાત એ છે કે, ગૌહત્યા પર પ્રતિબંધ નથી એવાં રાજ્યોમાંથી મોટા ભાગના ભાજપ શાસિત છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ હમણાં સત્તા પર આવ્યો પણ આસામા, ગોવા, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ વગેરે રાજ્યોમાં ભાજપ વરસોથી સત્તા પર હોવા છતાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી એ સૂચક છે.

કેન્દ્ર સરકાર ગૌહત્યાનો રાષ્ટ્રવ્યાપી કાયદો બનાવવો હોય તો બંધારણીય સુધારો કરીને ગાયને અન્ય પશુઓથી અલગ કરવી પડે અને ગાયો માટે અલગથી કાયદો બનાવવો પડે. પહેલાં ભાજપ પાસે રાજ્યસભામાં બહુમતી નહોતી તેથી એ કાયદો પસાર થઈ શકે તેમ નહોતો પણ ભાજપની રાજ્ય સરકારો એવો કાયદો ચોક્કસ બનાવી શકે છતાં ભાજપ શાસિત સંખ્યાબંધ રાજ્યોમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી કેમ કે ભાજપ મતબેંકના એંગલથી બધું જુએ છે.

હિંદુવાદની અસર પ્રબળ છે અને ગાયને માતા માનીને પૂજવામાં આવે છે એ રાજ્યોમાં ભાજપે કાયદા બનાવી દીધા પણ જ્યાં આ લાગણી પ્રબળ નથી ત્યાં ભાજપને ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધમાં કોઈ રસ નથી. ભાજપના નેતાઓમાં જ એક વર્ગ ગૌમાંસ પર સંપૂર્ણ પ્રતિબંધની માગ કરે છે ત્યારે કિરેન રિજિજુ જેવા ઉત્તર-પૂર્વમાંથી આવતા નેતા પોતે બીફ એટલે કે ગૌમાંસ ખાતા હોવાનું ગર્વથી કહે છે. કોઈને આ બેવડાં ધોરણો લાગે પણ આ બેવડાં ધોરણ નથી. હિંદુઓમાં જ ગૌમાંસ ખાવા મુદ્દે અલગ અલગ મત પ્રવર્તે છે. ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતના હિંદુઓમાં ગૌમાંસને વર્જિત ગણવામાં આવે છે પણ કેરળમમાં હિંદુઓનો એક વર્ગ ગૌમાંસ ખાવામાં કશું ખોટું નહીં હોવાનું માનીને ખાય છે. હિંદુઓ સર્વાનમુતે ગૌમાંસ ના ખાવું જોઈએ એવું માનતા હોય ને ભાજપ આ વાત ના સ્વીકારે તો બેવડાં ધોરણ કહેવાય. ઉત્તર-પૂર્વનાં ઘણાં રાજ્યોમાં હિંદુઓ બહુમતીમાં નથી ને બહુમતી પ્રજાને ગૌમાંસ ખાવામાં વાંધો નથી તેથી ભાજપ સરકારો આવા કાયદા ના બનાવે એ સમજી શકાય એવી વાત છે.

હિંદુઓ માટે ગાય પવિત્ર છે તેથી ગૌહત્યા ટાળીને બહુમતી પ્રજાની ધાર્મિક લાગણીને સાચવી શકાય તો સારું પણ હિંદુઓનો ગૌ-પ્રેમ પણ મોટો દંભ છે તેથી આ મુદ્દાને ગંભીરતાથી નથી લેવાતો. બહુમતી હિંદુઓ માટે ગાય આર્થિક પ્રવૃત્તિનું માધ્યમ છે. ગાય દૂઝણી હોય ત્યાં લગી તેને સાચવે પણ જેવી વસૂકી જાય કે તરત જ માલિકો પોતે તેને કતલખાને વેચી દેતા હોય છે કે રસ્તે રઝળતી છોડી દે છે. રસ્તે રઝળતી મોટા ભાગની ગાયો જે મળે એ કચરો ખાઈને જીવતી હોય છે. ઘણી ગાયો તો પ્લાસ્ટિક ખાઈને જીવ ગુમાવી દેતી હોય છે પણ હિંદુઓને તેની પડી નથી હોતી ને બકરી ઈદના દિવસે ગાય કપાય તેનાથી તેમની લાગણી દૂભાઈ જતી હોય તો એવી લાગણીની કોણ ચિંતા કરે ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૧૪–૭–૨૦૨૬, દર્શ અમાવસ્યા, અન્વાધાન

- ભારતીય દિનાંક ૨૩, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ–30
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ–30
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ગાથા–૪ વોહુક્ષથ્ર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ 30મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૪–૦૯ સુધી (તા. ૧૫), પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮–૪૮ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૨–૦૬, રાત્રે ક. ૨૩–૪૯
- ઓટઃ સાંજે ક. ૧૮–૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૦૪ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ – અમાવસ્યા. દર્શ અમાવસ્યા, અન્વાધાન, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ–ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અદિતિ પૂજન, વાંસ વાવવા, વૃક્ષ વાવવા, શ્રાદ્ધ તર્પણ, યજ્ઞ, ખેતીવાડીના કામકાજ, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન.
- આચમનઃ ચંદ્ર–બુધ યુતિ વાક્ચાતુર્યતા, ચંદ્ર–સૂર્ય યુતિ આધ્યાત્મિક સ્વભાવ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ યુતિ, ચંદ્ર–સૂર્ય યુતિ.
ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, વક્રી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–સિંહ, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# બંગાળના મદરેસાના કર્મચારીઓને કાયમી કરવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં મદરેસાના અંદાજે ૩૬૦ જેટલા શિક્ષક અને બિન-શિક્ષક કર્મચારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી કર્મચારીઓને નોકરીમાં કાયમ કરવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટે સોમવારે નકારી કાઢી હતી.

આ અરજીઓમાં રાજ્યની ગ્રાન્ટ-ઈન-એઈડ યોજના હેઠળ કર્મચારીઓના રેગ્યુલરાઈઝેશન અને વેતન ચુકવણી નકારવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને એ. જી. માસિહની બનેલી ખંડપીઠે ૩૫૦થી વધુ કર્મચારીઓમાંથી ૧૩ અરજકર્તાના કેસની તપાસ કરીને તેમને રાહત આપી શકાય એમ છે કે નહીં તેની ચકાસણી કરી હતી.

ખંડપીઠે કહ્યું હતું કે આ ૧૩ અરજકર્તામાંથી કોઈ એક પણ અમને તેના પક્ષમાં મનાવી શક્યો હોત તો તેવા સંજોગોમાં અમે બાકીના કેસની પણ તપાસ અને ચકાસણી કરી હોત, પરંતુ કમનસીબે આ ૧૩માંથી એક પણ અરજકર્તા અમને મનાવી શક્યો નથી અને એ જ કારણે અમે માત્ર તપાસ કરાયેલા ૧૩ અરજકર્તાઓની જ નહીં, પરંતુ તમામ અરજકર્તાઓની અરજી નકાર કાઢી છે, એમ ખંડપીઠે કહ્યું હતું. (એજન્સી)

# ગૌહત્યા બંધી ધારાની માગ કરતી અરજી સાંભળવાનો સુપ્રીમ કોર્ટનો નનૈયો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે ગૌવંશના કતલ થતા બચાવવા માટે રાજ્યોમાં ગૌહત્યા વિરોધી કાયદો લાગુ કરવાની માંગ કરતી અરજી અંગે સુનાવણી કરવાનો ઇનકાર કરી દીધો હતો.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મેહતાની ખંડપીઠે જ્યારે અરજી પર વિચારણા કરવાની અનિચ્છા વ્યક્ત કરી ત્યારે અરજદારના વકીલે કહ્યું કે તેઓ અરજી પાછી ખેંચી લેશે. અરજદારના વકીલે દલીલ કરી કે પ્રાણીઓના કતલ મામલે સુપ્રીમ કોર્ટના ૨૦૦૫ના ચુકાદાનો અધિકારીઓ દ્વારા અમલ કરવામાં આવી રહ્યો નથી.

ખંડપીઠે અરજદારના વકીલને કહ્યું કે જો કોઇ આદેશનું ઉલ્લંઘન થાય છે તો તમે અવમાનનાની અરજી દાખલ કરો. વડી અદાલતે અરજદારને અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી અને કાયદા અનુસાર અન્ય ઉપાયો અપનાવવાની સ્વતંત્રતા પણ આપી હતી.

આ અરજદારે કાયદા અનુસાર રાજ્યોને કતલખાનાઓનું નિયમન કરવા માટે માર્ગદર્શિકા જારી કરવા માટે નિર્દેશો આપવાની માંગ કરી હતી. આ અરજીમાં અધિકારીઓને તે કતલખાનાના સંચાલકો સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવાની પણ માંગ કરવામાં આવી હતી કે જેઓ હાલના હત્યા વિરોધી કાયદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

## પ્રજામત

### 'હું સોનલ ઝવેરી' ખૂબ જ સરસ અને રહસ્યમય નવલકથા

મુંબઈ સમાચારમાં તાજેતરમાં શરૂ થયેલી નવલકથા 'હું સોનલ ઝવેરી' ખૂબ જ સરસ અને રહસ્યમય છે. હજી પાંચ હપ્તા થયા, પણ દરેક હપ્તામાં એમ થાય કે હવે તો સોનલનો રાઝ ખૂલી જ જશે, પણ ના, વાર્તા એ બધાં જ ડમ્પર વટાવીને નૉન-સ્ટૉપ આગળ વધી રહી છે. આ ખરેખર તેના લેખક શ્રી માવજી મહેશ્વરીની અદ્ભુત શૈલીની કમાલ છે. આવી અદ્ભુત નવલકથા વાચકોને પીરસવા માટે લેખકશ્રી તથા મુંબઈ સમાચાર બન્નેને ખૂબ-ખૂબ અભિનંદન.

–અનિલ બી. સરૈયા
જામનગર

### અરવિંદભાઈ વેકરિયા – રંગભૂમિના ઉમદા કલાકાર

૨૪ જૂન, બુધવારના અરવિંદભાઈ વેકરિયાના દુખદ સમાચાર વાંચી આંખો અને અંતર અશ્રુભીનાં બન્યાં. પ્રત્યેક શુક્રવારે તેમની કૉલમ 'સાત્વિકમ શિવમ' લેખમાળા ૩૪૮ પ્રકરણો પર્યન્ત પ્રગટ થતી રહી અને વાચકોને રસથાળ પીરસતી રહી. તેઓ કહેતા કે ફક્ત પ્રભુની મૂર્તિ જ જાણે છે કે પૂજારી કેટલો ઇમાનદાર છે. કૉલમની નીચે ડબ્બલ રિચાર્જ લખવું એ તેમનો શોખ હતો. પ્રભુ આ રંગભૂમિના રસિક આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના.

–સુભાગ્ય વ્ર. પારેખ
અંધેરી

# બંગાળની રથયાત્રા સમિતિને પાંચ-પાંચ લાખ રૂપિયા અપાશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ સરકાર આ વર્ષે ૧૬ જુલાઈએ રથયાત્રા ઉત્સવ પહેલા રાજ્યભરની ૬૦ રથયાત્રા સમિતિને પાંચ-પાંચ લાખ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડશે, મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીએ સોમવારે એવી જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે આ પહેલનો હેતુ રાજ્યના ધાર્મિક વારસાને જાળવવાનો છે. શહેરમાં દર વર્ષે આટલી બધી રથયાત્રા ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. અગાઉ, રથયાત્રા દરમિયાન રાજ્ય સરકારની ભૂમિકા મોટાભાગે થોડા ટ્રાફિક પોલીસ કર્મચારીઓને તૈનાત કરવા સુધી મર્યાદિત હતી. અમારી સરકારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' ના વિઝનને અનુસરીને આ વર્ષની રથયાત્રામાં સક્રિયપણે ભાગ લેવાનું નક્કી કર્યું છે. સરકારે ૬૦ પ્રતિષ્ઠિત રથયાત્રા સમિતિઓને પાંચ લાખ રૂપિયાનું અનુદાન આપવાનું નક્કી કર્યું છે. અમે આ સ્થળોની મુલાકાત લેતા યાત્રાળુઓને મદદ કરવા માટે રાજ્યભરના ૭૫ પરંપરાગત રથયાત્રા મેળાઓમાં સેવા કેન્દ્ર પણ સ્થાપીશું, તેવું અધિકારીએ જણાવ્યું હતું. 'સેવા કેન્દ્રો' ઉત્સવ દરમિયાન મેળાઓમાં આવતા શ્રદ્ધાળુઓને આવશ્યક સહાય પૂરી પાડશે, એમ તેમણે જણાવ્યું હતું.

લાભાર્થીઓની યાદી પહેલી વાર તૈયાર કરવામાં આવી હોવાનું સ્વીકારતા, તેમણે જો કોઈ લાયક સમિતિને બાકાત રાખવામાં આવી હોય તો તેને સમજવાની અપીલ કરી હતી.

તેઓ વાર્ષિક રથયાત્રાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે રાજ્ય સચિવાલયમાં સંકલન બેઠકને સંબોધિત કરી રહ્યા હતા.

૧૬ જુલાઈના રોજ ઉજવાતી રથયાત્રા પહેલાની વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે સોમવારે સંકલન બેઠક બોલાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે સરકારે ત્રણ મુખ્ય યાત્રાધામ, તારકેશ્વર, જલપાઈગુડી જિલ્લામાં જલ્પેશ મંદિર અને ભૂટાન સરહદ નજીક જયંતિ વિસ્તારમાં એક મંદિર પસંદ કર્યા છે, જ્યાં યાત્રાળુઓને ખાસ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

આ સ્થળોએ પોલીસ સહાય શિબિરો, કામચલાઉ આરોગ્ય કેન્દ્રો, પીવાનું પાણી, ઓઆરએસ અને આરામ માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ આગામી શ્રાવણ મેળા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે શ્રેણીબદ્ધ અનેક પગલાંની પણ જાહેરાત કરી હતી.

# રામમંદિર માટે સીઈઓની નિમણૂક કરાશે

અયોધ્યાઃ રામ મંદિર તીર્થક્ષેત્ર ટ્રસ્ટે અયોધ્યાસ્થિત રામ મંદિર માટે ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર (સીઈઓ)ના હોદ્દા માટે અરજી મગાવી છે. અરજી સુપરત કરવાની અંતિમ તારીખ ૧૮મી જુલાઈ રાખવામાં આવી છે. સોશ્યલ મીડિયા પરની પોસ્ટમાં ટ્રસ્ટે જણાવ્યું હતું કે ૧૮મી જુલાઈએ સાંજે ચાર વાગ્યા સુધી અરજી સ્વીકારવામાં આવશે. રામ મંદિરને આપવામાં આવેલા દાનની રકમ અને અન્ય મૂલ્યવાન વસ્તુઓ બાબતે આચરવામાં આવેલી ગેરરીતિને ધ્યાનમાં રાખીને સીઈઓની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રામ મંદિર નિર્માણ કમિટીના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું હતું કે સીઈઓની જવાબદારી અને સત્તાની વ્યાખ્યા નક્કી કરવાની સંપૂર્ણ સત્તા ટ્રસ્ટની હશે. સીઈઓની પ્રાથમિક જવાબદારી શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને વિશ્વાસમાં પરિવર્તિત કરવાની હશે.

# જાહેર સ્થળોએ પૉર્ન પર બંધી મૂકવાનો સુપ્રીમનો ઇનકાર

નવી દિલ્હીઃ જાહેરસ્થળોએ કોઈ પણ પ્રકારની પોર્નોગ્રાફી સામગ્રી જોવા પર પ્રતિબંધ મૂકતો નિયમ ઘડી કાઢવાનો કેન્દ્ર સરકારને આદેશ આપવાની માગણી કરતી જનહિતની અરજી સુપ્રીમ કોર્ટે સોમવારે એમ કહીને નકારી કાઢી હતી કે આ નીતિવિષયક મુદ્દો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહનાની બનેલી ખંડપીઠે અરજી નકારી કાઢી અરજકર્તાને પ્રતિનિધિત્વ ધરાવતી સરકારી સત્તાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. ખંડપીઠે કહ્યું હતું કે નિઃશંકપણે ઉપાડી લેવામાં આવેલો આ મુદ્દો અતિ મહત્ત્વનો છે. આ વિષયમાં એવો કોઈ કાયદાકીય પ્રશ્ન સામેલ નથી જેની આ અદાલતે ચકાસણી કરવી જરૂરી હેય. આ નીતિવિષયક મુદ્દો છે અને તેના નિરાકરણ માટે ટૅક્નોલૉજી અને નિષ્ણાતોના મંતવ્યની જરૂર છે એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે આવા વિષયો નિષ્ણાતોના-ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી ખાતાના કાર્યક્ષેત્રમાં આવે છે. સુપ્રીમ કોર્ટ સમાજસેવક બી. એલ. જૈનની અરજીની સુનાવણી કરી રહી હતી. (એજન્સી)

# ચાલુ ટ્રેનમાં રુદ્રાભિષેકનો વીડિયો વાઈરલ થતા હોબાળો

નવી દિલ્હીઃ સોશ્યલ મીડિયામાં રેલવેના વાઇરલ વીડિયોએ જબરો વિવાદ જન્માવ્યો છે. આ વીડિયોમાં કેટલાક લોકો ટ્રેનના એક ડબ્બામાં કોઈ પૂજા-અર્ચના કરી રહ્યાં હોવાનું હતાં. આ વીડિયો વાયરલ થતા સોશ્યલ મીડિયામાં અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ હતી. વીડિયો સામે આવતા જ લોકો સવાલો ઉઠાવવા લાગ્યા કે શું હવે ચાલતી ટ્રેનમાં પણ આવા ધાર્મિક આયોજનો કરી શકાય? શું રેલવે પ્રશાસને આની મંજૂરી આપી હતી કે પછી આ નિયમોનું ઉલ્લંઘન છે?

વાઇરલ વીડિયોમાં એક પંડિતજી ટ્રેનની અંદર વિશેષ પૂજા અને મંત્રોચ્ચાર સાથે રુદ્રાભિષેક કરાવતા નજરે પડે છે. કોચની અંદર ધાર્મિક અનુષ્ઠાનની પૂરેપૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વીડિયો જાહેર થતાં જ લોકો બે પક્ષમાં વહેંચાઈ ગયા. કેટલાક લોકોએ તેને આસ્થા સાથે જોડીને યોગ્ય ગણાવ્યો, તો વળી અનેક લોકોએ ટ્રેનની અંદર આવા આયોજન કરવા બદલ સુરક્ષા અને નિયમો સામે ગંભીર સવાલો ઉભા કર્યા હતાં. વિવાદ સતત વધતા આખરે રેલવેએ આ મામલે સત્તાવાર સ્પષ્ટતા કરી છે.

રેલવેએ આ સમગ્ર વિવાદ પર સ્પષ્ટતા કરતા કહ્યું કે, વીડિયોમાં દેખાતો ડબ્બો કોઈ સામાન્ય મુસાફરો માટેનો પેસેન્જર કોચ નહોતો, પરંતુ તે વ્યવસાયિક ધોરણે બુક કરાયેલો એક સ્પેશ્યલ 'સેલૂન કોચ' હતો. સંબંધિત પાર્ટીએ આઇઆરસીટીસી મારફતે આ ખાસ કોચને આઠમી જુલાઈ, ૨૦૨૬ના રોજ એડવાન્સમાં ૩,૦૮,૫૮૦ રૂપિયા ચૂકવીને નિયમ પ્રમાણે બુક કરાવ્યો હતો. તમામ નિયમો અને ઔપચારિકતાઓ પૂરી કર્યા બાદ જ આ સલૂન કોચ ફાળવવામાં આવ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### બેંગકોકના પબની

બાથરૂમ તરફ ભાગવાની ફરજ પડી હતી. અનુતિને જણાવ્યું કે, ''અમે ૨૭ મૃતદેહો બહાર કાઢ્યા છે, બાકીના લોકોને હોસ્પિટલ મોકલવામાં આવી રહ્યા છે.''

તેમણે ઉમેર્યું કે પબમાં હાજર મ્યુઝિશિયના જણાવ્યા મુજબ સ્ટેજ પાસે લાગેલા સર્કિટ બ્રેકરમાંથી ધુમાડો નીકળ્યો, ત્યાર પછી લાઇટ જતી રહી અને ધડાકો થયો.

બેંગકોક મેટ્રોપોલિટન એડમિનિસ્ટ્રેશનના અધિકારી સુરિયાચાઈ રાવિવાને જણાવ્યું કે આ ઘટનામાં ઘાયલ થયેલા અન્ય ૬૩ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બેંગકોકના ગવર્નર ચાડચાર્ટ સિટ્ટીપુંટે પત્રકારોને જણાવ્યું કે ઘાયલ અને હોસ્પિટલમાં દાખલ લોકોમાંથી ૨૨ની હાલત ગંભીર છે. એટલે કે મૃત્યુઆંક હજુ વધી શકે છે.

### રામમંદિરની દાન-ચોરી

અરજીમાં કહ્યું હતું કે કથિત નાણાકીય ગેરરીતિની તપાસ સીબીઆઇની આગેવાની હેઠળની બહુસ્તરીય સમિતિ દ્વારા થવી જોઈએ. રાયે અરજીમાં દદ ચાહી હતી કે કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને ટ્રસ્ટને લોકોનું હિત જાળવવા અને લાખો રામભક્તો અને તેમના દાતાનો વિશ્વાસ જાળવી રાખવા નિમાયક, નિરીક્ષક અને ઓડિટની યંત્રણા ઊભી કરવાનો આદેશ આપે. આવા અહેવાલને લીધે અયોધ્યાનું ગૌરવ જાળવવા સંઘર્ષ કરનાર પેઢીઓમાં ચિતા ઊભી કરી છે. (એજન્સી)

### ચંદા-ચોરીઃ બદરીનાથ

ગોડિયાલે તપાસ પર પ્રશ્ન ઉઠાવ્યો છે, આરોપ લગાવ્યો છે કે ધરપકડ કરાયેલ કર્મચારી પર અન્ય કોઈ વ્યક્તિનું નામ ન લેવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે.

ગોડિયાલે કહ્યું કે જ્યાં સુધી બીકેટીસી પ્રમુખ સામે કાર્યવાહી કરવામાં નહીં આવે અને તેમને તેમના પદ પરથી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી તપાસ પર વિશ્વાસ કરી શકાય નહીં.

ભાજપ પ્રદેશ પ્રમુખ મહેન્દ્ર ભટ્ટે કહ્યું કે બદ્રીનાથ મંદિરમાં પ્રસાદની કથિત ઉચાપત એક ગંભીર પાપ છે.

તેમણે કહ્યું કે સરકાર કોઈપણ ગુનેગારોને રક્ષણ આપશે નહીં અને દોષિત ઠરેલા દરેક સામે કડક કાર્યવાહી કરશે. નૌટિયાલની ધરપકડથી સ્પષ્ટ થાય છે કે સરકાર નિષ્પક્ષ કાર્યવાહી કરી રહી છે. ઉત્તરાખંડ સરકારે ગયા અઠવાડિયે આરોપોની તપાસ માટે ત્રણ સભ્યની તપાસ સમિતિની રચના કરી હતી. ગઢવાલ ડિવિઝન કમિશનર આ સમિતિના અધ્યક્ષ છે, જે રાજ્ય સરકારને તેના તારણો અને ભલામણો સુપરત કરશે.

બદરીનાથ મંદિરમાં દાનની ગણતરી દરમિયાન ગેરરીતિઓના આરોપો સોશ્યલ મીડિયા પર સામે આવ્યા બાદ આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. ત્યારબાદ, 'ભૈરવ સેના' નામના સંગઠને ફરિયાદ નોંધાવી હતી, જેમાં આ મામલે તપાસ અને એફઆઈઆર નોંધવાની માગ કરવામાં આવી હતી.

### હોર્મુઝમાં ૨૦

સત્તાકેન્દ્ર રિવોલ્યુશનરી ગાર્ડે અમેરિકાના નિવેદનને નકારી કાઢ્યું હતું. ગાર્ડ દેશની મિસાઈલ પર કબજો જમાવે છે. રિવોલ્યુશનરી ગાર્ડે કહ્યું હતું કે હોર્મુઝની ખાડી એ અમારી સંપત્તિ છે અને અમે દુષ્ટ અને બાળકોની હત્યા કરનારા લશ્કરને અહીં ગેરકાયદે દરમિયાનગીરી નહીં કરવા દઈએ. અમેરિકનાં નૌકાદળનો પાચમો કાફલો જ્યાં છે તે બાહરિનમાં ત્રણ વાર સાયરન વાગ્યાં હતાં. કુવૈતે કહ્યું હતું કે અમે ભયંકર હુમલાને ખાળ્યા હતા. કોઈ પણ દેશમાં નુકસાન થવાના અહેવાલ નથી. (એજન્સી)

### લૉર્ડ્સમાં લાજ

વિકેટ લીધી હતી. પ્રથમ ઇનિંગના આધારે ભારતે ૧૧૫ રનની મહત્ત્વપૂર્ણ લીડ મેળવી હતી.

ભારતે બીજા દાવમાં પણ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. સ્મૃતિ મંધાનાએ ઉપયોગી ૭૦ રન કર્યા હતા જ્યારે યાસ્તિકા ભાટિયાએ શાનદાર ૧૧૩ રન ફટકાર્યા હતા. અંતે ઋષા ઘોષે માત્ર ૫૨ બોલમાં અણનમ અડધી સદી ફટકારી ઇંગ્લેન્ડને ૪૫૭ રનનો પડકારજનક લક્ષ્યાંક આપ્યો હતો.

આટલા મોટા લક્ષ્યનો પીછો કરતા ઇંગ્લેન્ડની ટીમ નિષ્ફળ ગઈ હતી. આખી ટીમ ૧૮૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. બંને ઇનિંગ્સમાં ફક્ત એમી જોન્સે પડકાર આપ્યો હતો. આમ ભારતે ૨૭૦ રનથી મેચ જીતી હતી.

આ ભારતીય મહિલા ટીમનો ઇંગ્લેન્ડની ધરતી પર ૧૧મી ટેસ્ટ હતી અને નોંધપાત્ર રીતે ભારત ત્યાં ક્યારેય ટેસ્ટ હાર્યું નથી. આ ભારતની તાજેતરની ૧૧ ટેસ્ટમાં સાતમો વિજય હતો, જેમાં ત્રણ મેચ ડ્રો રહી હતી અને ફક્ત એક જ હાર મળી હતી. લૉર્ડ્સ ખાતેનો આ ઐતિહાસિક વિજય હંમેશાં ભારતીય મહિલા ક્રિકેટના સુવર્ણ પ્રકરણોમાં યાદ રહેશે.

# સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રાના વિકાસને મળશે નવી ગતિઃ ₹ ૭.૨૯ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના ધ્રાંગધ્રા શહેરના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે રાજ્ય સરકારની ગ્રાન્ટ હેઠળ અંદાજે ₹૭.૨૯ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપના વરિષ્ઠ આગેવાન આઈ. કે. જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.



આ વિકાસકાર્યોમાં શહેરના મુખ્ય માર્ગોના આધુનિકીકરણ, વિવિધ વિસ્તારોમાં આવેલા વોટર વર્ક્સ હેડના વિસ્તરણ તેમજ આગામી સમયમાં નવી પાણીની ટાંકીના નિર્માણ સહિતના મહત્વપૂર્ણ કામોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટો પૂર્ણ થતાં શહેરમાં માર્ગ અને પાણી જેવી પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે.

પ્રસંગે સંબોધન કરતા પૂર્વ કેબિનેટ પ્રધાન આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે, ધ્રાંગધ્રાના મુખ્ય માર્ગને આધુનિક સ્વરૂપ આપવામાં આવશે, જે અમદાવાદ જેવા વિકસિત શહેરોની અનુભૂતિ કરાવશે. તેમણે જણાવ્યું કે માર્ગ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરીને બંને બાજુ વ્યાપક વૃક્ષારોપણ કરવામાં આવશે, જેના કારણે શહેરનું સૌંદર્ય અને હરિયાળી બંનેમાં વધારો થશે. સાથે જ તેમણે શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે નાગરિકોને સક્રિય સહભાગી બનવા અને સંકલ્પબદ્ધ થવાની અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન શહેરના વિકાસને નવી દિશા આપવાના સંકલ્પ સાથે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર મન્ટીલકુમાર પટેલ, પાલિકા પ્રમુખ દામિનીબેન ગોવાણી, પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, કારોબારી ચેરમેન પ્રવીણભાઈ રબારી, નગરપાલિકાના સભ્યો, અધિકારીઓ, ભાજપના આગેવાનો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા.

# ગિરનાર પર્વત પર યાત્રાળુઓની સુરક્ષા માટે વન વિભાગના ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે

## પર્યટકોની સુરક્ષા માટે રાજ્ય સરકારની બેઠકમાં લેવાયા વિવિધ નિર્ણયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જુનાગઢ શહેરમાં આવેલા ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં ગિરનારની નવી સીડી માર્ગ પર અંદાજે ૫૦માં પગથિયા નજીક એક અત્યંત દુઃખદ ઘટના બની હતી. જેમાં ખેડા જિલ્લાના ૧૧ વર્ષીય મયુરસિંહ ચૌહાણ ઉપર સિંહે હુમલો કર્યો હતો, જેમાં બાળકનું દુર્ભાગ્યે મૃત્યુ થયું છે. આ ઘટનાની ગંભીર નોંધ લઇ રાજ્ય સરકારનાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સોમવારે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયા અને રાજ્યકક્ષાના પ્રધાન પ્રવિણ માળીની હાજરીમાં વન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં ભવિષ્યમાં આવી કોઇ ઘટના ન બને તે સંદર્ભે ગહન ચર્ચા કરી કેટલાક મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા.

મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં વન્યજીવોની અવરજવર વધુ રહેતા સંવેદનશીલ સ્થળોએ કાયમી ચેક પોસ્ટનું નિર્માણ કરી સતત મોનિટરિંગ કરવામાં આવશે.

થઆ ઉપરાંત, જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તમામ સંબંધિત વહીવટી વિભાગો સાથે સંકલન કરી ગિરનાર વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા, વન્યજીવ વ્યવસ્થાપન, ઇમરજન્સી રિસ્પોન્સ અને આંતરવિભાગીય સંકલન માટે એક સર્વગ્રાહી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) તૈયાર કરી તેનો અમલ કરવામાં આવશે.

મોઢવાડિયાએ ઉમેર્યું હતું કે ગિરનાર અને દાતાર સીડી માર્ગને 'સાયલન્સ ઝોન' જાહેર કરવામાં આવશે, જેથી વન્યજીવોને અનાવશ્યક ખલેલ ન પહોંચે અને માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ઘટે. વળી, સમગ્ર વિસ્તારમાં વન્યજીવોની હિલચાલ પર સતત નજર રાખવા માટે થર્મલ ડ્રોન સર્વેલન્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, ગિરનાર પર્વત પર યાત્રાઓની સુરક્ષા માટે વન વિભાગનાં ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે.

ગિરનાર પર્વત પર આવતા યાત્રાળુઓની સુરક્ષા સંદર્ભે મોઢવાડિયાએ જણાવ્યું કે, યાત્રાળુઓ અને સ્થાનિક લોકો માટે વન્યજીવ વિસ્તારમાં કેવી રીતે વર્તવું તે અંગે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, જેમાં માર્ગદર્શન, સૂચનાઓ અને સુરક્ષા અંગે સતત જાગૃતિ ફેલાવવામાં આવશે.

# જામનગરના ધ્રોલમાં ધર્મ પરિવર્તનનું રેકેટ પકડાયાનો હિંદુ સેનાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના હરીપર ગામમાં હિન્દુધર્મના લોકોને ફોસલાવીને ખ્રિસ્તી ધર્મ તરપ વાળવાના પ્રયાસો થતા હોવાનો આક્ષેપ હિન્દુ સેનાએ કર્યો હતો. મળતી વિગતો અનુસાર જામનગર નજીક ધ્રોલ તાલુકાના હરીપર ગામની સીમમાં એક કારખાનાની પાછળ આવેલા મકાનમાં ચાલતી કથિત ધર્માંતરણ પ્રવૃત્તિનો હિન્દુ સેનાએ પર્દાફાશ કર્યો હતો. દર રવિવારે સેવા અને પ્રાર્થના સભાના બહાને ભોળા આદિવાસી શ્રમિકોને એકઠા કરી હિન્દુમાંથી ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવવામાં આવતો હોવાની વ્યાપક ફરિયાદોના આધારે હિન્દુ સેનાની ટીમે દરોડો પાડ્યો હતો.

હિન્દુ સેનાના કાર્યકર્તાઓના જણાવ્યા અનુસાર તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી મોટી સંખ્યામાં વાંધાજનક ધાર્મિક સાહિત્ય, પવિત્ર બાઇબલ, ધાર્મિક ભજનોની પુસ્તિકાઓ અને શંકાસ્પદ પ્રમાણપત્રોનો જથ્થો મળી આવ્યો હતો. હિન્દુ સેનાના પદાધિકારીઓએ આ પ્રવૃત્તિ ચલાવતા સંચાલકને આડે હાથ લઈ, ગ્રામ પંચાયતના સરપંચને પણ આ અંગે ટેલિફોનિક જાણ કરી હતી. હિન્દુ સેનાએ ભોળા લોકોને લાલચ કે ગેરમાર્ગે દોરીને થતું ધર્માંતરણ કાયદા વિરુદ્ધ હોવાનું જણાવી સંચાલકને આ પ્રવૃત્તિ તાકીદે બંધ કરવા માટે અંતિમ ચેતવણી આપી કાયદાકીય પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારી હતી. આ કાર્યવાહી દરમિયાન હિન્દુ સેના-ગુજરાતના પ્રમુખ પ્રતિક ભટ્ટ અને હિન્દુ સેના સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ ગૌરવ મહેતા હાજર રહ્યા હતા.

# જામનગરમાં આગામી દિવસોના જળસંકટ સામે જામનગર મનપાનો એક્શન પ્લાન તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને હાલ એકાંતરા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે, અને જુલાઈ માસનો અડધો મહિનો પૂરો થઈ ગયો છે, તેમ છતાં પણ હજુ મેઘરાજાની એન્ટ્રી નહિ થતાં મહાનગરપાલિકાનું તંત્ર ચિંતિત બન્યું છે, અને શહેરીજનોને પાણી પૂરું પાડવામાં કોઈ કમી ના રહે, અને વરસાદ ન આવે ત્યાં સુધી પાણી પુરવઠો મળતો રહે તે માટેનો નવો તૈયાર કરી લેવાયો છે, અને સૌની યોજના હેઠળ જામનગર શહેરને પાણી પૂરું પાડતા જળાશયોમાં પાણીનો જથ્થો ઠાલવવા માટેનું વિસ્તૃત આયોજન કર્યું છે, અને જે અંગે રાજ્ય સરકાર સમક્ષ માંગણી પણ મૂકી દેવામાં આવી છે.

જામનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડતા રણજીતસાગર ડેમમાં ઓગસ્ટના અંત સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે સસોઈ, ઊંડ-૧ અને આજી-૩ ડેમમાં હાલ જુલાઈ માસના અંત સુધી ચાલે તેટલું જ પાણી ઉપલબ્ધ હોવાનું વોટર વર્ક્સ વિભાગના કાર્યપાલક ઈજનેર નરેશ પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો જુલાઈ માસના અંત સુધીમાં જરૂરી પ્રમાણમાં વરસાદ નહીં પડે અથવા વરસાદ પાછોતરો પડશે તો આગોતરા આયોજનના ભાગરૂપે 'સૌની યોજના' હેઠળ ઊંડ-૧ ડેમમાં ૨૦૦ એમસીએફટી, આજી-૩ ડેમમાં ૨૦૦ એમસીએફટી અને સસોઈ ડેમમાં ૧૫૦ એમસીએફટી પાણી છોડવા માટે રાજ્ય સરકાર સાથે પત્રવ્યવહાર કરવામાં આવ્યો હતો.

આગામી વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરમાં પાણીની કોઈ અછત ન સર્જાય તે માટે જરૂરી આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# ભાવનગરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની ૪૧મી ભવ્ય રથયાત્રાઃ સોનાના ઝાડુથી થશે છેડાપોરા વિધિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં પરંપરા મુજબ અષાઢ સુદ બીજના પવિત્ર દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સ્વ. ભીખુભાઈ ભટ્ટ પ્રેરિત અને શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી અવિરતપણે યોજાતી આ રથયાત્રા આ વર્ષે પોતાની ૪૧મી વર્ષગાંઠ ઉજવી રહી છે. આગામી તા. ૧૬ ને ગુરૂવારના રોજ સવારે ૮ કલાકે શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક પૂજા-અર્ચન કર્યા બાદ આ ભવ્ય રથયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં રથયાત્રા સમિતિના અધ્યક્ષ હરૂભાઈ ગોંડલિયાએ આ વર્ષની રથયાત્રાની સંપૂર્ણ વિગતો જાહેર કરી હતી.

ભગવાન શ્રી જગન્નાથજી, મોટાભાઈ શ્રી બલરામજી અને બહેન શ્રી સુભદ્રાજીની મૂર્તિઓની પૂજા-અર્ચનામાં અનેક સંતો, મહંતો, મહામંડલેશ્વરઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ભાવનગરના નેક નામદાર મહારાજા શ્રી વિજયરાજસિંહજી તથા નામદાર યુવરાજ જયવીરસિંહજીના વરદ હસ્તે સોનાની ઝાડુથી ''છેડાપોરા'' વિધિ સંપન્ન કરવામાં આવશે. ત્યારબાદ દબદબાપૂર્વક માજી સૈનિક સંગઠન દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપીને રથયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવશે.

રથયાત્રા સમિતિના કાર્યકારી અધ્યક્ષ પાર્થભાઈ ગોંડલિયાએ જણાવ્યું હતું કે, ધર્મપ્રેમી જનતાના સહકારથી રથયાત્રાનું માઇક્રોપ્લાનિંગ ૨૦ જેટલા વિવિધ વિભાગો (જેવા કે પ્રચાર-પ્રસાર, રથ-મિકેનિકલ, ટ્રાન્સપોર્ટ, વહીવટી, ફેબ્રિકેશન વગેરે) અને ૨૦૦ જેટલા સમર્પિત કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું છે.

ભગવાનના કલાત્મક વાઘા બનાવવાની સેવા હરજીવનભાઈ દાણીધારીયા અને સાફા બનાવવાની સેવા પ્રફુલાબેન બાબુલાલ રાઠોડ દ્વારા આપવામાં આવી છે, જેના યજમાન ભારત મિલ્કવાળા સુભાષભાઈ, પિન્ટુભાઈ અને રિંકલબેન ખંભાતી પરિવાર છે. રથના શણગાર અને માળીકામની સેવા મિહિરભાઈ પિત્રોડા તથા હરિભાઈ બારૈયા દ્વારા સંભાળવામાં આવી છે.

વેપારીઓ તથા સંસ્થાઓ દ્વારા રથયાત્રાના રૂટ પર ધજા-પતાકા, રોશની અને ભવ્ય સ્વાગત કમાનો ઊભી કરવામાં આવી રહી છે. ઘોઘાગેટ ચોક ખાતે મુખ્ય ભવ્ય સ્વાગત ગેઇટ અને ભગવાન શ્રી કૃષ્ણનું વિશાળ કટઆઉટ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ વર્ષે ૩ ટન ચણાની પ્રસાદી ભક્તો માટે તૈયાર કરવામાં આવી છે. રથયાત્રામાં ૫૦ ટ્રક, ૨ જીપ, ૨૦ ટ્રેક્ટર, ૧૫ છકડા, ૧ હાથી, ૮ ઘોડા, દુર્ગાવાહિની-બજરંગ દળના અખાડા, મિની ટ્રેન, નાસિક-ઢોલ અને ડી.જે. સાઉન્ડ સિસ્ટમ જોડાશે. ગાયત્રી પરિવાર અને મહાનગરપાલિકા દ્વારા જનજાગૃતિ ફલાવતા ફ્લોટ્સ પણ રાખવામાં આવ્યા છે. વૈશ્વિક સ્તરે યુદ્ધના કારણે સર્જાયેલી પેટ્રોલ-ડીઝલની સમસ્યાને ધ્યાને રાખી સમિતિએ આ વર્ષે વાહનોની સંખ્યામાં સ્વૈચ્છિક ઘટાડો કરી રાષ્ટ્રભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

રથયાત્રા સવારે ૮:૦૦ કલાકે સુભાષનગર સ્થિત શ્રી ભગવાનેશ્વર મહાદેવ અને શ્રી જગન્નાથજી મંદિરથી નીકળીને મહિલા કોલેજ, આંબાવાડી, ઘોઘાસર્કલ, રૂપાણી સર્કલ, સ્વામિનારાયણ ગુરૂકુળ, સરદારનગર સર્કલ, ઘોઘા જકાતનાકા, શિવાજી સર્કલ, ભરતનગર, સંસ્કાર મંડળ, તખ્તેશ્વર મંદિર, કાળાનાળા, સર.ટી. હોસ્પિટલ રોડ, જેઇલ રોડ, નિલમબાગ ચોક, બહુમાળી ભવન, નિર્મળનગર નાકો, ચાવડીગેટ, વિજય ટોકીઝ, પાનવાડી ચોક, જશોનાથ ચૌક, ઘોઘાગેટ, ખારગેટ, મામાકોઠા, ડાયમંડચોક, મહિલા કોલેજ થઈ પરત સુભાષનગર ખાતે મોડી સાંજે ભક્તિસભર માહોલમાં સંપન્ન થશે.

રથયાત્રા દરમિયાન અને બાદમાં ભાવનગર મહાનગરપાલિકા સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના યુવાનો ''સ્ટુડન્ટ ફોર સેવા'' અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરશે. સમિતિના આગેવાનો દ્વારા ફ્લોટો, વેશભૂષા અને અખાડા સ્પર્ધાના વિજેતાઓ માટે ઇનામો પણ રાખવામાં આવ્યા છે. વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અંતમાં સમિતિના આગેવાનોએ ભાવનગરની ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય રથયાત્રામાં જોડાવા અને દર્શનનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

# જામનગરમાં પ્રદૂષણ ફેલાવતા ઔદ્યોગિક એકમો સામે જીપીસીબીની કાર્યવાહી, છેલ્લા ત્રણ મહિનામાં ૧૩ પ્રદૂષણ ફેલાવતા એકમો બંધ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા જામનગરના શંકર ટેકરી ઉદ્યોગ વિસ્તાર, દરેડ જીઆઈડીસી અને ચેલા-ચંગા રોડ વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવતા ઔદ્યોગિક એકમો સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા ત્રણ મહિનામાં કુલ ૧૩ ઔદ્યોગિક એકમોને બંધ કરવાના આદેશો આપવામાં આવ્યા હતા. બંધ કરાયેલા એકમોમાં ચેતલભાઈ કોડીનારિયા, આર્યા ઇલેક્ટ્રોપ્લેટ્સ, મોમાઈ કાસ્ટિંગ, સનફ્લો બાથ, વી.કે. ઇન્ડસ્ટ્રીઝ, ગણેશ પ્લેટિંગ, ખોડિયાર વોશિંગ, જય અલખધણી, શ્રી મારુતિ ઇન્ડસ્ટ્રી, સૂરજ એન્ટરપ્રાઇઝ, શ્રી રામ ઇલેક્ટ્રોપ્લેટ્સ, જામનાજી ઇલેક્ટ્રોપ્લેટ્સ અને રાહુલ શેખના એકમોનો સમાવેશ થાય છે.

જીપીસીબીના જણાવ્યા મુજબ તાજેતરમાં શનિવાર, રવિવાર અને બુધવારની રાત્રિના સમયે શંકર ટેકરી ઉદ્યોગ વિસ્તાર, દરેડ જીઆઈડીસી તથા ચેલા-ચંગા રોડ વિસ્તારમાં આવેલા ખાસ કરીને ઇલેક્ટ્રોપ્લેટિંગ ઉદ્યોગોની ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન વધુ બે ઔદ્યોગિક એકમો પ્રદૂષણ નિયંત્રણના ધોરણોનું પાલન કરતા ન હોવાનું સામે આવતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી માટેનો અહેવાલ જીપીસીબીની મુખ્ય કચેરી ગાંધીનગરને મોકલવામાં આવ્યો હતો

જીપીસીબી દ્વારા જે એકમોને બંધ કરવાનો આદેશ આપવામાં આવે છે, તેવા એકમોનો વીજ પુરવઠો બંધ કરવા માટે સંબંધિત વીજ વિતરણ કંપનીને પણ આદેશ કરવામાં આવે છે. જેના આધારે સંબંધિત એકમોનો પાવર સપ્લાય કાપી દેવામાં આવે છે, જેથી તે એકમોની કામગીરી સંપૂર્ણપણે બંધ થઈ જાય છે. જીપીસીબીએ છેલ્લા ત્રણ મહિનામાં પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું ઉલ્લંઘન કરનારા એકમો સામે કુલ ૨૧ કારણદર્શક નોટિસો, ૧૦ દિશાનિર્દેશ નોટિસો અને ૧૩ એકમોને બંધ કરવાના આદેશો જારી કર્યા છે. બોર્ડે આગામી સમયમાં પણ આવી ઓચિંતી તપાસ ચાલુ રાખી પર્યાવરણને નુકસાન પહોંચાડતા એકમો સામે કડક કાર્યવાહી ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરના લાલપુર નજીક ખડખંભાળિયા ડેમમાં નહાવા ઉતરેલા જામનગરના એક યુવાનનું ડૂબી જતાં કરુણ મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જિલ્લાના લાલપુર તાલુકાના ચાંદનગર નજીક આવેલા ખડખંભાળિયા ડેમમાં ન્હાવા ઉતરેલા જામનગરના એક યુવાનનું ડૂબી જતાં કરુણ મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે તેની સાથે આવેલા તેનાજ પિતરાઈ ભાઈ સહિત અન્ય બે યુવાનો ને સ્થાનિકોએ બચાવી લીધા છે. કાલાવડ ફાયર ની ટીમે પાણીમાંથી મૃતદેહ ને શોધી કાઢ્યો હતો, અને પોલીસને સુપ્રત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગરના દિગ્વિજય પ્લોટ-૪૯ વિસ્તારમાં આવેલા નહેરુનગર, શેરી નં. ૧૧માં રહેતા રાકેશ મહેન્દ્રભાઈ બગડા (ઉ.વ. ૨૧), અને તેનોજ પિતરાઈ ભાઈ જયદીપ ગિરધરભાઈ બગડા (ઉ.વ. ૨૦) તથા સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા નિકુંજ કરણભાઈ રાઠોડ (ઉ.વ. ૧૭) રવિવારે લાલપુર તાલુકાના ખડખંભાળિયા ગામે આવેલા પ્રખ્યાત પાણીના ધોધની મુલાકાતે ગયા હતા.

જ્યાં હાલ ધોધ વરસાદ ના અભાવે બંધ છે દરમિયાન ત્રણેય મિત્રો નજીક આવેલા ખડખંભાળિયા ડેમ પર ન્હાવા માટે પાણીમાં ઉતર્યા હતા. દરમિયાન તેઓ ઊંડા પાણીમાં જતાં ડૂબવા લાગ્યા હતા. સ્થાનિકોના સહયોગથી જયદીપ અને નિકુંજનો સુરક્ષિત બચાવ કરવામાં આવ્યો હતો, પરંતુ રાકેશ મહેન્દ્રભાઈ બગડા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તેમજ લાલપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ મનહરસિંહ જાડેજા તેમની ટિમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી જઈ પાણીમાં ડૂબી ગયેલા રાકેશને શોધવા માટે કાલાવડ ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. જે ભાયર ટીમની ભારે શોધખોળ બાદ રાકેશનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ બનાવથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, ત્રણેય મિત્રોમાંથી કોઈને પણ સારી રીતે તરતા આવડતું ન હોવા છતાં તેઓ ડેમમાં ઉતર્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલ લાલપુર પોલીસે અકસ્માત મોત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામમાં ઘરમાં ઘૂસીને મહિલાને ઢોરમાર મારી આતંક મચાવનારી ટોળકીના સાત શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ શહેરના સેક્ટર-૬, ગણેશનગર વિસ્તારમાં ધોળા દિવસે એક મકાનમાં ઘૂસી, મહિલાને માર મારી, તોડફોડ સાથે રોકડ અને સ્કૂટરની લૂંટ ચલાવવાના ચકચારી ગુનામાં પોલીસે ગણતરીના કલાકોમાં સાત જેટલા શખ્સોને રાઉન્ડઅપ કરી લીધા હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગતો મુજબ, ગણેશનગરમાં રહેતા ફરિયાદી ચેતનાબેન ગોવિંદ ડાયાલાલ ચંદે (મહેશ્વરી) અને તેમના સાસુ બપોરના સમયે ઘરે હાજર હતા, ત્યારે ૨૦થી ૨૫ વર્ષની વયના અજાણ્યા શખ્સોનું એક ટોળું લાકડી-ધોકા અને છરી જેવા હથિયારો સાથે ઘરમાં ધસી આવ્યું હતું. આ શખ્સોએ ઘરમાં વાસણ સાફ કરી રહેલા ભાવનાબેનને ધોકા વડે બેરહેમીપૂર્વક માર માર્યો હતો. ત્યારબાદ, ''ગલ્લો ક્યાં છે?'' તેમ કહીને ઘરમાં આડેધડ તોડફોડ આચરી, તિજોરી-મંદિરમાંથી રૂપિયા ૧૨,૦૦૦ની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. આ લૂંટારુ ટોળકી જતાં-જતાં આંગણામાં પાર્ક કરેલું ટીવીએસ જ્યુપિટર સ્કૂટર પણ લૂંટીને ફરાર થઈ ગઈ હતી.

પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ હુમલાખોરો એક કાર અને બે મોટરસાયકલ પર સવાર થઈને આવ્યા હતા. ધોળા દિવસે બનેલી આ સશસ્ત્ર લૂંટની ઘટનાથી સમગ્ર ગાંધીધામ પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. એ ડિવિઝન અને બી ડિવિઝન સહિતની પોલીસ ટીમોએ સીસીટીવી ફૂટેજ અને વાહનોના નંબરના આધારે તાકીદે નાકાબંધી કરીને આ ગુનામાં સંડોવાયેલા સાત શખ્સોને દબોચી લીધા છે અને તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે.

# મુંદરામાં અદાણી સોલાર કંપનીના યાર્ડમાંથી રૂ. ૭.૮૪ લાખના કિંમતી કેબલની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક નગરી મુંદરા સ્થિત અદાણી સોલાર કંપનીના ઓપન સ્ટોરેજ કેબલ યાર્ડને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો રૂપિયા ૭.૮૪ લાખની કિંમતના વાયરની ચોરી કરી નાસી છૂટ્યા હોવાની સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

મળતી વિગતો મુજબ, કંપનીના સત્તાધિકારી દિનેશકુમાર ઠાકરશી અમૃતિયાએ આ પ્રકરણ અંગે મુંદરા પોલીસ મથકે દાખલ કરેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, કંપનીના ઓપન યાર્ડમાં સંગ્રહિત કરી રાખવામાં આવેલો રૂપિયા ૨,૯૩,૪૦૦ની કિંમતનો ૨૦૦ મીટર લાંબો 'આઈકોર બ્લૂ વાયર' અને રૂપિયા ૪,૯૦,૮૦૦ની કિંમતનો અન્ય ૧૫૦ મીટર વાયર મળી કુલ રૂપિયા ૭,૮૪,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ અજાણ્યા તસ્કરો ચોરી ગયા હતા. મુંદરા પોલીસે આ મામલે કાયદેસરનો ગુનો નોંધી, કંપનીના સીસીટીવી ફૂટેજ તેમજ અંદરના સિક્યોરિટી સ્ટાફની પૂછપરછ હાથ ધરીને ચોર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ઔદ્યોગિક એકમની કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આટલી મોટી માત્રામાં કિંમતી કેબલની ઉઠાંતરી થતાં સુરક્ષા તંત્ર સામે વધુ એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

# ભાવનગરના મહુવામાં સિક્યુરિટી ગાર્ડે ભંગારની લારી લઈ જવા ના પાડતાં હત્યા કરાઈ

ભાવનગરઃ જિલ્લાના મહુવામાં ભવાની રેસિડેન્સીમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ રાજેન્દ્ર રમણીકલાલ જગડાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ મામલે ગણતરીના કલાકોમાં જ આરોપીની અટકાયત કરી લીધી હતી.

માહિતી અનુસાર ગૌરાંગ ઉર્ફે લાલજી ભીલ નામનો શખસ ભંગારની લારી લઈને મહુવાની ભવાની રેસિડેન્સીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ સમયે ફરજ પર તહેનાત સિક્યુરિટી ગાર્ડ રાજેન્દ્રભાઈ ઉં. વ.૬૮ તેને સોસાયટીની અંદર જવાની ના પાડી હતી. સોસાયટીમાં પ્રવેશ ન મળતા ગૌરાંગે સિક્યુરિટી ગાર્ડ પ્રત્યે અદાવત રાખી હતી. આ જ બાબતની દાઝ રાખીને તેણે રાજેન્દ્ર પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો અને ગુનો નોંધી આરોપી ગૌરાંગ ઉર્ફે લાલજી ભીલની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંસ્થા સમાચાર


### શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ સંચાલિત શ્રી મમ્માબાઈ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણને છત્રી તથા રેઈનકોટ વિતરણ

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ સંસ્થા તરફથી તાજેતરમાં શ્રી મમ્માબાઈ શાળાના કે. જી. અને ધોરણ ૧થી ૪ના તમામ વિદ્યાર્થીઓને રેઇનકોટ તથા ધોરણ ૫થી ૧૦ના તમામ વિદ્યાર્થીઓને અને સંસ્થાના વિદ્યાર્થીઓને તથા શાળાના ટીચિંગ તથા નૉન ટીચિંગ સ્ટાફને છત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળાના ત્રણે વિભાગના પ્રિન્સિપાલે તથા સંસ્થાના કર્મચારી ભાઈઓએ સંસ્થાનો આભાર માન્યો હતો.

### યુવક-યુવતી પરિચય મિલન સમારોહ

હાલ જૈન સમાજના પરિવારો માટે કઠિન અને સળગતી સમસ્યા એટલે સંતાનોનું સગપણ. આ સમસ્યાને હળવી કરવા, મદદરૂપ થવા માટે ઝાલાવાડ સમાજ-ભાઇંદરે જૈન સમાજના ચારેય ફિરકાઓ સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી ગુજરાતી જૈન લગ્નોત્સુક યુવક-યુવતીના પરિચય મિલન સમારોહનું આયોજન રવિવાર, ૧૯-૦૭-૨૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કર્યું છે. સ્થળ- દામોદર વાડી, ચક્રવર્તી અશોક રોડ, કાંદિવલી (ઈસ્ટ).



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) રંજુ કુમારી | ૨૦,૦૦૦ |
| ૨) તિવારી યાદવ | ૧,૦૦,૦૦૦ |
| ૩) રામદેવ મંડળ | ૩૦,૦૦૦ |
| ૪) નજરુલ શેખ | ૨૫,૦૦૦ |
| ૫) અલમુલ મોન્ડલ | ૧,૭૫,૦૦૦ |
| ૬) ભારતી બર્મન | ૪૦,૦૦૦ |
| ૭) શબનમ સરકાર | ૫૦,૦૦૦ |
| ૮) જહાંનારા ખાતુન | ૧,૦૦,૦૦૦ |
| ૯) રાજુ ગોંડે | ૧,૫૦,૦૦૦ |
| ૧૦) અનુપમ જાના | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) અફઝલ અલી | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) રાજશ્રી બાઇ | ૨૦,૦૦૦ |
| ૧૩) મોજનું પ્રધાન | ૧૯,૦૦,૦૦૦ |
| ૧૪) અમીના બીબી | ૮૦,૦૦૦ |
| ૧૫) ચંદ્ર સિંગ | ૫૦,૦૦૦ |
| ૧૬) શરદ વિશ્વનાથ માસારે | ૨,૦૦,૦૦૦ |
| ૧૭) અમોલ નારાયણ પાટીલ | ૨,૦૦,૦૦૦ |
| ૧૮) મફિજુલ એસ કે | ૧,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૯) ક્ષિતિજા વિક્રમ જાઊંગાડે | ૪,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૨૦) લક્ષ્મી દેવી શર્મા | ૯૦,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.


## ક્લાસિફાઈડ

### ૩૧. નાણાંકીય

**ભાનુલક્ષ્મી ઈન્વેસ્ટમેન્ટ,**
**9324654625**
શેરની તેજીમંદીના રોજના ટ્રેડિંગમાં નફાની સંપૂર્ણ ખાતરીથી રોજ કમાવો. (એસડીબી-૩૪૧૦)

### ૩૨. જમીન-મિલકત

■ **અમદાવાદમાં 8% થી 15% રિટર્ન ધરાવતી પ્રોપર્ટી વેચવાની છે. 7878961414. (બી-૧૭૮૧૬)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઇડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## એમએસઆરટીસી બસ

તૈયાર કરવી જોઈએ એવી સ્પષ્ટતા કરી સીએમએ ઉમેર્યું હતું કે વ્યાપારી રીતે સંભવિત પુનર્વિકાસ પ્રોજેક્ટ્સમાંથી ઉત્પન્ન થતી આવક એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરવામાં આવે અને તેનો ઉપયોગ અન્ય એમએસઆરટીસી ડેપોમાં પુનર્વિકાસ અને માળખાગત પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવે.

સત્તાવાર માહિતી અનુસાર સરકાર ૪૯ વર્ષના લીઝ પર વિચાર કરી રહી છે જેમાં વધુ ૪૯ વર્ષના વિસ્તરણનો વિકલ્પ પણ છે. (પીટીઆઈ)

## શહેરોના

પછી પાણી પુરવઠા અને સ્વચ્છતા પ્રોજેક્ટ્સ માટે સમાન રીતે ભંડોળ એકત્ર કર્યું છે.

પિંપરી ચિંચવડ અને નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના કેટલાક પ્રોજેક્ટ્સને પણ આ જ પદ્ધતિ દ્વારા ભંડોળ પ્રાપ્ત થશે.

બેઠક દરમિયાન અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત 'અર્બન ચેલેન્જ ફંડ' સંસ્થાકીય, નાણાકીય અને વહીવટી અવરોધોને દૂર કરવામાં મદદ કરશે જે ઘણીવાર કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ સહાય મળતી હોવા છતાં શહેરી માળખાગત પ્રોજેક્ટ્સના અમલીકરણમાં વિલંબ ઊભો કરે છે.

## પાકિસ્તાની ગેન્ગસ્ટર

સંપર્કમાં હતો. અમુક યુવાનોનાં બૅંક ખાતાંમાં મોટું ભંડોળ ભટ્ટી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યું હોવાની માહિતી એટીએસને મળી છે.

શંકાસ્પદો ભટ્ટી સાથે કેટલા સમયથી સંપર્કમાં હતા, તેમના સંદેશવ્યવહારનો પ્રકાર અને તેઓ શું નિયોજન કરી રહ્યા છે તેની તપાસ ચાલી રહી છે. (પીટીઆઇ)

## નવમા પાનાનું ચાલું

### કૉક્રોચ જનતા પાર્ટી

પરિવારોને ૧ કરોડ રૂપિયાના વળતરની માંગ કરી રહ્યો છે. ગયા મહિને ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી.

સીજેપીના વિરોધનો પ્રારંભ ૨૦ જૂને શરૂ થયો હતો. શિક્ષક અને કાર્યકર્તા વાંગચુક ૨૮ જૂને આંદોલનમાં જોડાયા ત્યારથી તેઓ અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર છે. વાંગચુકની તબિયત લથડી છે, રવિવારે ડોક્ટરોએ ઉપવાસ શરૂ થયા પછી તેમના બ્લડ પ્રેશરમાં ઘટાડો અને કુલ ૭.૮ કિલો વજન ઘટવાની જાણ કરી હતી. સંગઠને ૨૦ જુલાઈએ, ચોમાસુ સત્રના શરૂઆતના દિવસે સંસદ તરફ કૂચ કરવાની જાહેરાત કરી છે. (પીટીઆઈ)

### પુણેમાં

યાત્રામાં જોડાય છે. આ વર્ષે પચીસમી જુલાઇએ ઉજવણી થવાની છે. પોલીસના જણાવ્યા અનુસાર ખાસ કરીને યાત્રાળુઓ માટે બે અલગ માર્ગ રખાયા છે. યાત્રાળુઓને લઇ જતાં વાહનો માટે અલગ માર્ગ અને પગપાળા યાત્રાળુઓ માટે અલગ માર્ગ છે. જોકે અમુક યાત્રાળુઓ વાહનો માટેની લેનમાં પણ ચાલતા જોવા મળે છે.

ટ્રકમાં નાંદેડ જિલ્લાના લોહાથી રંગનાથ મહારાજ પોખરબિસિકરના યાત્રાળુઓ હતા અને ટ્રક જેજુરી તરફ જઇ રહી હતી, જ્યારે મહિલાઓ સાંગલી જિલ્લાના કસાબે દિગ્રજની હતી અને યાત્રાળુઓ માટેની લેનમાં ચાલી રહી હતી, એમ પુણે ગ્રામીણના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપ સિંહ ગિલે જણાવ્યું હતું.

ટ્રક ડ્રાઇવરે અન્ય વાહનને ઑવરટેક કરવાના પ્રયાસમાં મહિલા યાત્રાળુઓને કચડી નાખી હતી. મૃતકોની ઓળખ નંદા પવાર (૬૦), માધવી રાજારામ સાલગરે (૫૫) અને રાજશ્રી શંકર ભોસલે (૫૫) તરીકે થઇ હતી. અકસ્માતમાં ઘવાયેલી ચાર મહિલાની હાલત નાજુક છે અને જેજુરી ખાતેની હોસ્પિટલના આઇસીયુમાં તેમની સારવાર ચાલી રહી છે. (પીટીઆઈ)

### શું તમને

ઇ-કેવાયસી ન કરવા, આવક મર્યાદા ઓળંગવી અને વય માપદંડોને પૂર્ણ ન કરવા જેવા વિવિધ કારણોસર પણ કરવામાં આવ્યો છે. આ પુનઃચકાસણીમાં જાણવા મળ્યું કે લગભગ ૧૪ હજાર પુરુષોએ પણ આ યોજનાનો લાભ લેવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે તેમને પણ આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

### એસી લોકલના

લોકલમાં ટેકનિકલ ખામીને કારણે ટ્રેનનું એક એર કન્ડીશનીંગ યુનિટ કામ કરતું નહોતું .

સેન્ટ્રલ રેલવેએ જણાવ્યું હતું કે આ ટ્રેન ટિટવાલાથી સીએસએમટી તરફ જઈ રહી હતી. જોકે, કુર્લા સ્ટેશન પર તમામ મુસાફરોને નીચે ઉતારી દેવામાં આવ્યા હતા અને ટ્રેનને સેવામાંથી હટાવી લેવામાં આવી હતી. ત્યારબાદ નોનએસી તરીકે આ ટ્રેન ચલાવવામાં આવી હતી.

### ગિરિજા રાઉતના

જોડાયેલો છે તે હું થોડા દિવસોમાં ચોક્કસ જણાવીશ. પ્રશાસન દ્વારા ગયા મહિને જ અમારી સુરક્ષા સંપૂર્ણપણે હટાવી લેવામાં આવી હતી. અમારી એ માગણી પણ ફગાવી દીધી. આથી, આની પાછળ ચોક્કસપણે કોઈ મોટું ષડયંત્ર છે જ, પણ અમને ન્યાયતંત્ર પર પૂરો ભરોસો છે અને અમે આમાંથી ચોક્કસપણે નિર્દોષ બહાર આવીશું.

સામાજિક કાર્યકર્તા અંજલી દમણિયાએ આ ગંભીર બાબતની સંપૂર્ણ તપાસની માગ કરી છે. આ અંગે બોલતા વિનાયક રાઉતે કહ્યું કે, પોલીસે આ બાબતની તપાસ કરવી જોઈએ, અમને તેની સામે કોઈ વાંધો નથી.

### આમિર લવ જેહાદનો

કરે તો લોકો તેની પાસેથી શું શીખશે? તે લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે, પરંતુ તે સામાન્ય લોકોના હૃદયમાં સ્થાન નહીં જાળવી શકે.' આમિર ખાનએ પાંચમી જુલાઈએ મુંબઈના બાંદ્રા સ્થિત પાલી હિલ નિવાસસ્થાને વેલનેસ અને બ્યુટી ઉદ્યોગના પ્રોફેશનલ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કર્યાં હતાં. અભિનેતા ૧૯૮૬થી ૨૦૦૨ દરમિયાન રીના દત્તા સાથે અને ૨૦૦૫થી ૨૦૨૧ દરમિયાન ફિલ્મ નિર્માતા કિરણ રાવ સાથે લગ્નબદ્ધ હતો. (પીટીઆઈ)

### શું શરદ પવાર

રાજકીય વિશ્લેષણ સુધી મર્યાદિત નથી, પરંતુ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પક્ષમાં જ આના પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે.

મળતી માહિતી મુજબ પક્ષના લગભગ અડધા વિધાનસભ્યો વિપક્ષી બેન્ચ પર બેસવાને બદલે શાસક ગઠબંધન સાથે જવાના પક્ષમાં છે. આ પૃષ્ઠભૂમિમાં, શરદ પવારના 'મૌન'થી મહાવિકાસ આઘાડીના સાથી પક્ષોની ચિંતામાં વધારો થયો હોવાનું જાણવા મળ્યું છે.

શાસક પક્ષ તરફ વિધાનસભ્યો કેમ ઝુકાવ કરી રહ્યા છે?

આ આંતરિક અશાંતિ પાછળ વિચારધારા કરતાં મતવિસ્તારમાં વિકાસ કાર્યોનો મુદ્દો વધુ મહત્ત્વપૂર્ણ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. પક્ષના ઓછામાં ઓછા પાંચ વિધાનસભ્યોએ નેતૃત્વ સમક્ષ સ્પષ્ટ વલણ રજૂ કર્યું છે. મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે શરદ પવાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### સંભાજીનગરમાં

૨ કરોડ ૯૩ લાખ રૂપિયાથી વધુની કિંમતનો શંકાસ્પદ હલકી ગુણવત્તાનો ખાદ્યતેલનો સ્ટોક જપ્ત કર્યો હતો. કાર્યવાહી દરમિયાન ત્યાં અસ્વચ્છ વાતાવરણ, વપરાયેલા ડબ્બાનો ફરીથી ઉપયોગ કરવો, ફૂડ ગ્રેડ સર્ટિફિકેટનો અભાવ અને લેબોરેટરી વગર જ તેલનું પેકિંગ કરવા જેવી ગંભીર ખામીઓ સામે આવી હતી. આ બંને સંસ્થાઓના લાઇસન્સ પણ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

'સેફ ફૂડ, સેફ મહારાષ્ટ્ર' અભિયાન હેઠળ, એફડીએની એક ટીમે ૧૧ જુલાઈના રોજ બે ઑઇલ રીપેકિંગ યુનિટ, પૈઠણમાં બાગરિયા એગ્રો પ્રોડક્ટ્સ અને છત્રપતિ સંભાજીનગર શહેરમાં બાગરિયા વેજિટેબલ પ્રોડક્ટ્સ પર અચાનક દરોડા પાડ્યા હતા. નિરીક્ષણ દરમિયાન, એવું જાણવા મળ્યું હતું કે ખાદ્ય તેલ અત્યંત અસ્વચ્છ સ્થિતિમાં રિપેર કરવામાં આવી રહ્યું હતું.

### પહેલા યોજના

કાપી નાખવામાં આવ્યાં. સરકારે અલગ-અલગ નિયમો લગાવીને બહેનોને છેતરવાનું કામ કર્યું છે. પહેલા યોજના લાવીને લોભ આપવો અને પછી નામ કાપી નાખવા, આ જ આ સરકારની નીતિ છે.

પૂર્વ ધારાસભ્ય ઉષા દરાડેએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, જો લાડકી બહેનો માટે ખરેખર કંઈક કરવું જ હોય, તો બંધ પડેલી શાળાઓ ફરી શરૂ કરો, છોકરીઓનું અપહરણ ન થાય તે બાબત પર ધ્યાન આપો, મોંઘવારી ઓછી કરો, મહિલાઓને શિક્ષણ આપો અને મહિલાઓ પર થતા અત્યાચાર અટકાવો. અશોક ખરાત કેસ અંગે શ્વેતપત્ર બહાર પાડો. વિધાનભવન ખરીદ-વેચાણનું કેન્દ્ર બનશે નહીં, તે અંગે પણ શ્વેતપત્ર જાહેર કરો. લાડકી બહીણ યોજના માટે તમામ પછાત મંડળોનું ફંડ વાપરવામાં આવી રહ્યું છે. હવે તેઓને જ આ ફંડમાં કાપ મૂકવો છે, પણ યોજના ચાલુ રાખવી છે. તેઓને લાડકી બહેનો પ્રત્યે કોઈ પ્રેમ નથી. મહારાષ્ટ્ર આર્થિક રીતે સંતુલિત નથી રહ્યો.

### મુંબઈમાં

પહોંચતી વખતે તેમને થતા ટ્રાફિક જામના કારણે તેઓ માનસિક અને શારીરિક તકલીફથી પીડાઈ રહ્યા છે. મળેલ માહિતી મુજબ સંજય ઘાડી ભાયખલામાં આવેલા રાણી બાગ વિસ્તારમાં એડિશનલ કમિશનરનો ખાલી બંગલો રહેવા માટે માગી રહ્યાં છે. તેના પર શું નિર્ણય લેવામાં આવે છે તે જોવું મહત્ત્વપૂર્ણ છે. સંજય ઘાડીએ પત્રમાં કહ્યું છે કે ટ્રાફિક જૅમમાં સમય બરબાદ થાય છે. રોજિંદા કામ માટે પાલિકા મુખ્યાલયમાં બેઠકો, નગરસેવકોની બેઠકો, ડેપ્યુટી મેયરની ઓફિસમાં આવતા નાગરિકો, વહીવટી અધિકારીઓની બેઠકો અને વહીવટી કાર્યક્રમોમાં હાજરી આપવી જરૂરી છે. પરંતુ હું દહિસર પૂર્વમાં રહું છું, તેથી ટ્રાફિક જૅમને કારણે દરરોજ વાહન દ્વારા દહિસરથી મુંબઈ મ્યુનિસિપલ હેડક્વાર્ટર જવા માટે ઘણો સમય બગાડું છું, તેને કારણે સમયસર મ્યુનિસિપલ હેડક્વાર્ટર પહોંચવું શક્ય નથી. તેથી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના તત્કાલીન એડિશનલ કમિશનર ડૉ. અશ્વિની જોશીની બદલીને કારણે ખાલી પડેલા રાણી બાગ વિસ્તારમાં આવેલા બંગલાને રહેવા માટે ઉપલબ્ધ કરાવવો જોઈએ.

### એનસીપી નેતાએ

પાલન કર્યા વિના અને પ્રતિનિધિઓ અને પદાધિકારીઓને યોગ્ય સૂચના આપ્યા વિના કરવામાં આવી હતી. નોટિસ અનુસાર, ૨૮ જાન્યુઆરીએ તત્કાલીન એનસીપી પ્રમુખ અજિત પવારના અવસાન બાદ, પક્ષે ચૂંટણી પંચને જાણ કરી હતી કે નવા વડાની પસંદગી ન થાય ત્યાં સુધી પટેલ કાર્યકારી રાષ્ટ્રીય પ્રમુખ તરીકે કામગીરી સંભાળશે. તેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શ્રીવાસ્તવે બંધારણીય સત્તા ન હોવા છતાં ત્યારબાદ રાષ્ટ્રીય અધિવેશન બોલાવ્યું અને ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી. સિંહે સ્વતંત્ર ચૂંટણી સત્તામંડળ હેઠળ સંગઠનની નવી ચૂંટણી યોજવાની માંગ કરી છે. નોટિસમાં પક્ષના નેતૃત્વને માંગણીઓનું પાલન કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે, જો તેમાં નિષ્ફળ જાય તો અરજદારે આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર અનામત રાખ્યો છે. એનસીપી પ્રવક્તા સૂરજ ચવ્હાણે જણાવ્યું હતું કે સિંહ ૨૬ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય સંમેલનમાં હાજર હતા અને તેમણે સુનેત્રા પવારના પક્ષમાં હાથ ઊંચો કરીને મતદાન કર્યું હતું.

## હિન્દુ મરણ

અશોક રમણલાલ શાહ તા. ૧૦-૭-૨૬ના શુક્રવારના વડોદરા રહેવાસી દેવલોક પામ્યા છે. ધનુબેન એ. શાહના પતિ. લજ્જા શાહ, લારા દોશી અને લોપા શાહના પિતાશ્રી. સમીર દોશી, રશ્મીકાંત શાહના સસરા. મિતીકા, દેવાંશી, ઋષભ, સમારા, અશ્વિન, પ્રતિકના નાના.

ગામ જીંજવા હાલ મુલુંડ અ. સૌ. લીલાવતી ચંદ્રકાંત જાની (ઉં. વ. ૮૦) તા. ૧૨-૭-૨૬ના અક્ષરધામ પામ્યા છે. તે ચંદ્રકાંત મૂળશંકર જાનીના ધર્મપત્ની. દીપક, ધર્મેન્દ્ર, મયુર અને પારસના માતુશ્રી. દર્શના ધરા, હીના અને રૂપલના સાસુમા. નિર્મલ, પૂજન અને દુર્વાના દાદીમા. ગુંજનના દાદીસાસુ. સ્વ. ડાઇબેન રામશંકર જાની (ચિત્રોડા)ના સુપુત્રી. સાદડી પ્રથા બંધ છે. ઉત્તરક્રિયા મુલુંડ રાખવામાં આવે છે.

**કચ્છી લોહાણા**

અશોકભાઇ પુરુષોતમ ધિરવાણી (ઠક્કર) ગામ કચ્છ નાની વામોટી હાલ મુલુંડ (ઉં. વ. ૬૪) તા. ૧૩-૭-૨૬ સોમવારના શ્રીરામશરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. દર્શના પરીન પોપટ અને ચિંતનના પિતા. તે અરુણાબેન ચંદ્રકાંત ઠક્કર, દિલીપભાઇ, પ્રદીપભાઇ, રાજુભાઇ અને કે. કિશોરભાઇના ભાઇ. તે સ્વ. સરસ્વતી ખીમજી ખેરાજ ચગસોતા કચ્છ ગામ કોઠારાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૬ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. મુલુંડમાં ગોપુરમ હોલ, પી. કે. એસ્ટેટ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ ઢોરી હાલ મુલુંડ સ્વ. ગંગારામ નરસિંહ પલણના પુત્ર સ્વ. વાલજીભાઇના ધર્મપત્ની ગં. સ્વ. મંગલા વાલજી પલણ (ઉં. વ. ૭૨) તે જયેશ, રૂપેશ અને ભાવના હર્ષદભાઇ મડિયારના માતુશ્રી. તે ખ્યાતિ અને શાંતિના સાસુ. તે સ્વ. અનુસુયા જમનાદાસ તન્નાના પુત્રી. તે લક્ષ્મીબેન અમૃતલાલ, લતાબેન નવીન, મધુબેન પ્રતાપ, સ્વ. લીલાવંતી રાજેન્દ્ર, ગં. સ્વ. હિનાબેન પ્રવીણના દેરાણી-જેઠાણી. તા. ૧૩-૭-૨૬ સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ જ્ઞાન સરિતા શાળાની બાજુમાં, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

કાશીબેન મણીલાલ ધનજીભાઇ રાણાના પૌત્ર તથા વિજયાબેન ભગવાનજીભાઇ રાણાના સુપુત્ર ઠક્કર હિતેશભાઇ (ભગત) (ઉં.વ. ૪૯) તા. ૧૨-૭-૨૬ના અક્ષરધામ નિવાસી થયેલ છે. તે મણીલાલ મકનજીભાઇ પૂજારા (રાપર)ના જમાઇ. મમતાબેનના પતિ. નિર્ભયના પિતાશ્રી. મનોજના મોટાભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. એન.કે.ટી.કોલેજ સભાગૃહ, ખારકર આલી, કલેક્ટર કાર્યાલયની પાછળ, થાણે (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કંઠી ભાટિયા**

અ. સૌ. આરતી તે અશોક તુલસીદાસ વેદના ધર્મપત્ની હાલ નિવાસી વડાલા ગામ આમરા. ફાલ્ગુની, પ્રશાંત હેમાંગીના માતુશ્રી. શોર્ય વેદના દાદી. યશ અને મીતના નાની. રૂપલ, રાકેશ, સમીરના સાસુમા. તે સ્વ. હિરાબાઇ દામોદર ગોકલગાંધીના દીકરી. પરેલ મુંબઇ મુકામે તા. ૧૧-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

નાગેશ્રીવાલા હાલ (નાલાસોપારા) સ્વ. વ્રજલાલ રણછોડદાસ છાટબારના પુત્ર વિજયભાઇ (ઉં. વ. ૬૬) તે પ્રવીણભાઇ, ભૂપેન્દ્રભાઇ, ગીરીશભાઇ અને સ્વ. હરેશભાઇના ભાઇ. સ્વ. હરિલાલ અને સ્વ. રતિલાલ જોગીના ભાણેજ શનિવાર, તા. ૧૧-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ ઘાટકોપર સ્વ. દુલભદાસ હરિદાસ વોરાના સુપુત્ર પ્રવણીચંદ્ર વોરા (ઉં. વ. ૮૯) તા. ૧૦-૭-૨૬ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નલિનીબેનના પતિ. સ્વ. શાંતિભાઇ, સ્વ. મધુભાઇ, સ્વ. કિશોરભાઇ, રમેશભાઇ અને ઉર્મિલાબેનના ભાઇ. તુષાર, નિરવના પપ્પા. મોના સ્નેહાના સસરા. મહુવાવાળા સ્વ. ભગવાનદાસ વલ્લભદાસ શેઠના જમાઇ. સર્વ લૌકિક ક્રિયા બંધ છે.

**ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ**

સ્વ. રઘુભાઈ શાસ્ત્રી તથા સ્વ. વિજયાલક્ષ્મીના સુપુત્રી ભારતીબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. રમેશભાઈ, સ્વ. રેખાબેન, સ્વ. ભગીરથભાઈ, સ્વ. ચેતનભાઈ તથા જ્યોતિબેન, મહેશભાઈના બહેન. ભારતભાઈના ફૈઇબા તા. ૧૨ જુલાઇ ૨૦૨૬ના કૈલાશવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા તેમનાં નિવાસસ્થાને તા. ૧૬ જુલાઈ ૨૦૨૬ના ગુરુવારે સાંજે ૫ થી ૭. સી ૦૦૧, જય સિદ્ધિવિનાયક સોસાયટી, જીમખાના રોડ, એમસીએફ ક્લબ નજીક, બોરીવલી પશ્ચિમ.

**દશા સોરઠીયા વણિક**

કાંદિવલી સ્થિત, જીજ્ઞેશ કાંતિલાલ શેઠ (ઉં. વ. ૫૯) તે સ્વ. વિમળાબેન કાંતિલાલ શેઠના પુત્ર. બીનાબેનના પતિ. બકુલભાઈ, જયેશભાઇ, અંજુ દિલીપભાઈ પારેખ, સંગીતા અશ્વિનભાઇ રાજકોટીયા, જીજ્ઞા શરદ સાંગાણી, કુમારભાઈના ભાઈ. સ્વ. હિંમતભાઈ ત્રિભોવનદાસ વળીયાના જમાઈ. રેખાબેન જયેશભાઇ જોશી તથા સ્મિતા પ્રવીણભાઈ જોશીના બનેવી. ૧૨/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૪/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે કાંદિવલી વેસ્ટ.

**૨૭ એકડા મુંબઈ**

ધડકણ નિવાસી હાલ મલાડ, કીર્તિભાઇ પોપટલાલ લલુભાઇ શાહ (ઉં. વ. ૭૯) ૮/૭/૨૬ના અવસાન પામેલ છે. સ્વ. કોકિલાબેનના પતિ. કેયુર તથા જસ્મીનના પિતા. અજય તથા પૂનમના સસરા. પ્રેમિલાબેન વિનોદચંદ્ર, દિલીપભાઈ સુનંદાબેન, ગીતાબેન રમેશચંદ્રના ભાઈ. ખડકી નિવાસી સ્વ. લીલાબેન રમણલાલ કાલિદાસના જમાઈ. પ્રાર્થનાસભા ૨૦/૭/૨૬ના રોજ ૯.૩૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન ઉપાશ્રય, ચોથે માળે, લોહાણા મહાજનવાડી સામે, એસ વી રોડ કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ વિરજીઆણી ભાટિયા**

નલિની (ઉં. વ. ૯૦) તે સ્વ. જયરાજ રામદાસ સંપટના પત્ની. સ્વ. ચતુર્ભુજ હંસરાજ પેથાણીના પુત્રી. ધીરેશ-શકુંતલા, પીના-હેમંત અને જીજ્ઞેશ-નીતિના માતુશ્રી. જાગૃતિ, પ્રતિક, સોહીલના દાદી અને ઊર્મિના નાની. તા. ૧૨ જુલાઈ ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

વતન ચોરવાડ હાલ બોરીવલી, સ્વ. અશ્વિનભાઈ લક્ષ્મીદાસ મોદી (ઉં. વ.૭૭) તે કિરણ મોદીના પતિ. સ્વ. ઈશ્વરલાલ મણિલાલ શાહના જમાઈ. બિપીનભાઈ, જીતેન્દ્રભાઈ અને હેમાંક્ષીબેન નરેશ શાહના ભાઈ. વિશાલ અને કાજલના પિતાશ્રી. બ્રિજેશ ચંદ્રકાન્ત પરીખના સસરા. ખુશી પરીખના નાના. રવિવાર તા. ૧૨.૦૭.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી મચ્છુ કઠિયા સઈ સુથાર જ્ઞાતિ**

નવાવાસ હાલે ઘાટકોપર, વિનોદ કલ્યાણજી સોલંકી (ઉં. વ. ૬૫) તા. ૧૨-૭-૨૬ના રોજ રામશરણ પામેલ છે. સ્વ. કમળાબેન કલ્યાણજી સોલંકીના પુત્ર. પુષ્પાબેનના પતિ. સ્વ. પાર્વતીબેન ચંદુભાઈ પીઠડીયા (અંજાર)ના જમાઈ. નરેન્દ્રભાઇ, વર્ષાબેન, ચંદ્રકાંતભાઈ, સ્વ. વિજયભાઈના મોટાભાઈ, કોમલ, લાલજી, દીનતા, પાયલના પિતાશ્રી, શંભુભાઈ તથા મટુબાઈના ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૧૪-૦૬-૨૦૨૬ના મંગળવાર સમય ૩ થી ૪. લવંડરબાગની બાજુમા, સ્વામિનારાયણ મંદિર, ઘાટકોપર પૂર્વ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ગુરગઢ હાલ કલવા થાણે, લતાબેન ગોકાણી (ઉં. વ. ૬૫) રવિવાર તા.૧૨/૦૭/૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે ભાસ્કરભાઇના ધર્મપત્ની, સ્વ.મંજુલાબેન મથુરાદાસ પુરષોત્તમ લાલજી ગોકાણીના પુત્રવધૂ. મનીષભાઈ, કિષ્નાબેનના માતુશ્રી. અમીષાબેન અને રોહનકુમાર કદમના સાસુ. સ્વ.પ્રભાબેન વેલજીભાઇ નાગ્રેચાના પુત્રી. ગીતાબેન ગીરીશભાઈ મજીઠીયા, ગં.સ્વ. હર્ષાબેન ભરતકુમાર મોરજરીયા, રમેશભાઈ, સતીષભાઈ, સ્વ. પ્રમોદભાઈ, પ્રવિણભાઈના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૪/૦૭/૨૬ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦ ક. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સૌરાષ્ટ્ર ખડાયતા વણિક**

પ્રવિણભાઇ વૃંદાવનદાસ કગરાણા (ઉં. વ. ૮૫) મૂળ માંગરોળ, હાલ સાયન મુંબઈ, પ્રતિભાબેનના પતિ. જયશ્રી, હેમા અને પરેશના પિતાશ્રી. સમીરબીભાઈ, અંબરીશભાઈ અને મેઘનાબેનના સસરા, હેષા - દેવાંશ, ઇશિતા ધ્રુવ, નૈનીશ - પાલ્મી, નિકુંજ - તેજશ્રીના દાદા - નાના. સ્વ. લીલાબેન તથા પ્રભુદાસભાઈ નરસાણાના જમાઈ. સ્વ. પ્રિયવદનભાઇના, સ્વ. લલિતાબેન વિઠ્ઠલદાસ શાહ, સ્વ. ઇન્દિરાબેન ચંદ્રકાંત નંદોલા અને કુસુમબેન અમરચંદભાઈ શાહના મોટાભાઈ તા. ૧૨.૭.૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે, તેમની પ્રાર્થનાસભા, ગુરુવારે, ૧૬.૭.૨૦૨૬ના સાંજના ૫ થી ૭. સ્થળઃ આર જે સી બેન્કવેટ, એસ.એન.ડી.ટી. વિમન્સ કૉલેજ, આર એ કિડવાઈ રોડ, માટુંગા, કિંગ સર્કલ, મું.૧૯

## પારસી મરણ

સરોશ મંચેરશા વાડીયા તે રોશનીના ધની. તે મરહુમો મની મીનોચેર વાડીયાના દીકરા. તે અરેશ ને ખુશનાઝના પપા. તે પીનાઝ ને એશદીનના સસરા. તે થીયા, ઝવેદના મમાવા. તે રેઇના ને નરસના બપાવા. (ઉં. વ. ૭૨) રે. ઠે. સી-૩ રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાયખલા - મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૪-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે મેવાવાલા અગિયારીમાં છેજી.

દિનયાર જમશેદજી એન્જિનિયર તે તનાઝના ધની. તે મની જમશેદજી એન્જિનિયરના દીકરા. તે એરવદ યઝદ ને ઓસ્તી રશનાના પપ્પા. તે ઓસ્તી ફરીના ને જયાના સસરા. તે પરવીનના ભાઇ. તે ઓસ્તી સમાયરા ઓસ્ત ઝીયન ને ભ્રરેનના ગ્રન ચિલ્ડ્રન. (ઉં. વ. ૬૯) રે. ઠે. ૬૧૦, પેટીટ બ્લોક, બીજે માળે, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪.

બીનાઇફર મેહરદાદ કેરમાની તે મેહરદાદના ધનીયાની. તે મરહુમો કેયાનદોકત રુસ્તમ ફલાહાતીના દીકરી. તે રુબીના દીકરી. તે બેહઝાદ ને રોશનના બહેન. તે મરહુમો શીરીન મીનોચેર કેરમાનીના વહુ. (ઉં. વ. ૪૮) રે. ઠે. ૬૦૪-ઇ, વાડીયા બિલ્ડિંગ, ૧લે માળે, ફ્લેટ નં. ૦૨, પારસી ડેરી ફાર્મ, ધોબીતળાવ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨.

પરવેઝ દારબશા દોરદી તે પરવીન ના ધની. તે મરહુમો બપઇ દારબશા દોરદીના દીકરા. તે અનાહીતા તથા દાઇનાના પપ્પા. તે ફેઝરના સસરા. તે કેરસી તથા મરહુમો રોદા, રુસી, દોસુના ભાઇ. તે બરઝીન, બીનાઇફર, આરીઝ, અનાયનાના મમાવા. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૧૬-૭. રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, મસીના હોસ્પિટલ આગળ, ભાયખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા ૧૪-૭-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે, અંજુમ આતશ બેહરામમાં છે.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થા. દશા શ્રીમાળી જૈન**

સાયલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જીવતીબેન વાડીલાલ શાહના પુત્ર બિપીનભાઇ (ઉં. વ. ૭૬) તે હર્ષાબેનનાં પતિ. રૂષભના પિતા. ફોરમના સસરા. રીહાનના દાદા. સ્વ. હસુભાઇ, કિશોરભાઇ, પ્રકાશભાઇ. સ્વ. પ્રફુલાબેન, પુષ્પાબેન, મધુબેન, સ્વ. કલાબેનના ભાઇ તથા મંજુલાબેન દોલતભાઇ શાહના જમાઇ રવિવાર તા. ૧૨-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ ગોરેગાવ સુધાબેન (ઉં. વ. ૮૦) તે અરવિંદભાઇ કાંતિલાલ ગાંધીના ધર્મપત્ની તા. ૧૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અમિષના માતુશ્રી. પ્રિયંકાના સાસુ. આર્યન અને અયાનના દાદી. વિનોદભાઇ-જ્યોતિબેન, કીરીટભાઇ-ઉષાબેન, હિતેશભાઇ-નીતાબેન, વિણાબેન શશીકાંતભઇ, સુરેખાબેન વિનોદભાઇ, મીનાબેન સુરેશકુમારના ભાભી. સ્વ. શારદાબેન કનૈયાલાલ મણિયારના સુપુત્રી. તેમની સાદડી ગુરુવાર તા. ૧૬-૭-૨૬ના સાંજે ૭થી ૮.૩૦. ઠે. કલબ હાઉસ, મહિન્દ્રા એમિનેટ, એસ. વી. રોડ, પાટકર કોલેજની પાસે, ગોરેગાંવ (વેસ્ટ).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

છાલડા, વિસાવદર નિવાસી, હાલ ઘાટકોપર સ્વ. વિનોદ રતિલાલ દેસાઈ (ઉ.વ. ૬૯) તા. ૧૧-૦૭-૨૬ રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. કંચનબેન રતિલાલ દેસાઈના સુપુત્ર, સ્વ. સરોજ વિનોદ દેસાઈ ના પતિ, પ્રફુલભાઈ તથા ભારતીબેન રાજેન્દ્રભાઈ શેઠના ભાઈ, જીતુભાઈ તથા દિલીપભાઈ ભાઈચંદભાઈ પારેખના બનેવી. રોનક, જતિન, શેફાલીના પિતાશ્રી. જેસલ, મીનલ, જયકુમારના સસરા. પ્રાર્થનાસભાઃ તા. ૧૬-૦૭-૨૦૨૬ ગુરુવારે સાંજે ૩:૩૦ થી ૫:૩૦ છે. સ્થળઃ આનંદ મંગલ હોલ, બીજે માળે, હિંગવાલા લેન મોટા ઉપાશ્રય, સ્ટેશન રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના જયંતીલાલ ઠાકરશી રાંભીયા (ઉં. વ. ૭૨) તા. ૧૦-૭-૨૬નાં અવસાન પામ્યા છે. માતુશ્રી રતનબાઇ ઠાકરશીના સુપુત્ર. પ્રભાના પતિ. રીતેશ, જીગર, ભાવિકાના પિતા. લક્ષ્મીચંદના ભાઇ. કુંદરોડી માતુશ્રી મણીબેન હીરજી લધાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રીતેશ રાંભીયા, સી-૪૦૦૩, ઓબેરોય ઇટર્નીયા, એલ.બી.એસ. રોડ, મુલુંડ (વે.).

બિદડાના લક્ષ્મીચંદ દેવરાજ ફુરીયા (ઉં. વ. ૭૩) તા. ૧૨-૭-૨૬નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન દેવરાજના પુત્ર. સ્વ. પ્રેમીલાના પતિ. હીતેશ, પિયુષના પિતા. કલ્યાણજી, અમૃતલાલ, મુલબાઇ, શાંતા, મંજુલાના ભાઇ. કોડાય રતનબેન પ્રેમજી નંદુ (ધાવલીયા)ના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પિયુષ ફુરીયા, એ-૩૦૧, સીતાપુરવ એપાર્ટમેન્ટ, જેવંત સાવંત રોડ, હીરો હોન્ડા શો રૂમની સામે, દહીંસર (વેસ્ટ).

બારોઇના ભોગીલાલ નાનજી કેનિયા (ઉં. વ. ૮૪) તા.૧૨-૭-૨૬ના અવસાન પામ્યા છે. સ્વ. લક્ષ્મીબેન નાનજી મોણશીના સુપુત્ર. નિર્મળાના પતિ. ફાલ્ગુની, હેમલના પિતા. દેશલપરના ચંચળબેન દેવચંદ વીરા, ડેપાના સ્વ. રેખાબેન જયંતિલાલ સાવલાના ભાઈ. છસરાના સ્વ. લક્ષ્મીબેન લખમશી કરમશી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમલ કેનીયા, ૫૦૩, ઋષભ એપાર્ટમેન્ટ, સર્વોદય નગર, જે. એન. રોડ, મુલુંડ(વે.).

ભોજાયના માતુશ્રી નવલબેન વલ્લભજી મારૂ (ઉં. વ. ૯૦) તા. ૧૧-૦૭-૨૬ ના અવસાન પામેલ છે. વેજબાઈ કુંવરજી, ભચીબાઈ ખેતશીના પુત્રવધૂ. વલ્લભજીના પત્ની. રમીલા, પ્રવીણા, પલ્લવીના માતા. નાનબાઈ ભાણજીના પુત્રી દેવજી, લખમશી, રતાડીયા મોટા બાઈયાબાઈ દામજીના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે.). ટા.૪ થી ૫.૩૦. નિ. કાંતિલાલ સાવલા, ૭૦૧, મિલન લક્ષ્મી, ચંદાવરકર × લેન, માટુંગા (ઈ), મું. ૧૯.

વાંકીના સુશીલાબેન (ભાનુ) વશનજી સાવલા (ઉં. વ. ૭૭) તા.૧૨/૭નાં અવસાન પામેલ છે. વશનજી દેવજીના ધર્મપત્ની. ગંગાબેન દેવજી ચાંપશીના પુત્રવધૂ. પિયુષ, રીના, પ્રીતીના માતુશ્રી. પત્રીના ઉમરબેન દેરાજ લધાના પુત્રી. હિરજી, લક્ષ્મીચંદ, હેમચંદના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં., કરસન લધુ નિસર હોલ, દાદર (વે.), મું.૨૮. ટા. ૨.૦૦ થી ૩.૩૦. નિ. વશનજી સાવલા, ૪૦૧, ન્યુ દત્ત નિવાસ, પુષ્પા કોલોની, મંછુભાઈ રોડ, મલાડ (ઈ.).

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જેતપુર નિવાસી સ્વ. હેમકુંવરબેન ભાઈચંદ કામદારના પુત્ર હસમુખભાઈ (ઉં. વ. ૭૬) હાલ બોરીવલી ૧૨/૭/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દ્રીરાબેનના પતિ. આશિષના પિતા. દિશીતાના સસરા. સ્વ. પ્રતાપરાય જમનાદાસ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા ૧૪/૭/૨૬ના રોજ ૩ થી ૫ ક. સર્વોદય હોલ, વર્ધમાન સ્થા જૈન સંઘ, ગ્રાઉન્ડ ફ્લોર બોરીવલી વેસ્ટ.

**વેરાવળ વિશા ઓશવાલ જૈન**

વેરાવળ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. નવલબેન ભીમજીભાઈ મોતીલાલ શાહના પુત્ર કુમુદચંદ્ર (ઉં. વ. ૮૨) ૧૧/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. સુશીલાબેનના પતિ. દેવાંગી નિલેશ શાહના સસરા. રિષભના દાદા. દિનેશભાઇ, વિરેનભાઈ, રશ્મિભાઈ, મીનાબેન સ્મિતાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. આશા જયપ્રકાશ શાહ (ઇન્દુબેન) (ઉં. વ. ૭૨) તે સ્વ. જયપ્રકાશ જયંતીલાલ શાહના ધર્મપત્ની. સ્વ. કાંતિલાલભાઈ તથા સ્વ. ચંદ્રકળાબેનના સુપુત્રી. રીમા તથા સ્વ. ખુશ્બુના માતુશ્રી. રિતેશ તથા પ્રતીકના સાસુ. પંકજ, વિપુલ, જાગૃતિ ગિરીશ શાહના બહેન. નયના તથા પલ્લવીના નણંદ તા.૧૨-૭-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તમામ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી, હાલ ઘાટકોપર, તે ચંદ્રિકાબેનના પતિ. વિપુલભાઈના પિતાશ્રી, શ્રુતિ બેનના સસરા. વિનોદભાઈ મોહનદાસ ચિતલિઆ (ઉં. વ. ૮૬) તા. ૧૩.૦૭.૨૬ ઘાટકોપર અરિહંતશરણ પામેલ છે. તે શ્રેયા નિસર્ગ બાવીશી તથા વિરાજના દાદા. અને રિયાના દાદાજીસસરા, સ્વ. નગીનભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. રજનીભાઈ, અરવિંદભાઈ, કિરીટભાઈ, હીરાબેન અનિલભાઈ કોઠારી, નીરુબેન ધીનેશભાઈ દોશીના ભાઈ, સ્વ. હર્ષદભાઈ તથા પ્રકાશભાઈના બનેવી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ઈંગ્લૅન્ડને રોકવા ભારતનો મદાર હવે 'રો-કો'પર

## આજથી વન-ડે શ્રેણીઃ જીતવા માટે રોહિત-વિરાટ-બુમરાહ ભણી મીટ મંડાશે ટીમઈન્ડિયા

બર્મિંગહામઃ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વન-ડે સીરિઝ ૧૪ જુલાઈથી શરૂ થશે. પહેલી મેચ બર્મિંગહામના એજબેસ્ટન ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ટી-૨૦ સીરિઝમાં હાર બાદ ભારતીય ટીમ વન-ડેમાં વાપસી કરવાનું લક્ષ્ય રાખશે. અનુભવી ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્મા ભારતીય ટીમનું મનોબળ વધારવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવશે.

કોહલી, રોહિત અને જસપ્રીત બુમરાહ એવા ફોર્મેટમાં રમવા માટે વાપસી કરી રહ્યા છે જ્યાં ટી-૨૦ ક્રિકેટની વધતી જતી લોકપ્રિયતાને કારણે દ્વિપક્ષીય મેચો તેમનું મહત્ત્વ ગુમાવી રહી છે. પરંતુ ૩૯ વર્ષીય રોહિત અને કોહલીમાં હજુ પણ જુસ્સો અને ઉત્સાહ છે. તેઓ શ્રેષ્ઠ વન-ડે ખેલાડીઓમાં સામેલ છે અને આવતા વર્ષના વન-ડે વર્લ્ડ કપ સુધી ટીમમાં રહેવાનું લક્ષ્ય રાખે છે.

ઇંગ્લેન્ડની પીચો કરતાં વધુ પડકારજનક હોય છે અને તેના પર જોફ્રા આર્ચર અને જોશ ટંગ જેવા ઝડપી બોલરોનો સામનો કરવો એ એક અલગ પડકાર છે. પરંતુ રોહિત અને કોહલીએ વર્ષોથી ઈંગ્લેન્ડના બોલરોને હરાવ્યા છે અને તેઓ બરાબર જાણે છે કે તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે.

આ શ્રેણી માટે ટીમમાં આ બે દિગ્ગજ બેટ્સમેનોની હાજરી મહત્ત્વપૂર્ણ છે કારણ કે નવા ટી-૨૦ કેપ્ટન શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળની ભારતીય ટીમે વર્તમાન પ્રવાસમાં તેની સાત ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાંથી એક સિવાયની બધી મેચ ગુમાવી દીધી હતી. એક મેચ વરસાદના કારણે રદ કરાઈ હતી. ભારત આયરલેન્ડ સામે બંને મેચ હારી ગયું હતું અને ઈંગ્લેન્ડના હાથે ૦-૪ થી મળેલી હાર બાદ ટીકાનો સામનો કરી રહ્યું છે.

કેપ્ટન શુભમન ગિલની વાપસી અને અનુભવી કેએલ રાહુલની હાજરી સાથે ભારત પાસે અનુભવી બેટ્સમેનોની એક મજબૂત ટીમ છે જે કોઈપણ મેચનું પાસુ પલટી શકે છે. શ્રેયસ ઐયરનો પણ સમાવેશ થતાં બેટિંગ યુનિટ અંગે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જોકે, બોલિંગમાં બુમરાહની વાપસી થઈ છે. ભારતના નવા ફાસ્ટ બોલર ગુરનુર બરારને અલગ પડકારનો સામનો કરવો પડશે.

ડાબા હાથના ફાસ્ટ બોલર તરીકે અર્શદીપ સિંહ ચોક્કસપણે ટીમમાં સારુ પ્રદર્શન કરશે. જ્યારે શિવમ દુબે ચોથો ફાસ્ટ બોલર હશે. ઇજાગ્રસ્ત હાર્દિક પંડ્યા અને નીતિશ કુમાર રેડ્ડીની ગેરહાજરીને કારણે દુબેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. વોશિંગ્ટન સુંદર અને અક્ષર પટેલ બંનેએ ટી-૨૦ સીરિઝમાં બેટિંગ અને બોલિંગ બંનેમાં ખરાબ પ્રદર્શન કર્યું. ભારત માટે ઈંગ્લેન્ડ સામે એ ફાયદો થશે કે યજમાન ટીમે ૨૭ જાન્યુઆરીથી એક પણ વન-ડે મેચ રમી નથી. બેટિંગમાં જો રૂટનો સમાવેશ ઈંગ્લેન્ડની બેટિંગને વધુ મજબૂત બનાવશે. તેમની બેટિંગ હેરી બ્રુક, જેકબ બેથેલ અને જોસ બટલર પર ખૂબ આધાર રાખશે.

## ફિફા વર્લ્ડ કપ સેમિફાઇનલ્સ આજથી

# કિસમેં કિતના હૈ દમ...

નવી દિલ્હીઃ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની સેમિફાઇનલમાં પહોંચનારી ચાર ટીમ નક્કી થઈ ગઈ છે. ક્વાર્ટર ફાઇનલમાં કેટલીક રોમાંચક મેચ જોવા મળી. પહેલા ફ્રાન્સે મોરક્કોને ૨-૦ થી હરાવ્યું. પછી સ્પેને બેલ્જિયમનું સ્વપ્ન ૨-૧થી ચકનાચૂર કરી નાખ્યું. એર્લિંગ હોલેન્ડની નોર્વે ઇંગ્લેન્ડ સામે ૧-૨ થી હારી ગઈ. દરમિયાન વર્તમાન વિશ્વ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ૧૨૫ મિનિટની મેચમાં સ્વિટ્ઝર્લેન્ડને હરાવ્યું. બંને સેમિફાઇનલ ૧૫ અને ૧૬ જુલાઈના રોજ યોજાવાની છે. સવાલ સો મણનો એ કે કોને છે સૌથી વધુ ચાન્સ?

### આર્જેન્ટિના

નોકઆઉટ સ્ટેજમાં કેપ વર્ડે અને ઇજિપ્ત આર્જેન્ટિનાને ટક્કર આપી હતી. જોકે બાદમાં મેસીની ટીમે જીત હાંસલ કરી હતી. શનિવારે રાત્રે કેન્સાસ સિટીમાં સ્વિટ્ઝર્લેન્ડ સામે આ પેટર્નનું પુનરાવર્તન થયું, જ્યારે તેઓ એલેક્સિસ મેક એલિસ્ટરના પ્રારંભિક ગોલ પછી લગભગ ૯૦ મિનિટ સુધી લક્ષ્ય પર શોટ મારી શક્યા નહીં. આખરે આર્જેન્ટિનાની ટીમ ૧૨૦ મિનિટની મેચમાં જીત મેળવી શકી હતી. જો સ્વિટ્ઝર્લેન્ડે ૧૧ ખેલાડીને મેદાન પર રાખ્યા હોત તો કદાચ પરિસ્થિતિ ખૂબ જ અલગ હોત, પરંતુ ફરી એકવાર અંતે, ડિફેન્ડિંગ ચેમ્પિયનને જીતનો માર્ગ મળ્યો હેરી કેન અને લિયોનેલ મેસી બંને છેલ્લા આઠ મેચમાં પણ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શનથી ઘણા પાછળ રહ્યા હતા. ઇજિપ્ત સામેની જીતમાં મેસી ફોર્મમાં જોવા મળ્યો નહોતો. મેસીની ઇંગ્લેન્ડ સામે પ્રથમ મેચ હશે અને સતત ત્રીજી વખત નોકઆઉટ તબક્કામાં તેમના જૂના દુશ્મનોને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી શકે છે તો તેઓ ફાઇનલમાં જે આત્મવિશ્વાસ અને ગતિ મેળવશે તે ખૂબ જ મોટી હશે.

### ઈંગ્લેન્ડ

ઇંગ્લેન્ડ અહીં ચોથી વખત સેમિફાઇનલમાં છે. નોર્વે સામેની જીત પ્રભાવશાળી નહોતી. ક્રોએશિયા સામેની શરૂઆતની ૪-૨ની જીત સિવાય ઈંગ્લેન્ડ હજુ સુધી કોઈ ટીમ પર પ્રભુત્વ મેળવી શક્યું નથી. જો તેઓ બીજા વર્લ્ડ કપ ટાઇટલ માટે ૬૦ વર્ષની રાહનો અંત લાવવા માગે છે તો તેમને કદાચ ઘણું વધારે સારું પ્રદર્શન કરવું પડશે. ઇંગ્લેન્ડ માટે કેટલાક સંભવિત હકારાત્મક પાસાં એ હશે કે તેઓ આ ટુર્નામેન્ટ માટે પહેલાથી જ બરાબરી કરી ચૂક્યા છે. બુકાયો સાકા, એન્થોની ગોર્ડન અને માર્કસ રાશફોર્ડ સારું પ્રદર્શન કરવા માગશે.

### સ્પેન

સ્પેન તરફથી લેમિન યમાલે એપ્રિલમાં સીઝનના અંતમાં હેમસ્ટ્રિંગ ઈજા પછી ટોચના ફોર્મમાં પાછા ફરવાની ઝલક દર્શાવી છે. મિકેલ મેરિનોએ પોર્ટુગલ અને બેલ્જિયમ સામે સારું પ્રદર્શન કર્યું. ડિફેન્ડર પાઉ ક્યુબાર્સી ઘરઆંગણે સૌથી મોટા સ્ટેજ પર નજર દોડાવે છે પરંતુ તેણે હજુ સુધી કિલિયન એમબાપ્પે, માઈકલ ઓલિસ અને ઓસ્માન ડેમ્બેલે જેવી કસોટીનો સામનો કરવો પડ્યો નથી. જો તેઓ ફાઇનલમાં પહોંચે છે તો સ્પેન જીતવા માટે ફેવરિટ હશે અને તેઓએ અગાઉ ફક્ત છેલ્લા ચારમાં પહોંચતા જ વર્લ્ડ કપ જીત્યો છે. મોરક્કો સાથેના તેની અંતિમ આઠ મેચ પહેલા અમે કહ્યં હતું કે ફ્રાન્સ સર્વશ્રેષ્ઠ ટીમ છે. તેની પાસે અટેક અને ડિફેન્સમાં સારા ખેલાડીઓ છે.

### ફ્રાન્સ

કિલિયન એમ્બાપ્પેએ મોરક્કો સામે ગોલ કરીને ગોલ્ડન બૂટ અને ઓલટાઇમ વર્લ્ડ કપ સ્કોરિંગ રેકોર્ડ માટે દાવેદારી મજબૂત કરી હતી. ઓલિસ, ડેમ્બેલે, ડિઝાયર ડુ અને બ્રેડલી બાર્કોલા મેદાનમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે. ફ્રાન્સના ડિફેન્સની પરીક્ષા થઈ શકે છે, જેમાં ડેની ઓલ્મો, એલેક્સ બાએના, ફેરાન ટોરેસ અને ફેબિયન રુઇઝ જેવા ખેલાડીઓ ઓયાર્ઝાબાલની આસપાસ સારી પોઝીશનમાં આવી રહ્યા છે, જે કોઈ ફ્રાન્સને હરાવશે તે ચોક્કસપણે વર્લ્ડ કપ જીતશે. જોકે સ્પેન તેમના માટે સૌથી મુશ્કેલ પડકાર હશે.

## પ્રિન્સ વિલિયમ-કૅટે એનાયત કરી વિમ્બલ્ડન ચૅમ્પિન સિનરને ટ્રૉફી



લંડન : વિશ્વના નંબર વન ટેનિસ ખેલાડી યાનિક સિનરે વિમ્બલ્ડનમાં મજબૂત વાપસી કરી હતી. ઇટલીના સ્ટાર ખેલાડી સિનરે રવિવારે પુરુષોની સિંગલ્સની ફાઇનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને ૬-૭, ૭-૬, ૬-૩, ૬-૪થી હરાવ્યો હતો અને આ સાથે સતત બીજી વાર વિમ્બલ્ડન ટાઇટલ જીત્યું હતું.

રવિવારે બ્રિટનના પ્રિન્સ વિલિયમ તેમની પત્ની કેટ અને તેમના બે બાળકો સાથે વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સની ફાઇનલ જોવા માટે પહોંચ્યાં હતાં. ડસ્ટિન હોફમેન, નિકોલ કિડમેન અને બેન સ્ટીલર સહિત અનેક હોલિવૂડ સ્ટાર્સ પણ રોયલ બોક્સમાં જોવા મળ્યા હતા. કેટે વિમ્બલ્ડનનો પરંપરાગત ગ્રીન ડ્રેસ પહેર્યો હતો. તે ઓલ ઇંગ્લેન્ડ કલબની સંરક્ષક પણ છે અને મેન્સ સિંગલ્સની ફાઇનલના વિજેતા સિનરે ટ્રોફી અર્પણ કરી હતી. શનિવારે કેટે મહિલા સિંગલ્સ ચેમ્પિયન લિન્ડા નોસ્કોવાને ટ્રોફી આપી હતી. જોકે તે પ્રસંગે પરિવારનો કોઈ સભ્ય હાજર નહોતો.

ઇટલીના યાનિક સિનરે જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને ચાર સેટની મેચમાં ૬-૭, ૭-૬, ૬-૩, ૬-૪ થી હરાવીને સતત બીજી વખત વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સ ટાઇટલ જીત્યું. સિનર ઓપન એરામાં પોતાના ટાઇટલનો બચાવ કરનાર પાંચમો ખેલાડી બન્યો. ■

## હું ટર્મિનેટર, અભિષેક ટર્મિનેટર-૪ અને વૈભવ ટર્મિનેટર-૬ છેઃ યુવી

લંડન : ભારતના ભૂતપૂર્વ દિગ્ગજ બેટ્સમેન યુવરાજ સિંહે આક્રમક બેટિંગ કરનારા ભારતીય બેટ્સમેનોને હોલિવૂડના દિગ્ગજ એક્ટર આર્નોલ્ડ શ્વાર્ઝેનેગરની આઇકોનિક ફિલ્મ ''ટર્મિનેટર''ની સીરિઝ પરથી પોતાને ટર્મિનેટર, અભિષેક શર્માને ટર્મિનેટર ચાર અને વૈભવ સૂર્યવંશીને ટર્મિનેટર ૬ નામ આપ્યું હતું.

અભિષેક શર્માના મેન્ટર તરીકે કામ કરનારા ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુવરાજનું માનવું છે કે ૧૫ વર્ષીય સૂર્યવંશી આક્રમક બેટિંગના વિકાસમાં આગામી પગલું છે. તેમણે કહ્યું કે જો તેને આ યુવાન સાથે કામ કરવાની તક મળે તો તે ખુશ થશે.

યુવરાજે કહ્યું હતું કે, હું મારી જાતને ટર્મિનેટર કહું છું. હવે ટર્મિનેટર ૪ અભિષેક શર્માના રૂપમાં આવ્યો છે કારણ કે તે મારા કરતા ચાર ગણો સારો છે. હવે ટર્મિનેટર-૬ વૈભવ સૂર્યવંશીના રૂપમાં આવ્યો છે. અભિષેક અને સૂર્યવંશી સાથે વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સની ફાઇનલ જોનારા યુવરાજે કહ્યું હતું કે, મેં મારા સમયમાં મારો ભાગ ભજવ્યો, અભિષેકે તેને આગળ વધાર્યો અને હવે વૈભવ નવા ધોરણો સ્થાપિત કરી રહ્યો છે. આ સફરનો ત્રીજો તબક્કો છે. રમતને આ રીતે વિકસિત થતી જોવી ખૂબ જ સારી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ''જ્યારે હું (યાનિક) સિનર અને (કાર્લોસ) અલ્કારાઝને જોઉં છું ત્યારે મને ટેનિસમાં થતા ફેરફારો દેખાય છે. મને અભિષેક અને વૈભવમાં પણ એ જ ફેરફાર દેખાય છે. મેં અભિષેક સાથે ઘણો સમય વિતાવ્યો છે અને મને વૈભવ સાથે પણ સમય વિતાવવાનું ગમશે. તેનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.''

સૂર્યવંશીએ એમ પણ કહ્યું કે યુવરાજ સાથે વાતચીત કરવાથી તેને ટેકનિક ઉપરાંત ઘણા અમૂલ્ય પાઠ શીખવા મળ્યા હતા. ■

# ફલેમિંગે ૧૮ વર્ષે સીએસકે સાથે છેડો ફાડયો

ચેન્નઈઃ પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) એ છેલ્લી ત્રણ સીઝનમાં પ્લે-ઑફમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા બાદ તેમના લાંબા સમયના મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગથી અલગ થવાનો નિર્ણય લીધો છે. ફ્લેમિંગ પ્રથમ વખત ૨૦૦૮માં આઈપીએલની શરૂઆતની સીઝનમાં ખેલાડી તરીકે ટીમમાં જોડાયા હતા. તેઓ ૨૦૦૯ ટીમના મુખ્ય કોચ છે.

ફલેમિંગે સોમવારે સીએસકેના એક નિવેદનમાં કહ્યું હતું કે ૧૮ વર્ષ રમતગમતમાં લાંબો સમય છે. હું તેના માટે આભારી છું. ચેન્નઈ સુપર કિંગ્સ સાથેનો મારો સમય મારા કોચિંગ કારકિર્દીનો સૌથી મહત્વપૂર્ણ સમય રહ્યો છે. આ સમય દરમિયાન અમે જે કંઈ મેળવ્યું છે તેના પર મને ગર્વ છે. અમે સાથે મળીને અવિસ્મરણીય જીતની ઉજવણી કરી છે, મુશ્કેલ ક્ષણોનો સામનો કર્યો છે અને એવી યાદો બનાવી છે જેને હું જીવનભર સાચવીશ. સીએસકે હંમેશાં મારા હૃદયની નજીક રહેશે અને હું આવનારા વર્ષોમાં ટીમને ટેકો આપવાનું ચાલુ રાખીશ. સીએસકેએ જણાવ્યું હતું કે ફ્લેમિંગ અને ટીમ મેનેજમેન્ટ વચ્ચે સૌહાર્દપૂર્ણ ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્લેમિંગના કોચ તરીકેના કાર્યકાળ દરમિયાન ચેન્નઈએ પાંચ આઈપીએલ ટાઇટલ જીત્યાં હતાં. તેમણે ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની સાથે યાદગાર ભાગીદારી પણ કરી હતી. દરમિયાન સીએસકેએ બે વાર ચેમ્પિયન્સ લીગ ટી-૨૦ ટૂર્નામેન્ટ પણ જીતી હતી.■



## ઈંગ્લૅન્ડ સામેનો મુકાબલો સ્પેશ્યલઃ મેસી

સેમિફાઇનલ વિશે લિયોનેલ મેસીએ કહ્યું હતું કે, સત્ય એ છે કે, આ મેચ ખૂબ જ ખાસ છે. કારણ કે હું પહેલી વાર તેમની સામે રમી રહ્યો છું. મેં ઇંગ્લેન્ડ સિવાય બધી મોટી ટીમો સામે રમ્યો છું. જેમ મેં પહેલા કહ્યું હતું, તેઓ ખૂબ જ મોટી અને મજબૂત ટીમ છે. આવી મેચોમાં અને ખાસ કરીને વર્લ્ડ કપ સેમિફાઇનલમાં આવી ટીમો સામે રમવું હંમેશાં શાનદાર હોય છે.

મેસીએ પોતાની કારકિર્દી દરમિયાન બ્રાઝિલ, ઉરુગ્વે, જર્મની, ઇટાલી, સ્પેન અને ફ્રાન્સ સહિત વિશ્વની ઘણી મોટી ફૂટબોલ શક્તિઓનો સામનો કર્યો છે, પરંતુ ઇંગ્લેન્ડ એકમાત્ર એવો દેશ હતો જેની સામે મેસી આંતરરાષ્ટ્રીય સ્તરે રમ્યો નથી. ઇંગ્લેન્ડ સામે રમવાની તેની સૌથી નજીકની તક નવેમ્બર ૨૦૦૫માં જીનિવામાં રમાયેલી એક મૈત્રીપૂર્ણ મેચ હતી જ્યાં આર્જેન્ટિના ૨-૩થી હારી ગઈ હતી. જોકે, તે વર્ષે હંગેરી સામે સિનિયર આંતરરાષ્ટ્રીય ડેબ્યૂમાં રેડ કાર્ડ મળવાને કારણે મેસી તે મેચ ચૂકી ગયો હતો. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગિનતી | CHURCH |
| ગિન્નાવું | COUNTING |
| ગિરજા | CROWD |
| ગિરદી | ARREST |
| ગિરફતાર | UNHAPPY |

### માતૃભાષાની મહેક

જડીબુટ્ટી એટલે ચમત્કારિક ગુણવાળી ઔષધિ કે રામબાણ ઔષધિ. ઔષધિનાં મૂળિયાં ખાંડીને અથવા વૈદકમાં પ્રમાણે જરૂરી ક્રિયા કરીને બનાવેલું અસરકારક ઓસડ. જડીબુટ્ટી સુંઘાડવી એટલે અસરકારક દવાનો પ્રયોગ કરવો. કોઇ જાણે નહિ તેમ અમુક સમજ આપી સામો માણસ ધારેલી બાબત જ પસંદ કરે એમ કરવું, અમુક મતવાળું બનાવી દેવું.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OMBROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આકાશ  બ) ઓટલો
ક) વરસાદ  ડ) તોફાન

### ઈર્શાદ

*ગામ ચોમાસા હેઠ ભીંજાતું હોય એવા વરસાદના ટાણે*
*તમને તમે ગમવા માંડ્યા હો તે બીજું કોઈ ન જાણે!*

-- રમેશ પારેખ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ૯ | ૧૦ | | ૧૧ | | |
| ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | |
| | | | | | | | | | |
| ૧૬ | | ૧૭ | ૧૮ | | ૧૯ | | ૨૦ | | ૨૧ |
| | | ૨૨ | | | | ૨૩ | | | |
| | ૨૪ | | | | ૨૫ | | | ૨૬ | |
| ૨૭ | | | ૨૮ | ૨૯ | | | | ૩૦ | ૩૧ |
| ૩૨ | | ૩૩ | | ૩૪ | | | ૩૫ | | |
| ૩૬ | | | | | | ૩૭ | | | |

#### આડી ચાવી

૧. આભારી (૪)
૪. જેમનું તેમ; વગર તોડેલું, વગર ખોલેલું (૪)
૮. બ્રહ્મ સત્ય, --- મિથ્યા (૩)
૯. અમૃત (૨)
૧૧. મીઠું, ગળ્યું (૩)
૧૨. હંમેશાં (૨)
૧૩. પ્રતિબંધ, અટકાયત (૪)
૧૫. સાધુ (૨)
૧૭. પતિ કે પત્નીની મા (૨)
૧૯. વીતેલું હોય તે (૩)
૨૨. ગૂંગળામણ (૩)
૨૩. અશુભ, અમંગળ (૨)
૨૭. સંગાથ, સોબત (૨)
૨૮. પરવાનગી (૪)
૩૦. ત્રણ ઈંચ જેટલું માપ (૨)
૩૨. ધર્મશાળા (૩)
૩૪. માણસનાં --- નો તાગ પામી શકાય નહીં (૨)
૩૫. અવશ્ય, નક્કી (૩)
૩૬. ગીરવી મૂકયાનું લખાણ (૪)
૩૭. હારેલું (૪)

#### ઊભી ચાવી

૧. પ્રકાશ, તેજ (૩)
૨. મગફળીના દાણા (૪)
૩. વીતી ગયેલું (૨)
૫. ઓછું (૨)
૬. સગો, કુટુંબી (૪)
૭. પૃથ્વી (૩)
૯. સોનું (૩)
૧૦. કાયદો, રિવાજ (૨)
૧૪. દેવોનો વૈદ (૪)
૧૬. જાનવર (૨)
૧૭. સરસ, સુંદર (૨)
૧૮. મ્યુનિસિપાલિટી (૪)
૨૦. દુ:ખ, પીડા (૨)
૨૧. આંસુ (૨)
૨૪. સંગાથ, સાથ (૪)
૨૫. જમણ (૩)
૨૬. બડાઈ (૪)
૨૭. સાદાઈ (૩)
૨૯. પ્યાલો (૨)
૩૧. જમણ ---નું વખણાય (૩)
૩૩. આકાંક્ષા, ઈચ્છા (૨)
૩૫. પૃથ્વી (૨)

#### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બિ | ૨ રા | દ | ૩ ર | | | ૪ અ | સ્ખ | ૫ લિ | ૬ ત |
| ૭ હા | મ | | ૮ ઠ | ૯ બ | છ | બ | | ૧૦ પિ | ર |
| ૧૧ મ | ણ | ૧૨ કો | | હે | | ૧૩ જ | ડ | | જુ |
| ણું | | ૧૪ મ | હો | રું | | પ | | ૧૫ ગ | મો |
| | ૧૬ પ | લ | | | ૧૭ ભ્રાં | તિ | | ણે | |
| | રો | | ૧૮ ત | ત્વ | | | ૧૯ પા | શ | |
| ૨૦ અ | ક્ષ | | ર | | ૨૧ સા | મં | ત | | ૨૨ ક |
| પે | | ૨૩ રા | વ | | મ | | ૨૪ ક | ૨૫ હા | ર |
| ૨૬ ક્ષિ | ૨૭ તિ | | ૨૮ રા | મ | નો | ૨૯ મ | | ૩૦ લ | તા |
| ૩૧ ત | ર | ક | ટ | | | ૩૨ જા | ગ | ત | લ |

### ઓળખાણ પડી?



વિશેષ કરીને વર્ષાઋતુમાં થતી ઔષધીય ગુણ ધરાવતી વનસ્પતિની ઓળખાણ પડી? દૂધમાં એનું સેવન પુષ્ટિકારક માનવામાં આવે છે.

અ) ત્રિફળા  બ) પીપળી  ક) એલોવેરા  ડ) અશ્વગંધા

### ચતુર આપો જવાબ

**અર્થ જણાવો**

'ધરતી ઉપર છે એ જ ઘટાટોપ વહાલ આજે' પંક્તિમાં ઘટાટોપ શબ્દનો અર્થ જણાવો.

અ) ઘટમાળ  બ) સાફો  ક) જંગલ  ડ) મેઘાડંબર

### માઈન્ડ ગેમ

મૌર્ય સામ્રાજ્યના શાસનકાળમાં બાંધવામાં આવેલો અને ગુપ્ત સામ્રાજ્ય સુધી મહત્ત્વ ધરાવનાર ઉપરકોટ કિલ્લો કઈ જગ્યાએ આવ્યો છે?

અ) કાનપુર  બ) ઉપલેટા  ક) જૂનાગઢ  ડ) અજમેર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ | ૭ | ૫ | ૩ |
| ૬ | ૮ | ૩ | ૭ | ૯ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૯ |
| ૮ | ૧ | ૯ | ૬ | ૭ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૬ | ૭ | ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૮ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૭ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૪ | ૩ | ૫ | ૧ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ | ૭ | ૫ | ૩ |
| ૬ | ૮ | ૩ | ૭ | ૯ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૯ |
| ૮ | ૧ | ૯ | ૬ | ૭ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૬ | ૭ | ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૮ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૭ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૪ | ૩ | ૫ | ૧ | ૮ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગાવું | SING |
| ગાવડી | COW |
| ગાવલી | COMMISSION |
| ગાશિયો | WOOLEN CLOTH |
| ગાસ | DIRT |

**ગુજરાત મોરી મોરી રેઃ** ભીડ

**ઓળખાણ પડી?** વાવડિંગ

**માઈન્ડ ગેમ :** લોહગઢ

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** કપાળ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ધીરેન ઉદેશી (૬) ભરત કજરિયા (૭) નૂતન વિપીન શાહ (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મીનળ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) હર્ષા મહેતા (૧૩) નિખિલ બંગાળી (૧૪) લજિતા ખોના (૧૫) અમીશી બંગાળી (૧૬) મુલરાજ કપૂર (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) પ્રવીણ વોરા (૨૪) નંદુભાઈ એ. ગોઠી (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) અરવિંદ કામદાર (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) હેમાંગી કે. મારુ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) હિનાબેન દલાલ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) સુભાષ મોમાયા (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી

# તરોતાજા

તન મન ધનથી રહો






અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

# સેલ્ફ-ગોલ ન કરો...

કલ્પના કરો કે તમે ફૂટબોલ મેચમાં ફોરવર્ડ તરીકે રમવા જઈ રહ્યા છો. તમે આ ટીમ માટે ક્યારેય રમ્યા નથી અને તમને કોઈ ખેલાડીઓ ઓળખતા નથી. વધુમાં, બન્ને ટીમો સફેદ ડ્રેસ પહેરીને રમી રહી છે. એકબીજાથી અલગ ઓળખી શકાય તેવી નથી.

તમે મેદાન પર મોડા પહોંચો અને ત્યાર સુધી મેચ શરૂ થઇ ગઈ હોય. તમને મેદાનમાં મોકલવામાં આવે છે અને રમવાનું કહેવામાં આવે છે. તમને ખબર નથી કે તમારી ટીમ કઈ છે અને તમને કયા ગોલ પોસ્ટ પર સ્કોર કરવો છે, તો તમે કેવી રીતે રમશો?

શું શક્ય છે કે તમે બીજા ખેલાડીઓને જુઓ અને મોટા ભાગના ખેલાડીઓ જ્યાં નિશાન સાધે છે તેને અનુસરો? શું એક સમયે, તમે બોલ મેળવ્યો. તેને એક ગોલ પોસ્ટ તરફ ડ્રિબલ કર્યો. ડિફેન્સને ડોજ આપ્યો. ગોલકીપરની બાજુમાં જઈને ગોલ કર્યો. રેફરીએ સીટી વગાડી અને તમે ઉજવણી કરવાનું શરૂ કર્યું અને પછી તમે સ્કોરબોર્ડ તરફ જોયું તો આશ્ચર્ય....આશ્ચર્ય.

તે બીજી ટીમ હતી જેણે પહેલો ગોલ કર્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, તમે સ્વ-ગોલ કર્યો હતો.

આ વાર્તા થોડી અજીબ લાગે છે ને? હા, બિલકુલ. એવો ઈરાદો જ હતો. આ એક અતિશયોક્તિ છે, પરંતુ ખાતરી રાખો, ફૂટબોલના મેદાનમાં આ અતિશયોક્તિ છે જીવનમાં નહિ.

નિવેશની દુનિયા અલગ છે. ત્યાં આવી વાર્તાઓ સામાન્ય છે. ફૂટબોલ મેદાનમાં બે જ ગોલ પોસ્ટ હોવાથી સેલ્ફ-ગોલની શક્યતા આશરે ૫૦% છે ક્યાં તો સાચો ગોલ અથવા સેલ્ફ-ગોલ.

બીજી તરફ વાસ્તવિક જીવનમાં? જો તમને ખબર જ નથી કે તમારું ગોલ પોસ્ટ ક્યાં છે, તો કંઈ પણ કરશો તો સેલ્ફ-ગોલની શક્યતા વધુ છે. જેને તમે હાંસલ કરવા માગો છો, એ ગોલ સિવાય ક્યાંય મારી દો, તો તમે હારશો. જીવનમાં, તમારા નાણાકીય લક્ષ્યો બીજું કોઈ નક્કી કરતું નથી. એ જવાબદારી તમારી અને માત્ર તમારી છે.

હા, તમારા માટે કોઈ ગોલ ન નક્કી કરવો એ પોતાની જાતને આર્થિક હાર તરફ લઈ જવાનું આમંત્રણ છે.

સારી વાત એ છે કે તમે તમારા ગોલ તમારા મુજબ નક્કી કરી શકો છો. તમે કેટલાક મુશ્કેલ અને કેટલાક સરળ ગોલ નક્કી કર્યા હશે. કેટલાક ટૂંકા ગાળાના અને કેટલાક લાંબા ગાળાના ગોલ. વ્યક્તિગત, પરિવાર સંબંધિત કે સામાજિક ગોલ. પૈસાથી જોડાયેલા અથવા અનુભવો સાથે જોડાયેલા ગોલ.

આ પસંદગી તમારી છે અને એકમાત્ર તમારી. કોઈ પણ વ્યક્તિ આ નિર્ણય પર પ્રશ્ન ઉઠાવી શકે નહીં. હા, એક વ્યાવસાયિક સલાહકાર તમને લક્ષ્યોને પ્રાથમિકતા આપવામાં અને તમારા નિર્ણયોના પરિણામોને સમજવામાં મદદ કરી શકે છે, પરંતુ અંતિમ નિર્ણય ફક્ત તમારો જ હોવો જોઈએ.

એકવાર તમે ગોલ નક્કી કરી લો, પછી રમત કેવી રીતે રમવી તે પણ તમારી જવાબદારી છે. ગોલ પ્રમાણે તમે આક્રમક રીતે કે સંરક્ષણાત્મક રીતે રમવાનું નક્કી કરો. ફક્ત એટલું ધ્યાન રાખો કે તમે સેલ્ફ-ગોલ ન થઈ જાય..

અહીં ફરીથી, એક વ્યાવસાયિક સલાહકાર તમને લક્ષ્યો હાંસલ કરવાની યોજના બનાવવામાં મદદ કરી શકે છે, પરંતુ પગલાં તમારે જ લેવા પડશે. ફૂટબોલની રમતમાં પણ, કોચ ખેલાડીઓને માર્ગદર્શન આપી શકે છે, પરંતુ ખેલાડીઓએ યોજના મુજબ ગેમ રમવી જોઈએ.

...તો આગળ વધો. જીવનના ગોલ નક્કી કરો. તેમને આર્થિક ગોલમાં રૂપાંતરિત કરો એટલે કે તેમને રકમ અને સમયમર્યાદા આપો. આ નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આર્થિક સલાહકારની મદદથી યોજના તૈયાર કરો અને સંતોષજનક જીવન જીવો. ■

# આરોગ્ય વીમામાં કઈ કઈ આધુનિક સારવાર આવરી લેવામાં આવી છે?

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com



*કલ્પના કરો કે તમારી માતાને છાતીમાં તકલીફ થતાં તમે તેમને તપાસ માટે લઈ જાઓ છો. ડૉક્ટર કહે છે કે હૃદયમાં થોડા બ્લૉકેજ છે અને તાત્કાલિક સારવાર જરૂરી છે. ઓપન સર્જરી, લાંબું હૉસ્પિટલાઇઝેશન અને ધીમી રિકવરીના વિચારથી ચિંતા થાય એ સ્વાભાવિક છે. ત્યારે ડૉક્ટર રોબોટિક સર્જરીનો વિકલ્પ સૂચવે છે. નાના ચીરા, વધુ ચોકસાઈ અને ઝડપી રિકવરી. એકમાત્ર મુશ્કેલી એ કે તેનો ખર્ચ પરંપરાગત સર્જરી કરતાં ઘણો વધારે હોય છે. અહીં જ વ્યાપક આરોગ્ય વીમો કામ આવે છે, કારણ કે વીમાની રકમ સુધીનો સંપૂર્ણ ખર્ચ પૉલિસી હેઠળ આવરી લેવાય છે.*

## આધુનિક સારવાર એટલે શું?

આરોગ્ય વીમામાં આધુનિક સારવાર એટલે એવી પ્રક્રિયાઓ જેમાં અત્યાધુનિક ટેક્નૉલૉજીનો ઉપયોગ થાય છે અને જે એક સમયે અસાધ્ય ગણાતા રોગોની સારવાર શક્ય બનાવે છે. આ પ્રક્રિયાઓ મોટાભાગે મિનિમલી ઇન્વેસિવ હોય છે, એટલે કે શરીર પર ઓછો ઘસારો પડે છે અને દર્દી પરંપરાગત ઓપન સર્જરી કરતાં ઝડપથી સાજો થાય છે. પરિણામ વધુ સારાં મળે છે, પરંતુ અદ્યતન ટેક્નૉલૉજીના કારણે ખર્ચ ઊંચો રહે છે.

**શું આરોગ્ય વીમામાં આવી સારવાર આવરી લેવામાં આવી છે?**

હા. વર્ષ ૨૦૧૯માં વીમા નિયમનકાર IRDAIએ તમામ વીમા કંપનીઓને 'મોડર્ન ટ્રીટમેન્ટ બેનિફિટ' હેઠળ ૧૨ આધુનિક સારવારો ફરજિયાત આવરી લેવાનો નિર્દેશ આપ્યો. આ પહેલાં ઘણી કંપનીઓ આવી પ્રક્રિયાઓને 'પ્રાયોગિક' ગણાવીને ક્લેમ નકારતી હતી. હવે હોસ્પિટલાઇઝેશન, પ્રી અને પોસ્ટ-હોસ્પિટલાઇઝેશન, ડે-કેર પ્રક્રિયાઓ અને ડોમિસિલિયરી (ઘરે થતી) સારવારના ખર્ચ પોલિસી હેઠળ આવરી લેવાય છે.

## IRDAI મુજબ આવરી લેવાતી ૧૨ આધુનિક સારવાર

૧. રોબોટિક સર્જરી
૨. સ્ટેમ સેલ થેરાપી
૩. ઇમ્યુનોથેરાપી
૪. ઓરલ કીમોથેરાપી (ગોળી સ્વરૂપે કેન્સરની દવા)
૫. ઇન્ટ્રા વિટ્રિયલ ઇન્જેક્શન (આંખની રેટિના સંબંધિત સારવાર)
૬. ડીપ બ્રેઇન સ્ટિમ્યુલેશન
૭. સ્ટીરિયોટેક્ટિક રેડિયો સર્જરી
૮. બ્રોન્કિયલ થર્મોપ્લાસ્ટી (ગંભીર અસ્થમાની સારવાર)
૯. ઇન્ટ્રા ઓપરેટિવ ન્યુરો મોનિટરિંગ (IONM)
૧૦. યુટેરાઇન આર્ટરી એમ્બોલાઇઝેશન અને HIFU
૧૧. બલૂન સાઇનુપ્લાસ્ટી
૧૨. વેપોરાઇઝેશન ઓફ ધ પ્રોસ્ટેટ

## ક્લેમ કરતાં પહેલાં આટલી વાત ધ્યાનમાં રાખો...


**સબ-લિમિટ** કવરેજ ફરજિયાત હોવા છતાં ઘણી કંપનીઓ ચોક્કસ સારવાર માટે મર્યાદા રાખે છે. કેટલીક પૉલિસી સંપૂર્ણ વીમા રકમ સુધી કવર આપે છે, જ્યારે અન્ય વીમા રકમના ૨૫% કે ૫૦% સુધી જ ચૂકવે છે. બાકીની રકમ પૉલિસીધારકે ખિસ્સામાંથી ભરવી પડે છે. ઉદાહરણ તરીકે, કેટલીક કંપની રોબોટિક સર્જરીના બિલમાં માત્ર 'રોબોટિક' હિસ્સા માટે નિશ્ચિત મર્યાદા સુધી જ ચુકવણી કરે છે અને બાકીનું બિલ પરંપરાગત સર્જરીના દરે ગણે છે. તેથી પૉલિસી ખરીદતાં પહેલાં સબ-લિમિટ ઓછી હોય કે બિલકુલ ન હોય તેવો વિકલ્પ પસંદ કરવો હિતાવહ છે.

**વેઈટિંગ પિરિયડ** દરેક પૉલિસીમાં શરૂઆતના ૩૦ દિવસનો પ્રારંભિક વેઇટિંગ પિરિયડ હોય છે, જે દરમિયાન ક્લેમ થઈ શકતો નથી. પહેલેથી હાજર બીમારી (પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ) માટે વીમા કંપની પ્રમાણે ૧ થી ૩ વર્ષનો વેઇટિંગ પિરિયડ લાગુ પડે છે. આધુનિક સારવાર માટે અલગ વેઇટિંગ પિરિયડ સામાન્ય રીતે નથી, છતાં પૉલિસી દસ્તાવેજ ચકાસવો જરૂરી છે.

**તબીબી જરૂરિયાત** આ સારવારો ત્યારે જ કવર થાય જ્યારે માન્ય ડૉક્ટરે લેખિતમાં તે તબીબી રીતે જરૂરી હોવાનું પ્રિસ્ક્રિપ્શન આપ્યું હોય. પ્રિસ્ક્રિપ્શન વિના વીમા કંપની ક્લેમ નકારી શકે છે.

**નિયમ - શરત** કો-પેમેન્ટ, રૂમ રેન્ટની મર્યાદા અને અન્ય બાકાત બાબતો (એક્સક્લુઝન) પૉલિસી દસ્તાવેજમાં કાળજીપૂર્વક વાંચો.

**નિષ્કર્ષ** વિજ્ઞાન અને ટેક્નૉલૉજીની પ્રગતિથી આજે એવા રોગોની સારવાર શક્ય બની છે જે વર્ષો પહેલાં અશક્ય હતી. આ સારવારો મોંઘી જરૂર છે, પરંતુ IRDAIના નિયમોના કારણે આરોગ્ય વીમામાં આવરી લેવાય છે. તેથી પૂરતી વીમા રકમ સાથેનો વ્યાપક આરોગ્ય વીમો દરેક પરિવાર માટે અનિવાર્ય છે. વધારાની સુરક્ષા માટે ક્રિટિકલ ઇલનેસ કવર, હૉસ્પિટલ ડેઇલી કૅશ અને OPD કવર જેવા એડ-ઑન વિકલ્પો પણ વિચારી શકાય. પૉલિસી ખરીદતી વખતે માત્ર પ્રીમિયમ નહીં, પણ સબ-લિમિટ, વેઇટિંગ પિરિયડ અને શરતોની સરખામણી કરીને નિર્ણય લેવો જેથી જરૂરિયાતના સમયે આધુનિક સારવારનો લાભ કોઈ આર્થિક બોજ વિના મળી શકે. ■




આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# વિટામિનની ઊણપને અવગણવી ભારે પડી શકે છે

આપણે જ્યારે આરોગ્યની વાત કરીએ ત્યારે તેમાં સૌથી વધુ ચર્ચાતી વાત એક હોય છે વિટામિન્સ. વિટામિન્સ એ એવા પદાર્થોનો સમૂહ છે જે કોષોના સામાન્ય કાર્ય, વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી છે.

કુલ ૧૩ આવશ્યક વિટામિન્સ છે. શરીરના યોગ્ય સંચાલન માટે આ વિટામિન્સની જરૂર હોય છે. જેમ લશ્કરમાં સૈનિકના હોદ્દા પ્રમાણે તેમનાં કાર્યો નિશ્ચિત થયેલા હોય, તેવી રીતે પ્રત્યેક વિટામિન શરીર માટે એક મહત્ત્વનું કાર્ય કરે છે.

આજકાલની જીવનશૈલીમાં ડૉક્ટરો પાસે જતા દર્દીઓમાં સૌથી સામાન્ય તકલીફોમાંથી એક હોય છે વિટામિન્સની ઊણપ.

વિટામિન્સ આટલા જરૂરી શા માટે છે? તે જાણવું જરૂરી છે. તેની ઊણપોથી આરોગ્યની શું તકલીફો સર્જાઈ શકે એ પણ જાણવું જરૂરી છે.

વિટામિનની ઊણપ વિશ્વભરમાં સામાન્ય છે. તેની સામાન્ય રીતે સારવાર કરી શકાય છે. વિટામિનની ઊણપ એટલે તમારા શરીરને જરૂરી પોષક તત્ત્વોનો પૂરતો અભાવ. આ ઊણપ શરીરની સિસ્ટમને ખરાબ કરી શકે છે.

વિટામિનની ઊણપ સામાન્ય રીતે એવી વસ્તુને કારણે થાય છે જે તમે અરોગતા નથી, પરંતુ તમે વિવિધ પ્રકારના સ્વસ્થ ખોરાક ખાતા હો, છતાં ઘણાં એવાં કારણો પણ હોય છે જેને કારણે પણ તમને વિટામિનની ઊણપ રહી શકે છે. વિટામિનની ઊણપ ઘણીવાર ગંભીર, કાયમી અથવા તો ઘાતક ગૂંચવણોનું કારણ બની શકે છે.

**▶ વિટામિનની ઊણપ કેટલી સામાન્ય છે?**

વિટામિન Aની ઊણપ વિશ્વભરમાં સૌથી સામાન્ય છે. વિશ્વઆરોગ્ય સંસ્થાનો અંદાજ છે કે વિટામિન Aની ઊણપ દર વર્ષે વૈશ્વિક સ્તરે ૨૫૦,૦૦૦થી ૫,૦૦,૦૦૦ બાળકોમાં અંધત્વનું કારણ બને છે. સંશોધન એ પણ દર્શાવે છે કે બધી ઉંમરના અનેક લોકોમાં આ ઊણપ હોય છે, પરંતુ તે એટલી ગંભીર ઊણપ થઈ હોતી કે જે ના દેખાય. વિશ્વભરમાં અન્ય સૌથી સામાન્ય વિટામિનની ઊણપમાં વિટામિન D અને B12નો સમાવેશ થાય છે. વિટામિન Eની ઊણપ જેવી અન્ય વિટામિનની ઊણપ અત્યંત એટલી સામાન્ય નથી હોતી.

વિટામિનની ઊણપનાં લક્ષણો મુખ્યત્વે એ વાત પર આધાર રાખે છે કે તમારા શરીરમાં કયા વિટામિનની ઊણપ છે અને તે ઊણપ કેટલી ગંભીર છે.

મોટા ભાગે એવું માનવામાં આવે છે કે આપણા ખોરાકમાં વિટામિનની ઊણપ હોય એટલે આપણા શરીરમાં પણ તેની અસર દેખાય. જોકે, દરેક વખતે આ જ કારણ હોય તેવું નથી, પણ અનેક કારણોમાંથી એક જરૂર છે.

વિટામિનની ઊણપ સામાન્ય રીતે નિવારી શકાય તેવી હોય છે, પરંતુ ક્યારેક તે એવા કારણોસર થાય છે જેને તમે બદલી શકતા નથી.

આનુવંશિક સ્થિતિઓ અથવા તમારા નિયંત્રણ બહારનાં અન્ય પરિબળોના કિસ્સામાં આ વાત ખાસ કરીને સાચી છે. વળી, પૌષ્ટિક ખોરાક લેવા છતાં પણ તમને તેની ઊણપ થઈ શકે છે.

એક અન્ય વિવાદ કે મતભેદ એ છે કે શાકાહારી ખોરાક ખાનારાઓમાં વિટામિનની ઊણપ વધારે જોવા મળે છે કે કેમ? એ ઉપરાંત માદક પીણાં, સૂર્ય પ્રકાશ ઓછો મળવો, કેટલીક દવાઓ ચાલુ હોવી, જેવાં કારણો પણ વિટામિન્સની ઊણપ માટે જવાબદાર હોય છે.

વધતી ઉંમર પણ વિટામિન્સની ઊણપનું એક કારણ છે. તેવી જ રીતે સ્ત્રીઓ અને પુરુષોમાં વિટામિન્સની જરૂરિયાત અલગ હોય છે. તેમની સમસ્યાઓ પણ ઘણી વાર અલગ હોય છે. ખાસ કરીને, ઉંમર વધવાની સાથે સ્ત્રીઓને પોષણની જરૂરિયાતો અલગ અલગ હોય છે.

વિટામિન અને ખનિજોની ઊણપનાં લક્ષણો ઘણીવાર સૂક્ષ્મ અને દેખાઈ આવે તેવાં કે તરત અનુભવાય તેવાં ન હોવાથી, સમસ્યાને ઓળખવા માટે ટેસ્ટિંગ એ સૌથી વિશ્વસનીય રીત છે. કેટલાંક લક્ષણોને આપણે ઉંમર સંબંધિત અથવા કામના તણાવ સંબંધિત સમજીને આપણે અવગણતા હોઈએ છીએ, જે ક્યારેક ભારે પડી શકે છે. માટે કોઈ પણ નાની-મોટી સમસ્યા જો સતત અનુભવાતી હોય તો તબીબ પાસે જઈને તેનું ચોક્કસ કારણ જાણી લેવું એ આરોગ્યની જાળવણીની માસ્ટર કી છે.

અલગ અલગ વિટામિન્સની ઊણપ વિશે આપણે આગળ ચર્ચા કરીશું અને વધુ જાણીશું. ■

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

feedback@bombaysamachar.com

# કેલ્શિયમની ઊણપ થવાનું કારણ સોડિયમ...



હાલના સમયમાં ઘણાંય વ્યક્તિઓને મિનરલ્સની ઊણપ ખૂબ મોટા પ્રમાણમાં જણાય છે. આની પાછળના કારણો સૌ જાણે છે. છતાં પણ આ કારણોની અવગણના કરે છે. જેના કારણે વ્યક્તિઓ બીમારીઓને લાંબા સમય સુધી ભોગવે છે. જીવનશૈલી અસ્તવ્યસ્ત છે. સમય પર ભોજન પૌષ્ટિકતાવાળુ નથી, આહારના કોઇ નિયમ નથી. જેના કારણે વ્યક્તિઓ મુશ્કેલીમાં રહે છે. ઘણીય દવાઓ ટીકડીઓ કે અન્ય નુસખા અપનાવે છે. જેનાથી કોઇપણ ફાયદો થતો નથી. બાહ્ય ભોજન ગુણવતાવાળા નથી બનતા. ઘરના ભોજનમાં બાહ્ય તૈયાર પેકેટ કે ચટપટા મસાલાઓ નાખી બનાવાય છે. તેથી વ્યાધિઓ વધુ વકરે છે. બાહ્ય ખાદ્ય પદાર્થ કે ઘરમાં ગુણવત્તા વગરના ભોજનને કારણે શરીરમાં મિનરલ્સની ઊણપ થઇ જાય છે. તેમ જ ઘણાંય વ્યંજનોમાં વધુ પડતા સોડિયમના કારણે શરીરમાં તકલીફો જણાય છે. વધુ પડતા સોડિયમ (અલગ અલગ નમક)ના કારણે શરીરમાંથી કેલ્શિયમ ઘટી જાય છે. કારણ પેશાબમાં સોડિયમ વધતા શરીરમાંથી કેલ્શિયમ પણ બહાર ફેંકાય છે.

સોડિયમ એક મહત્ત્વપૂર્ણ ઇલેક્ટ્રોલાઇટ છે જે શરીરને સુચારુ સંચાલનમાં સહાયક બને છે. આ પોષક તત્ત્વો અને પાણીને કોશિકાઓ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. તરલ પદાર્થોનું સંતુલન જાળવી રાખે છે. પોટેશિયમની સાથે મળીને તંત્રિકાઓ અને માંસપેશીઓને ઊર્જા પ્રદાન કરે છે. એટલે કે દૈનિક ક્રિયાઓમાં સોડિયમ ચુપચાપ કામ કરે છે. શરીરની અંદર ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે સોડિયમ જરૂરી છે. પોષક તત્ત્વ અંદર આવે ત્યારે પાણી પણ તેની સાથે ચાલ્યું જાય અને આપણું શરીર હાઇડ્રેટેડ રહે છે. સરળ શબ્દોમાં કહીએ તો સોડિયમ એક સહાયરૂપ કાર્ય કરે છે. સોડિયમ લેવાનું પ્રમાણ એટલે નમક ખાવાનું પ્રમાણ સંતુલિત હોવું જરૂરી છે.

દરિયાઇ મીઠુ (સી-સોલ્ટ)નો ખાવામાં ઉપયોગ થવો જોઇએ. અન્ય નમક સિંધવ સફેદ, સિંધવલાલ, ટેબલસોલ્ટ રિફાઇન્ડ નમક કે આયોડિનવાળા નમકનો ઉપયોગ બંધ કરી દેવો જોઇએ. આજીનોમોટો (સોડિયમ ગ્લુટામેટ) જેવા નમક શરીરમાં જોરદાર ઍસિડિટી પેદા કરે છે. લોહીમાં પાણી પ્રમાણ વધારી દે છે તેથી વારેવારે પેશાબ આવે છે. હાઇ બ્લ્ડ પ્રેશરની સમસ્યા થાય છે. વધુ પેશાબ આવવાના કારણે કેલ્શિયમ સાથે નીકળી જાય છે. તેથી હાડકા પોચા પડી જાય છે. આગળ જતાં ઓસ્ટ્રીયોપોરાસીસની સમસ્યા થાય છે. સાથે સાથે વાળ ઊતરવા નખ તૂટવા, દાંત નબળા પડવા, ચામડીની ચમક જતી રહે છે. કેલ્શિયમ ઘટતાં હૃદયનું ફંકશન નબળું પડે છે તેથી સ્ટ્રોક આવવાની શકયતા વધી જાય કારણ હાઇ બી.પી. થાય છે માટે.

મોર્ડન લાઇફસ્ટાઇલના કારણે પેકેટ ફૂડનું પ્રમાણ વધ્યું છે. પેકેટ પર વાંચવું જરૂરી છે. તેમાં કયું સોડિયમ (નમક)નો ઉપયોગ થયો છે. વધુ ચીપ્સ ખાવાની આદત પણ નમકના કારણે થાય છે. આ ચીપ્સથી પેટ ભરાતું નથી. પોષણ મળતું નથી તેથી વધુ ખાવાની ઇચ્છા થાય છે. તે આદત બની જાય છે. સ્વાદના કારણે વધુ ખવાય જેથી હાઇ બી.પી. સમસ્યા સર્જાય છે. તેમ જ શરીરમાંથી મિનરલ્સ પણ ઓછો થઇ જાય છે. પ્રીઝર્વ કરેલા પેકેટ ફૂડમાં પણ અત્યાધિક નમક તેમ જ ખાવાલાયક નમક નથી હોતું. પ્રીઝર્વ માટે વધુ નમક વપરાય છે જેથી ફૂડ ખરાબ ન થાય તો આ પ્રીઝર્વ ફૂડનો વપરાશ બાળકો વધુ કરે છે. જેના કારણે તેઓમાં ધ્યાનકેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે અને ચિડચિડો બને છે. આ ફૂડ પેકેટમાં સોડિયમ વધુ હોવાના કારણે શરીરમાં કેલ્શિયમ એબ્ઝોર્પશનને ઘટાડી નાખે છે. જેથી કેલ્શિયમની ઊણપ વધી જાય છે.

કેલ્શિયમ ઘટતાં જ નર્વ સિસ્ટમ અને માંસપેશીઓમાં તકલીફ પેદા થાય છે. તે પોતાનું કામ સુચારુ રૂપથી કરી શકતી નથી. તેથી નબળાઇ જણાય છે. વધુ સોડિયમના કારણે હૃદયનું ફંકશન ખરાબ થાય છે. સોડિયમનો વપરાશ ચહા, કોફી અને એનર્જી ડ્રીંક્સ બનાવવામાં પણ થાય છે. કેફીનના કારણે શરીરમાં કેલ્શિયમનું એબ્ઝોપર્શન થતું નથી અને વધુ પેશાબ આવે છે ઘણાંય રમતવીરો (સ્પોર્ટમેન)ના હાથ પગ વળી જાય છે. કારણકે તેઓ મેદાનમાં રમત પછી વધુ કોલ્ડ્રિંક પીવે છે. જેથી હાડકાં નબળા પડે છે અને તેઓમાં ફ્રેકચરનું પ્રમાણ વધુ હોય છે. એનર્જી ડ્રીંકમાં સોડિયમનું અને કેફિનનું પ્રમાણ વધુ થાય છે. જેના કારણે હાડકાંની ડેન્સિટી ઘટી જાય છે. ડ્રીંકમાં અને કાર્બોનેટ ડ્રીંકમાં ફોસ્ફોરિક એસિડની માત્રા વધુ હોય છે જે કેલ્શિયમનું લેવલ ઘટાડી દે છે.

હાઇ પ્રોટીન ડાયટના કારણે કેલ્શિયમનું એબ્ઝોર્પશન પ્રભાવિત થાય છે. જેમ કે રેડમીટ, ઇંડા અને પ્રોટીન સપ્લિમેન્ટમાં એસિડનું પ્રમાણ અને સોડિયમનું પ્રમાણ ક્રમશઃ વધુ હોય છે. આને પચવા માટે વધુ કેલ્શિયમની જરૂર પડે છે. વધુ પ્રમાણમાં બીટ ખાવાના કારણે પણ કેલ્શિયમની કમી થાય છે. કારણ તેમાં ઓક્સાલેટની માત્રા વધુ હોય છે. ન ખાવા જેવા નમકના કારણે કે તેનો અતિરેક થતાં એપોપ્ટોટિક કોશિકાઓમાં વૃદ્ધિ થાય એટલે કે સોજા આવે સ્પાયન કોડ નબળું પડી જાય છે.

સોડિમય કાર્બોનેટ (વોશિંગ સોડા) સોડિયમ કલોરાઇડ (ટેબલસોલ્ટ) સોડિયમ બાય કાર્બોનેટ (બેકિંગ સોડા) સોડિયમ હાઇડ્રોકસાઇડ (કોસ્ટીક સોડા) સોડિયમ નાઇટ્રેડ અને સોડિયમ નાઇટ્રેટ જે પ્રીઝર્વ માટે વપરાય છે. મોનો સોડિયમ ગ્લુટામેટ (આજીનોમોટો) ડીસોડિયમ ફોસ્ફેટ ટ્રીસોડિયમ ફોસ્ફેટ ફૂડ એડીટીવ છે. આ બધાથી બચવું જરૂરી છે. આ બધા ખાવાલાયક નથી તેથી ફૂડ પેકેટ કે ધાબાની વસ્તુઓ ફરસાણની વસ્તુઓ, આઇસક્રીમ, ચોકલેટ, ચીપ્સ, જામ, ફ્રૂટ જામ, સોસ, કેચપ, તૈયાર સુપના પેકેટ, મુખવાસ, પાચકચૂર્ણ ગોળીઓ, બિસ્કિટ, બ્રેડમાં, ખારી, ટોસ વગેરેમાં સોડિયમ (નમક)ના વિશેની માહિતી પછી જ વાપરવા. જોકે આ બાહ્ય પદાર્થો ખાવા યોગ્ય નથી. બધા જ કેલ્શિયમની ઊણપ માટે જવાબદાર છે. ■

હેલ્થને હેમખેમ રાખો

મિતા બાવીસી

feedback@bombaysamachar.com

નવી કૉલમ



# ખરજવું - ખસ - ખૂજલી - દરાજ

* ત્રણ દિવસનો વાસી પેશાબ ખરજવા ઉપર દિવસમાં સવાર-સાંજ ચોપડવાથી ખરજવું ચોક્કસ મટે છે. (ત્રણ બાટલી રાખી રોજ એક બાટલીમાં પેશાબ ભરતા રહેવું).

* ગાજરને વાટી તેમાં થોડું મીઠું નાખી ગરમ કરી ખરજવા ઉપર બાંધવાથી ખરજવું મટે છે.

ખારેક અથવા ખજૂરના ઠળિયાને ભાળી તેની રાખ કપૂર અને હિંગ સાથે મેળવી ખરજવા પર લગાડવાથી ખરજવું મટે છે.

* કળીચૂનો અને પાપડખાર મેળવી પાણીમાં ભીંજવી ખરજવા ઉપર લગાડવાથી ખરજવું મટે છે.

* તાંદળિયાની ભાજીના રસમાં સાકર મેળવીને પીવાથી ખસ મટે છે.

* કાંદાનો રસ ખરજવા ઉપર લગાડવાથી ખરજવું મટે છે.

* બટાટા બાફી તેના કટકા કરી સહન થાય તેવા ગરમાગરમ ખરજવા ઉપર બાંધવાથી ખરજવું મટે છે.

* ખરજવા ઉપર લીમડાનાં બાફેલાં પાન બાંધવાથી અને લીમડાનો અર્ધો કપ રસ સવાર-સાંજ પીવાથી ખરજવું મટે છે.

* પપૈયાનું દૂધ અને ટંકણખારને ઉકળતા પાણીમાં મેળવીને લેપ કરવાથી ખરજવું, ખસ મટે છે.

* જવના લોટમાં તલનું તેલ અને છાશ મેળવીને લગાડવાથી ખૂજલી મટે છે.

* કોપરું ખવાથી અને કોપરું બારીક વાટી શરીરે ચોપડવાથી ખંજવાળ મળે છે.

* ટામેટાના રસમાં તેનાથી બમણું કોપરેલ મેળવી શરીર પર માલિશ કરી, અર્ધા કલાક પછી સ્નાન કરવાથી ખૂજલી મટે છે.

* આમળાં બાળી, તલના તેલમાં મેળવી, ચોપડવાથી ખસ મટે છે.

* ચણાનો લોટ પાણીમાં મેળવી શરીરે માલિશ કરવાથી ખૂજલી મટે છે.

* રાઈને દહીંમાં ઘૂંટીને તેમાં સહેજ પાણી નાખી દરાજ પર ચોપડવાથી દરાજ મટે છે.

* એળિયો દહીંમાં વાટીને ચોપડવાથી ખસ મટે છે.

* તુવેરનાં પાન બાળી દહીંમાં મેળવી ચોપડવાથી ખસ મટે છે.

* આખા શરીરે ખૂજલી આવતી હોય તો સરસરિયાના તેલની માલિશ કરવાથી ખૂજલી મટે છે.

* કોપરેલ અને લીંબુનો રસ મેળવી શરીર પર માલિશ કરવાથી ખૂજલી મટે છે.

* ખંજવાળ આવતી હોય તો તુલસીનાં પાનનો રસ ઘસવાથી મટે છે.

* મધ્યમ કદનું ખેતરમાં થતું બટાટું બાફી, તેની પોટીસ કરી રાત્રે ખરજવા પર મૂકી પાટો બાંધી સવારે છોડી નાખવો. આ રીતે દોઢ માસ સુધી કરનાથી જૂનું હઠિલું સૂકું ખરજવું મટે છે.

* દાદર-ખરજવા ઉપર ઘાસલેટમાં ગંધક મેળવીને લગાડવાથી મટી જાય છે.

* કુવાડિયાના બીજને ખાટી છાશમાં અથવા લીંબુના રસમાં વાટી મલમ જેવું બનાવીને દાદર ઉપર લગાડવાથી દાદર મટે છે. કડવા લીમડાનાં કૂણાં પાનને પાણીમાં ઉકાળી, પાણી સાધારણ ઠંડું થાય ત્યારે તે પાણીથી દાદરવાળો ભાગ ધોઈને દિવસમાં ત્રણ-ચાર વાર ઉપર મલમ લગાડવો.

* ખરજવા ઉપર ગાયના છાણનો પાટો બાંધવાથી ખરજવું મટે છે.

## દાઝ્યા ઉપર



* દાઝેલા ઘા પર કકડાવેલું તેલ ચોપડવાથી ખૂબ ફાયદો થાય છે.

* દાઝેલા ઘા પર તરત કોપરેલ અથવા બટાકુ કાપી ઘસવાથી ફોલ્લો થશે નહીં.

* દાઝેલા ઘા પર તાંદળજાનો રસ ચોપડવાથી આરામ થાય છે.

* દાઝેલા ઘા પર મેંદીના પાનને વાટી પાણી સાથે પીસીને લગાડવાથી આરામ થાય છે.

દાઝેલા ઘા પર ખૂબ પાકા કેળાને બરાબર મસળી, ચોંટાડી પાટો બાંધવાથી તરત જ શાંતિ અને આરામ થાય છે.

* દાઝેલા ઘા પર તુલસીનો રસ અને કોપરેલ ઉકાળીને ચોપડવાથી દાઝેલાની બળતરા મટે છે. ફોલ્લા અને જખમ ઝડપથી રુઝાઈ જાય છે.

* ગરમ પાણી કે વરાળથી દાઝી જવાય તો તે ભાગ પર ચોખાનો લોટ છાંટવાથી ખૂબ આરામ થાય છે.

* દાઝેલા ઘા પર ઈંડાની સફેદી લગાડવાથી ઘા રુઝાઈ જાય છે અને ડાઘ રહેતો નથી.

જખમ, ઘા, ગૂમડાં, ચાંદાં, શીતળા જેમાં બહુ બળતરા થતી હોય તેમાં ચોખાનો બારીક લોટ પાઉડરની જેમ ચાંદાં પર લગાડવાથી દાહ, બળતરા મટે છે.

* દાઝેલા ઘા પર છૂંદેલો કાંદો તરત જ લગાડવાથી તરત જ આરામ થાય છે.

* રાઈના લોટને ઘી-મધમાં મેળવીને કાંટો કે કાચ વાગ્યો હોય તેના પર લેપ કરવાથી કાંટો કે કાચ બહાર આવી જાય છે.


* દાઝ્યા ઉપર ફોલ્લા પડ્યા પહેલાં કાચું બટાકુ લઈ પથ્થર પર લસોટી તેનો લેપ લગાડી દેવો. * આનાથી દાઝ્યાની વેદના અને બળતરા શમી જાય છે અને ફોલ્લાં થતાં નથી કે ડાઘ પડતા નથી. દિવસમાં ત્રણ-ચાર વાર આ લેપ કરવો.

* વડનાં પાનને ગાયના ઘીમાં વાટીને બળેલા ભાગ ઉપર તેનો લેપ કરવાથી તરત બળતરા મટે છે.

* દાઝ્યા ઉપર કેરોસીન લગાડવાથી ઘણી શાંતિ થાય છે તથા જલદી રૂઝ આવે છે.

* દાઝ્યાના ફોલ્લા ઉપર પ્રથમ છાશ રેડવી અથવા ઠંડું પાણી રેડવું. કુંવારપાઠુંની છાલ કાઢીને અંદરનો ઘાટો રસ દાઝ્યા ઉપર લગાડતા રહેવો. આનાથી બળતરા ઓછી થાય છે અને જલદી રૂઝ આવે છે.

* ચણાના લોટનું પાતળું દ્રાવણ દાઝ્યા ઉપર સારું કામ કરે છે. (ક્રમશઃ)■




**મને મારી જ નવાઈ લાગે છે. મને શા માટે પુરુષજાત પરથી ભરોસો ઊઠી જતો નથી? શા માટે મને નફરત જાગતી નથી. મારો બાપ આખો સોનાનો છે, પણ એનું હૃદય પીતળનું છે. રૂપાળી સ્ત્રીની ઘેલછા એમની નબળાઈ છે.**

**સનત** ખોવાયેલી દશામાં બેઠેલી સોનલના હોઠ સામે તાકી રહ્યો હતો. એક સુંદર છોકરી પોતાની જિંદગીનાં અંગત પૃષ્ઠ ખોલવાં બેઠી હતી. એક યુવાન છોકરાના કાન ઉત્સુક થઈ ગયા હતા.

‘સનત તમારો આભાર માનું એટલો ઓછો. આજે મને આશરો આપ્યો એમ કહું તો પણ ખોટું નથી. મેં તમને થોડીવાર પહેલા સપનાં ન જોવાનું કહ્યું એ તમને નહીં ગમ્યું હોય. કોઈ જુદા સંજોગ હોત તો કદાચ મને પણ તમારી સાથે રોમેન્ટીક વાતો કરવાનું ગમ્યું હોત. પણ મારી સ્થિતિ એ વૃક્ષ જેવી છે, જે ધસમસતી નદીના વહેણને અડીને ઊભું છે. કોઈ પણ ઘડીએ એ તણાઈ જશે. હું તમને કોઈ દુઃખ આપવા માગતી નથી.’

સોનલના હોઠ ધ્રુજી રહ્યા. સનતે અચાનક એનો હાથ પકડી લીધો. સોનલની આંખોમાં જોતાં બોલ્યો, ‘સોનલ હું ખોટું નહીં બોલું. તું કોઈને પણ ગમી જાય એવી છો. અને હું તો આમેય કુંવારો છું. બોલ હું તારા માટે શું કરી શકું?’

સોનલ આસ્તેથી પોતાનો હાથ છોડાવતાં જરા હસીને બોલી, ‘તમને પુરુષોને દુઃખી સ્ત્રી જોઈ તરત શુરાતન કેમ ચડી જતું હોય છે? સનત આપણે આજે સાથે છીએ તે કેવળ એક અકસ્માત છે. ઈમોશનલ થઈ જવાની જરૂર નથી. તમારે એક થર્ડ પર્સન તરીકે માત્ર સાંભળવાનું છે. હું તમને મારી વાત એટલે જ કહું છું કે તમે જોખમ લઈને મને સાચવી છે.’

સનતને સોનલની બરછટતા ગમી નહીં, છતાં તે હસીને બોલ્યો, ‘ઓકે મેમ, ટેલ મી વોટ્સ પ્રોબ્લેમ ઈન યોર લાઈફ?’

‘સનત બહુ લાંબી કહાની છે. એમ સમજો કે, મારા જન્મથીય પહેલા શરૂ થઈ ગઈ છે. કારણ કે, હું એક કુંવારી માનું સંતાન છું.’

‘વોટ્?’

‘ચોંકો નહીં. આ તો હજી શરૂઆત છે. મારી માએ એક પુરુષને પ્રેમ કર્યો, એને પોતાનું અબોટ શરીર ધરી દીધું તેનું હું પરિણામ છું. જોકે એ પુરુષે મારી માને પત્નીનો દરજ્જો આપ્યો. તેમ છતાં એ પુરુષ હતો, વળી અપાર દોલતનો માલિક. એને એક સ્ત્રીથી સંતોષ થાય તેમ નહોતું. એ પુરુષ એટલે મારો બાપ. મને એક દીકરી તરીકે તેણે ચાહી છે, છતાં મારા બાપની કમજોરીએ મને ક્યાંયની રાખી નથી.’

‘એમ ગોળ ગોળ નહીં. સીધું અને સમજાય એવું બોલો. તમે અત્યારે ક્યાં રહો છો? તમારા મધર ક્યાંનાં હતાં? શું થયું એ બધું વિગતવાર કહો. હું ભાષાનો માણસ નથી.’

‘વાતો શાયર જેવી કરો છો ને પાછા કહો છો કે હું ભાષાનો માણસ નથી. ઓકે. આમ તો અમે મુંબઈમાં રહીએ છીએ. મારા પપ્પા અને એ લોકો મૂળ પાલનપુરના છે. મુંબઈમાં મારા પપ્પા મોહનલાલ ઝવેરી હીરાના મોટા વેપારી છે. મારા પપ્પાના દાદા મણિરામ ઝવેરીની રાજસ્થાનમાં મારબલની ખાણો પણ હતી. બે ખાણ હજુય છે. એ કારોબાર મારો એક ભાઈ સંભાળે છે. ભાઈ એટલે મારા પપ્પાની આગલી પત્નીથી થયેલો છોકરો. મને એવા બે ભાઈ છે. અમે બધા, મારા પપ્પા, મારા બેય ભાઈઓ, એમની પત્નીઓ, બેય ભાઈઓના ચાર છોકરાં અને જેને મારે મા કહેવું પડે છે એવી મારા પપ્પાની ત્રીજી પત્ની. એમ અગિયાર જણ સાથે રહીએ છીએ. મારા દાદા એક વર્ષ પહેલા ગુજરી ગયા. સામાન્ય રીતે હીરાના વેપારીઓના ઘરમાં ન હોય તેવી નાલાયકીઓ અમારા ઘરમાં છે.’

‘તો તમારા મમ્મી? તમે કહ્યું કે, તમારા પપ્પાની ત્રીજી પત્ની તો...’

સોનલની આંખોમાં એક છાની ઉદાસી છવાઈ ગઈ હતી. તેણે નિસાસો નાખીને કહ્યું. ‘મને મારી જ નવાઈ લાગે છે. મને શા માટે પુરુષજાત પરથી ભરોસો ઊઠી જતો નથી? શા માટે મને નફરત જાગતી નથી. આજે એક પુરુષને કારણે હું છતા મા-બાપે અનાથ જેવી દશામાં છું. મા વગરની છું. મારો બાપ આખો સોનાનો છે, પણ એનું હૃદય પીતળનું છે. રૂપાળી સ્ત્રીની ઘેલછા એમની નબળાઈ છે. મારા બાપને કિસ્મતે અપાર દોલત આપી છે. એ દોલત એમણે સ્ત્રીઓને ભોગવવા માટે પણ વાપરી છે. મારા બેય ભાઈઓ પણ ઐયાશી છે. એમની પત્નીઓને ધણીઓ કરતા એમની મિલકતમાં વધારે રસ છે. જો કે મારા બાપે જે કર્યું એવું દીકરા નહીં કરે એવી એ બેય મીંઢી સ્ત્રીઓને ખબર છે એટલે ચલાવી લે છે. મારી માને યાદ કરું છું તો એમ થાય છે કે, એના જેવી સ્ત્રી કઈ રીતે એક કામાંધ પુરુષની પ્રેમજાળમાં ફસાઈ ગઈ હશે? જેણે આખરે જીવ ગુમાવ્યો.’

‘એટલે તમારા મમ્મીએ સુસાઈડ કરેલું? શું નામ હતું એમનું?’

‘ગંગા. મારી માનું નામ ગંગા હતું. જેવું એનું નામ હતું એવી જ તે પવિત્ર અને ઉદાર હતી. મને ખબર નથી કે, મારી માએ આપઘાત કર્યો હતો કે એને મારી નખવામાં આવી હતી. પૈસાદાર પરિવારોની આવી બાબતો બહાર આવતી હોતી નથી. હું ત્યારે છઠ્ઠું ભણતી હતી અને એ સમયે સ્કૂલમાં હતી. એક કાર સ્કૂલમાં આવી. મને નવાઈ લાગી. કારણ કે ખાસ કારણ વગર મને કોઈ તેડવા ન આવે. ડ્રાઈવર લાગણીશીલ માણસ હતો. તેણે મારી ઉંમર જોઈ મને આઘાત ન લાગે એ રીતે સમજાવેલું. મને મારી મરેલી માનું મોં પણ કોઈએ બતાવ્યું નહીં. મને આશ્ચર્ય એ વાતનું છે કે, મારી માના મરણ પછીની વિધિઓમાં મારા મોસાળના લોકોને સામેલ કરવામાં આવ્યા નહીં. એટલું જ નહીં એમને જાણ પણ કરવામાં ન આવી. મારા પપ્પા એ દિવસોમાં ખૂબ ટેન્શનમાં રહેતા હોય તેવું મને લાગ્યું હતું. માના મૃત્યુ પછી ચારેક વાર પોલીસ અમારા ઘેર આવી હતી. આજે સમજાય છે કે, પૈસાથી કંઈ પણ ખરીદી શકાય છે, ખરીદનારમાં હિંમત હોવી જોઈએ. મારા માટે મારી માનું મૃત્યુ આજે પણ એક રહસ્ય છે.’

સોનલે ઘડીભર આંખો મીંચી અને ઊંડા શ્વાસ લઈને બોલી, ‘તે વખતે એક નવી બાબત બની. આ પહેલા કદી બની નહોતી. કોઈ કારણસર મારા દાદા મને વળગીને ખૂબ રડ્યા હતા. મને વડીલ એટલે શું એ તે દિવસે સમજાયેલું. એમની હૂંફને કારણે જ હું જિંદગીનો કારમો ઘા સહન કરી ગઈ. માના મૃત્યુ પછી દાદાનું મારી તરફ વર્તન બદલાઈ ગયું હતું. એ મારી સાથે વાતો કરતા. મારી નાની નાની બાબતોનો ખ્યાલ રાખતા. છેક સુધી મારા દાદા મારા દોસ્ત બનીને રહ્યા. હું આજે એમને મીસ કરું છું. એમણે ભલે મારી માને સ્વીકારી નહોતી. મારી મા સાથે કદી સારી રીતે વર્ત્યા નહોતા. છતાં એ માણસ મરતા મરતા મારા જીવવાના રસ્તા ખુલ્લા કરતા ગયા છે. આજે હું દાદાને સેલ્યુટ કરું છું.’

‘તમારા દાદાએ શા માટે તમારા મમ્મીને સ્વીકાર્યા નહોતા?’

‘ક્યારેક મને આપણા દેશની સોચ પર, પ્રણાલીઓ પર ચીડ ચડે છે. જસ્ટ વિચારો કે તમે તમને ગમતી છોકરી સાથે લગ્ન કરો તો તમારા મા-બાપ ગમે તેટલાં સારાં હોય તે છતાં એ છોકરીની જાતિ પૂછવાના જ. મારી મમ્મી પછાત ગણાતી જાતિમાં જન્મી હતી. મારા પપ્પાએ મારી માને ઘરમાં બેસાડી, મુંબઈ લઈ આવ્યા એ દાદાને પસંદ પડ્યું નહોતું. જોકે મારી મા ઝાઝું ભણેલી નહોતી અને એક સામાન્ય ગરીબ ઘરની છોકરી હતી.’

‘ઓકે. સમજ્યો. પણ તમારા પપ્પા અને તમારા મમ્મી પરિચયમાં કેવી રીતે આવ્યા?’

‘તમને કહ્યું ને રાજસ્થાનમાં અમારી ખાણો છે. મારા પપ્પા એ માટે અવાર-નવાર રાજસ્થાન જતા. મારી માના બાપ એટલે કે મારા નાના ત્યાં ખાણો પર ક્લાર્ક જેવી નોકરી કરતા હતા. કોઈ કારણસર મારા પપ્પાનું ધ્યાન મારી મા પર પડ્યું. મારી મા ખૂબ જ રૂપાળી હતી અને વળી ત્યારે કુંવારી હતી. મારા પપ્પાની દાનત બગડી. એમણે મારા નાના સાથે સંપર્ક વધાર્યો. પોતાનો શેઠ, એક મોટો માણસ પોતાની સાથે ઘરોબો રાખે છે તે જોઈને મારા નાના હરખાતા. તમને કેમ સમજાવું કે મારો બાપ સ્ત્રીની બાબતમાં ઉડતા પંખી પાડનારો આદમી છે. તે એકાદ બે વાર નાનાને ઘેર ગયા. તેણે પોતાની વાકછટાથી મારી માને વશ કરી લીધી. એ ભોળી છોકરીનું દિલ પીગળ્યું. તે એના કરતા મોટી ઉમરના પુરુષ તરફ ખેંચાઈ ગઈ અને કોઈ ક્ષણે પોતાની કુંવારી કાયા પોતાના પ્રેમીને ધરી દીધી.’

‘પછી શું થયું?’ સનતને રસ પડવા માંડ્યો.

‘ખરી ઉપાધી એ પછી થઈ. મારી નાની ચતુર સ્ત્રી હતી. તેને ખ્યાલ આવી ગયો કે, પોતાની દીકરીનો પગ કુંડાળામાં પડી ગયો છે. તેણે મારી માને ફોસલાવીને બધું પૂછી લીધું અને તેને જ્યારે ખબર પડી કે પોતાની દીકરીના પેટમાં પોતાના શેઠનું જ બીજ પાંગરી રહ્યું છે ત્યારે તેણે માથું કૂટી લીધું. કારણ કે આવી બાબતમાં અમીર માણસનું નામ લેવામાં પોતાને જ બદનામી મળે તેમ હતું. ગભરાયેલી નાનીએ મારા નાનાને વાત કરી. નાના પહેલા તો ક્રોધે ભરાયા. તેમણે મારી માને મારીય ખરી. બે ચાર દિવસ ઘરમાં મોતનું માતમ છવાયેલું રહ્યું. કોઈ રસ્તો સૂઝતો નહોતો. જોકે મારા નાનાએ દીકરીના પાપને પાડી દેવાનું મારી નાની પર દબાણ કર્યું. મારી નાની મને કમને તૈયાર થઈ. પણ મારી મા એકની બે ન થઈ. તેણે મારી નાનીને કહી દીધું કે વધુ દબાણ કરશો તો તે આપઘાત કરી લેશે. મારા નાનાએ એ દરમિયાન ઘણું વિચારી લીધું તેને લાગ્યું કે ગંગા જો ભૂલથીય આપઘાત કરશે તો ઉપાધી થશે. તો શા માટે આ મોકાનો લાભ ન લેવો? તેમણે એક દિવસ મારા પપ્પા સાથે ઝગડો કર્યો અને કહી દીધું મારી દીકરી સાથે લગ્ન કરો નહીંતર હું પોલીસમાં ફરિયાદ કરીશ.

મારા ખેલાડી બાપને શંકા તો હતી જ કે આવું કંઈક થશે. તેમણે જરાય અચકાયા વગર ઠાવકાઈથી કહી દીધું, ‘ભલે હું તમારી દીકરી સાથે લગ્ન કરવા તૈયાર છું’ (ક્રમશઃ)■

# ચોમાસામાં કારેલાં ખાવાની મજા માણવી જ જોઈએ

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com



**મહારાષ્ટ્રમાં** ચોમાસું જામી ગયું છે. આ વરસાદી મોસમમાં ઘરે...ઘરે અઠવાડિયામાં એક વખત તો કારેલાંનું વિવિધ રીતે શાક બનાવીને ખાવામાં આવતું હોય છે. વળી તેની સાથે બાળ ગીત પણ અચૂક ગવાતું હોય છે. જેને સાંભળીને બાળકોને અચૂક મજા પડી જતી હોય છે. આવ રે વરસાદ... ઘેબરિયો પરસાદ... ઊની ઊની રોટલીને કારેલાંનું શાક. કેમ ખરી વાત ને. કારેલાં ભાવે તેમને વરસતાં વરસાદમાં ગરમાગરમ કારેલાંનું શાક તથા ઊની ઊની ઘી લગાવેલી રોટલી ખાવાનો આનંદ અનહદ આવે છે. કારેલાં સ્વાદમાં કડવાં હોય છે, તેમ છતાં સ્વાસ્થ્ય માટે તે ગુણકારી ગણાય છે. સામાન્ય રીતે કારેલાં જેમને ના ભાવતાં હોય તેમના ભાણામાં પીરસવામાં આવે તેની સાથે ચહેરાના હાવભાવ બદલાઈ જતા હોય છે. અન્ય લોકો તેમનો ચહેરો જોઈને બે ઘડી આનંદ માણી લેતાં હોય છે. સમજુ હોય તેઓ 'મને ક મને' તે ખાઈ લેતા હોય છે. આયુર્વેદમાં ખાસ માહિતી મળે છે કે કારેલાં ડાયાબિટીસના દર્દીઓ માટે વરદાન સમાન ગણાય છે. કારેલાંની છાલનો રસ વિવિધ રોગમાં લાભદાયક ગણાય છે. જેવી કે પાચનતંત્રમાં ખરાબી, લોહીને શુદ્ધ બનાવવા, સાંધાના દુખાવો, ભૂખ ઘટવી, પેટમાં ગરબડ હોય કે શ્વાસની તકલીફ, કફની તકલીફમાં ગુણકારી ગણાય છે. એવી પણ માન્યતા છે કે કારેલાં સ્વાદમાં ભલે કડવાં હોય પરંતુ શરીરની નબળાઈ દૂર કરવામાં લાભદાયક ગણાય છે.

કારેલાંની ખેતી મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન તથા પંજાબમાં મોટા પ્રમાણમાં થાય છે. ખેડૂતો માટે કારેલાંની ખેતી નફાકારક ગણાય છે, કેમ કે ઝડપી પાકની સાથે સારી બજાર કિંમત મળી રહે છે. વળી કારેલાંના બીજની વાવણી ગરમીની મોસમમાં થાય છે. વળી તે વર્ષભર ઉગાડવામાં આવે છે. કારેલાંનો સારો પાક મેળવવા માટે તેના બીજને ૨૪ કલાક માટે પલાળવામાં આવે છે. કારેલાંમાં કડવાશ હોવાનું મુખ્ય કારણ તેમાં અલ્કલૉઇડ મોમોર્ડિસિનની ઉપસ્થિતિ ગણાય છે. કારેલાંમાં વિટામિન બી-૧, બી-૨, બી-૩ની સાથે બિટાકૅરોટીન, ઝિંક, આયર્ન, ફોસ્ફરસ, પોટેશિયમ, મેંગેનીઝ, ફૉલેટ તેમ જ કૅલ્શિયમની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે.

એવું પણ કહેવાય છે કે કારેલાંમાં પાલકથી બમણું કૅલ્શિયમ સમાયેલું હોય છે. તેમ જ બ્રોકલી કરતાં બમણી માત્રામાં બિટા-કૅરોટીન હોય છે. ઍન્ટિ-ઑક્સિડન્ટ તેમજ ઍન્ટિ ઇન્ફલેમેટરીના ગુણો સમાયેલા છે.

કારેલાંનું વાનસ્પતિક નામ મોમોર્ડિકા ચરાંશિયા છે. કારેલાં કુકુરબિટેશી કુળના ગણાય છે. ટૂંકમાં કહીએ તો વેલ ઉપર ઊગતું શાક. સંસ્કૃતમાં કારેલાં કારવેલ્લી, પીતપુષ્પા તરીકે ઓળખાય છે. હિન્દીમાં કરૈલા કે કરેલી, અંગ્રેજીમાં બિટર ગૉર્ડ કે વાઇલ્ડ કકુમ્બર, મરાઠીમાં કરેલે, તમિળમાં પાવક્કાયેડી કે પાવલ, પંજાબીમાં કરીલા, બંગાળીમાં કરલા કે ઉચ્છે તરીકે ઓળખાય છે.

વિવિધ પ્રકારનાં કારેલાંનો પાક લેવામાં આવે છે. જેમ કે ભારતીય કારેલાં દેખાવમાં પાતળાં અણીદાર ધારવાળા ગાઢ લીલા રંગના હોય છે. જે સ્વાદમાં વધુ કડવાં હોય છે. બીજો પ્રકાર છે ચીની કારેલાંનો જે દેખાવમાં લાંબા આછા લીલા રંગનાં તેમ જ છાલની અંદરનો માવો થોડો ચીકાશ પડતો હોય છે. ચીની કારેલાં ભારતીય કારેલાંની સરખામણીમાં ઓછી કડવાશ ધરાવે છે. સફેદ કારેલાં જેનો સમાવેશ દુર્લભ પ્રજાતિમાં થાય છે. જે સ્વાદમાં ઓછાં કડવાં તેમ જ નાજુક હોય છે. તેની છાલનો ભાગ સફેદ જોવા મળે છે. જંગલી કારેલાં જે દેખાવમાં નાનાં હોય છે જે સ્વાદમાં અત્યંત કડવાં હોય છે. તેનો મુખ્યત્વે ઉપયોગ ઔષધિ તરીકે કરવામાં આવે છે. જેમ કે કારેલાંનો પાઉડર, કારેલાંની કૅપ્સ્યુલ, કારેલાંની ગોળી, કારેલાંની ચિપ્સ વગેરે જોવા મળે છે.

## કારેલાંના સ્વાસ્થ્યવર્ધક લાભ

**ડાયાબિટીસમાં અકસીરઃ** આયુર્વેદમાં જણાવવામાં આવ્યું છે કે કારેલાંનું સેવન ડાયાબિટીસની વ્યાધિમાં વરદાન સમાન છે કેમ કે કારેલાંમાં પૉલિપ્પેટાઇડ નામક પ્લાન્ટ બૅઝડ્ ઇસ્યુલિન સમાયેલું છે. જે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ ગણાય છે.

**પાચનશક્તિ વધારવામાં ઉપયોગીઃ** કારેલાંમાં ફાઇબરની માત્રા ભરપૂર હોય છે. જેને કારણે આંતરડાં સતત ગતિશીલ રહે છે. પેટ ફૂલી જવું, આફરો ચડવો કે પછી કબજિયાતની તકલીફમાં કારેલાંનું સેવન કારગર ગણાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારીઃ** કારેલાંમાં કૅલરીનું પ્રમાણ ઓછું હોય છે તેમ જ ફાઈબરની માત્રા વધુ હોય છે. જેને કારણે કારેલાંનો ભોજનમાં ઉપયોગ કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. ધીમે ધીમે શરીરની ચરબી ઘટાડવામાં મદદ કરે છે. પેટની આસપાસ વધતી ચરબી ઘટાડવામાં કારેલાંનો આહારમાં ઉપયોગ અકસીર ગણાય છે.

**આંખોની તંદુરસ્તી જાળવી રાખવામાં લાભકારીઃ** કારેલાંમાં ભરપૂર માત્રામાં વિટામિન એ તેમ જ બિટાકૅરોટિન હોય છે જે તંદુરસ્ત આંખો માટે ગુણકારી ગણાય છે. એવું પણ વિવિધ સંશોધન તેમ જ પ્રયોગો દ્વારા જાણવા મળ્યું છે કે કારેલાંનું સેવન નિયમિત પ્રમાણભાન રાખીને કરવાથી વય વધવાની સાથે આંખે ઝાંખું દેખાવાની તકલીફ હોય તેને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ ગણાય છે.

**અસ્થમાના દર્દીઓ માટે ગુણકારીઃ** કારેલાંનો આહારમાં ઉપયોગ અસ્થમાના દર્દીઓ માટે ગુણકારી ગણાય છે. તેના સેવનથી જેને ઉધરસ, ઝીણી શરદીની તકલીફ તેમજ શ્વાસ લેવાની તકલીફ થતી હોય તેમને રાહત અપાવે છે. પિત્ત કે કફની પ્રકૃત્તિ રહેતી હોય તેમને માટે કારેલાંનું વિવિધ રીતે નિયમિત સેવન કરવું લાભકારી ગણાય છે.

**કૅન્સરનો ખતરો ઘટાડી શકે છેઃ** વિવિધ સંશોધનો બાદ એવી માહિતી મળે છે કે કારેલાંના અર્કનો ઉપયોગ કરવાથી કૅન્સર કોશિકાને ઝડપથી વધતી રોકી શકાય છે. તેમાં મુખ્યત્ત્વે યકૃત તેમજ સ્તન માટે ખાસ ઉપયોગી સાબિત થાય છે.

**કારેલાંને વિવિધ રીતે ઉપયોગમાં લઈ શકાયઃ** જેમ કે કારેલાંની છાલ કાઢ્યા બાદ તેને ઉકાળી લેવી. પાણી હૂંફાળું થાય એટલે તેમાં સંચળ તેમજ લીંબુનો રસ ઉમેરીને ધીમે ધીમે પીવું. કાજુ કારેલાંનું શાક બનાવી શકાય છે. તે માટે કારેલાંની કડવાશ ઘટાડવા તેને કાપી લેવાં. કાપ્યા બાદ સ્વાદાનુસાર મીઠું ચોળીને લગભગ અડધો કલાક રાખી મૂકવાં. હળવા હાથે દબાવીને કારેલાંનું પાણી કાઢી લેવું. તેને તેલમાં ધીમા તાપે પકાવીને ખાઈ શકાય છે.

૧૦૦ ગ્રામ કારેલાંમાં આશરે ૯૪ ટકા પાણી, ૩.૭ ગ્રામ કાર્બોહાઇડ્રેટ, ૨.૮ ગ્રામ ફાઇબર, ૧ ગ્રામ પ્રોટિન, ૦.૨ ગ્રામ ચરબી, ૮૪ મિલિગ્રામ વિટામિન સી, ૭૨ માઇક્રોગ્રામ ફૉલેટ, ૨૪ માઇક્રોગ્રામ વિટામિન એ, ૨૯૬ માઇક્રોગ્રામ પોટેશિયમ સમાયેલું છે.

## ભરેલાં કારેલાં



**સામગ્રી :** ૨૫૦ ગ્રામ નાના કદનાં કારેલાં, ૪ મોટી ચમચી સિંગતેલ, સ્વાદાનુસાર મીઠું-હળદર કડવાશ કાઢવા. મસાલો બનાવવાઃ ૨ ચમચી શેકેલો ચણાનો લોટ, ૧ ચમચી શેકેલાં સિંગદાણાનો ભૂકો, ૨ ચમચી કોપરાનું સૂકું છીણ, ૧ ચમચી તલ, ૨ ચમચી ધાણાજીરું, ૧ ચમચી લાલ મરચાંનો ભૂકો, ૧ નાની ચમચી હળદર, ૧ નાની ચમચી વરિયાળી, ૧ નાની ચમચી આખા ધાણા, ૧ નાની ચમચી દળેલી ખાંડ, ૧ નાની ચમચી આમચૂર પાઉડર, મસાલાના ભાગનું મીઠું, ચપટી હિંગ, સજાવટ માટે કોથમીર.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ કારેલાંની છાલ ઉતારીને વચ્ચે કાપ મૂકવો. બીજ હોય તો કાઢી લેવાં. પોલું કરી લેવું. હવે તેને મીઠું-હળદર લગાવીને લગભગ અડધો કલાક રાખી મૂકવું. જેને લીધે કારેલાંની કડવાશ નીકળી જશે. ઉપરોક્ત જણાવેલી કોથમીર સિવાયની બધી જ સામગ્રી એક થાળીમાં એકપછી બીજી તેમ ભેળવવી. તેમાં ૧ ચમચી તેલ ભેળવવું. મસાલો બરાબર ભેળવી લેવો. કારેલાંને હળવે હાથે દબાવીને પાણી કાઢી લેવું. કારેલાંમાં મસાલો ભરી લેવો. કડાઈમાં ૩ મોટી ચમચી તેલ લેવું. તેમાં હિંગ ઉમેરી દેવી. ત્યાર બાદ તેમાં કારેલાં ઉમેરવાં. ધીમા તાપે કારેલાંને ચઢવા દેવાં. બરાબર પાકી જશે ત્યારે કડક બની જશે. ગરમાગરમ રોટલી સાથે ભરેલાં કારેલાંના શાકનો આનંદ લેવો.

**ઝટપટઃ** કારેલાંની છાલને ૨ ગ્લાસ પાણીમાં ઉકાળી લેવી. પાણી હૂંફાળું થાય ત્યાર બાદ તેમાં સંચળ તથા ૧ લીંબુનો રસ ભેળવીને ધીમે ધીમે પાણી પીવું. તંદુરસ્ત સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ચોમાસામાં આ પાણી ઔષધી સમાન ગણાય છે. ■

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# તમને યુરિનમાં સાકર આવે ને અમને રેશન કાર્ડમાં પણ નથી આવતી...




'તમે આ શું માંડ્યું છે' સરોજનો સિમ્પલ પ્રશ્ન.

'મેં? અરે આ ઉંમરે પથારીમાંથી બાથરૂમ સુધી ડગલા પણ માંડ માંડ માંડું છું તો બીજું તો શું માંડું? જેની સાથે માંડવામાં બેસી ઘર માંડવાનું હતું એમાં પણ હવે ઘણું મોડું થઇ ચુક્યું છે.'

'સાંભળ, મારી વાઈફ, તને નઈ થાય વાત લાઈક, તું શું જાણે અંદરથી કેવી છે મારી લાઇફ.'

'અરે કવિ, મને એ કહો તમે બે મહિનાથી વીકમાં બે વાર રસોડામાં અડધી રાત્રે શેની આવનજાવન કરો છો?'

'ઓહ આશ્ચર્ય. તું જાગે છે? આમ અર્ધરાત્રીએ જાગી તારી ભરનિંદ્રાનુ બલિદાન આપવાનું કારણ શું? હું તને ભરનિંદ્રામાં જોઉં છું ત્યારે કોઈ ડબ્બા પર ઢાંકણું ફિટ્ટમફિટ ચોટી ગયું હોય એમ તારા ચર્મચક્ષુ પરના પોપચા ઢળેલા જોઈને મને દર વખતે એમ કેમ થતું હશે કે આ નયન હવે શું ક્યારેય નઈ ખૂલે?'

'અરે મારા બાપ, તમે દર સોમવારે અને દર શુક્રવારે અર્ધરાત્રીએ રસોડામાં જઈ શું કરો છો એ બોલોને! અંધારામાં તમને જાતા જોઈને હું તંગ અને દંગ થઈ ગઈ છું.' સરોજ ભડકી.

'મને થયું આ તો ઘરવાળી છે કે ઘુવડ?' એવું હું મનમાં બોલ્યો.

'સ્વીટુ, આ કાળા ડિમાંગ અંધકારમાં તારી આવી ચકોર દૃષ્ટિથી હું ધન્યતા અનુભવું છું.'

'સાચું કહું શરૂમાં મને એમ કે ભૂત હશે. સાચું બોલું તો તમને જોયા પછી મારી ભૂતની બીક ઓછી થઇ ગયેલી પણ હજી સંપૂર્ણ નાબૂદ નથી થઇ. મને એમ કે તમને જોઇને ભૂત પણ ભાગી જશે પણ જ્યારે તમે પોતે જ આમ ભૂતની જેમ.'

'એટલે હું ભૂત છું?'

'તમે ભૂત નઈ અદ્ભુત છો પણ વીકમાં બે વાર રસોડામાં અડધી રાત્રે જવાનું કારણ?'

'તને તો કહીશ જ ને... કારણ નહીં આપું કારણ મને ગમે છે' એવું ગાઈ મારો બચાવ નઈ કરું. હું તો ગમતાનો કરીશ ગુલાલ.'

'અરે ગુલાલ કરો કે કંકુ. જલદી મોઢામાંથી ફાટોને.'

હવે ખરેખર મારી ફાટી 'એમ ઉગ્ર ન થા સુરુ. સાલુ હું તારી સામેં શ્રીનાથજી બાવા જેવી અમી દ્રષ્ટિથી વાત કરું ને તું આમ ચંડીકાનું રૌદ્રરૂપ ધારણ કરે એ આપણા સંસારને શોભતું નથી મારી પ્રાણપ્યારી.'

'અરે સંસારની શોભાની હમણાં કઉં એ. જવાબ આપો કે...' સરોજ થોડી ભડકી.

'કહીશ. હવે આ સંસારમાં મારું સાંભળવા વાળું બચ્યું છે કોણ? પણ તારા કોમલ હૃદયને ઠેસ ન વાગે એટલે ચૂપ હતો પણ હવે તે જોઈ લીધું તો કહી દઉં કે મારા શરીરમાં વિકનેસ લાગેલી એટલે વૈદ્ય બાપાલાલ પાસે ગયો ને એમણે તપાસી કીધું વીકમાં બે વાર સુગર ચેક કરજો એટલે રસોડામાં સુગરની બરણી ચેક કરું છું.'

'હે મારા માલવપતિ મુંજ, તમને ડાયાબિટીસ છે? એ જોવા સુગર ચેક કરવાનું કીધું હશે?..હે પ્રભુ તે આ એન્ટીક પીસને મારા નસીબમાં શું કામ ફટકાર્યો? મે તારું શું બગાડ્યું છે કે તું મારો ભવ બગાડવા બેઠો છે. જુઓ, હવે જરાપણ મારા મગજની નસ ખેંચી તો તમારી બધી જ નસો ખેંચી લઈશ પછી ભલે મારે વિધવા બનવું પડે'

'છીછીછીછી, તું વિધવા બને એના કરતા હું વિધૂર બનવાનું પસંદ કરીશ. આવી અશુભ વાણીથી તારા માતા - પિતાએ આપેલા અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદનું શું તારે ઘોર અપમાન કરવું છે? આપણે કાલે ક્લિનિક જઈશું.'

બીજા દિવસે દવાખાને પહોંચ્યા ત્યારે આગળના દર્દી ચંપાબાને તપાસી ડોક્ટર બોલ્યા 'બા તમને ડાયાબિટીસ છે.'

'એટલે શું? બાએ પૂછ્યું.

'તમને યુરિનમાં સાકર આવે છે.'

આટલું સાંભળતાં જ હું બે ફૂટ ઉછળ્યો 'બા..બા..બા યુ આર લકી, યુરિનમાં સાકર આવે છે સાલું અમને તો રેશનીંગ કાર્ડમાં પણ નથી આવતી ને મોંઘવારીમાં આ રીતે સાકર વેડફી મારો છો?. બા હવે ઘરમાં મીઠાઈ કરશું તો તમને બોલાવશું...'

એટલામાં ડોકટરે અમને બોલાવ્યા મારી નાડી પકડીને પૂછ્યું 'શું થાય છે?'

'આ મારા વાઈફ થાય છે સર.'

'અરે તમારી વાઈફ હોય કે બા. તમને શું તકલીફ છે?'

'તકલીફ? અરે તકદીરમાં તકલીફ જ તકલીફ છે. નોકરી છૂટી ગઈ, પૈસાની તંગી, બિલ્ડર ભાડું નથી આપતો, ઉધારી માથે...ઘર તો શું બાથરૂમ પણ નથી ચાલતું.'

'અરે મારા બાપ, શરીરમાં શું તકલીફ છે?'


'એ હું કહું સાહેબ બોલવામાં કે સ્વાદમાં એમની જીભ પર કાબૂ નથી' સરોજ બોલી : 'પેટનું કહ્યું મન માનતું નથી એટલે ડાયનીંગ ટેબલ પર માનનીય બટાટાવડા, ફરસાણપ્રસાદ, મીઠાઈનંદન બર્ગરશંકરને જોતા જ જીભડી નૃત્ય કરવા લાગે છે.'

'જુઓ ઠાકર, આ બધું પેટમાં જશે તો એક દિવસ બે હોઠ વચ્ચે અદૃશ્ય બોર્ડ લાગશે વેલકમ બ્લડપ્રેશર, ડાયાબિટીસ એન્ડ હાર્ટએટેક, આપનું સ્વાગત. તમારું લાવાજમ મીઠાઈ અને ફરસાણે અગાઉ ચૂકવી દીધું છે. જો તમે આ બધુ બંધ નઈ કરો તો તમે પોતે જ બંધ થઈ જશો, સુગર કાબૂમાં રાખવા યોગ કસરત-પ્રાણાયામ કરો. તેલ ખાંડ મીઠું ઓછું.'

'અરે આવી સલાહ આપશો તો તમારું ઘર કેમ ચાલશે? ને આ બધુ બંધ કરીશ તોયે હાર્ટ તો બંધ થવાનું જ. ફાફડા ખાતા પણ ફફડવાનું? એવું જીવન ન જોઈએ. પ્રાણાયામ કરીશું તો પણ એકવાર યમ પ્રાણ લેવા આવશે જ. અરે, ડાયાબિટીસ હશે તો મીઠાઈની દુકાનમાં નોકરી મળશે. બેકારી જશે, જલસા કરો ને કરવા દો. દર્દીનું ટેન્શન તમે લેશો તો તમે જ ફસાશો. ચાલો, સુરુ ઘરે' ને અમે નીકળી ગયાં. શું કહો છો? ■

આરોગ્ય પ્લસ
સંકલનઃ
સ્મૃતિ શાહ મહેતા
feedback@bombaysamachar.com

## સાઇનસઃ દુઃખાવાનાં સ્થાન



કાન - નાક - ગળાની બીમારીની શ્રેણી

*સાઇનસ ૯૦% વાઇરલ ઇન્ફેક્શનના કારણે થતું હોય છે. આથી આ બીમારી દવા વિના પોતાની રીતે જ મટી શકે છે, પરંતુ ૧૦% વાઇરલમાંથી બેક્ટેરિયલ થવાની સંભાવના રહેલી છે.*



# સાઇનસ ઇન્ફેક્શન

### સાઇનસનાં લક્ષણ

- નાક તથા નાકની આજુબાજુના ગાલ પર તથા નેણની આજુબાજુમાં દુઃખાવો થવો અને ત્યાં અડવાથી વધારે દુઃખાવો થવો.
- ઘાટું, પીળું, લીલું, ઘેરું, જાડું પ્રવાહી નાકમાંથી પડે.
- નાક પર સોજો આવવો, રૂંધાઈ જવું, શ્વાસ લેવામાં તકલીફ પડવી.
- સૂંઘવાની તથા સ્વાદની ક્ષમતા ઓછી થવી.
- જડબું, દાંત અને કાનમાં દુઃખાવો થવો.
- ઉધરસ આવવી તથા ગળામાં દુઃખાવો થવો.
- શરીરમાં થાકનો અનુભવ થવો.
- મોંમાંથી વાસ અને ઉબકા આવે.

### સાવધાની

- સાઈનસની વ્યાધિ દસ દિવસથી વધારે લાંબું ચાલે અને જો સારું થઈ ગયા પછી તરત જ થાય ત્યારે.

### કારણ

- બેક્ટેરિયલ અને વાઇરલ ઇન્ફેક્શનના કારણે.
- એલર્જીના કારણે.
- ઠંડા વાતાવરણની અસરને કારણે.
- નાક-કાનમાં ઈજા થવાથી, તેમાં કાંઈ ખોટ હોવાથી.

### આહાર

- શક્ય હોય તો એકથી બે ઉપવાસ કરવા.
- વિટામિન સીવાળો ખોરાક વધુ પ્રમાણમાં લેવો. જેમ કે, મોસંબી, નારંગી, ટામેટાં વગેરે.
- સૂંઠ, મરી, લાલ મરચું, આદું તથા સૂરણ આહારમાં ખાસ લેવાં.
- કાચાં શાકભાજી તથા અનાનસ લેવાં.
- ઉકાળેલું સૂંઠવાળું પ્રવાહી વધુ માત્રામાં લેવું.
- જે વસ્તુની એલર્જી હોય, તે વસ્તુનો ત્યાગ કરવો.
- બને ત્યાં સુધી નીચેની વસ્તુનો ત્યાગ કરવો. મેંદો, ગળ્યા પદાર્થો, ખાંડયુક્ત જ્યૂસ, સોડા, અથાણાં, ધૂમ્રપાન, નશીલા પદાર્થ વગેરે...

### ઉપાય

- પાણીમાં નીલગિરિના તેલનાં થોડાં ટીપાં નાખી નાસ લેવો. આ રીતે દિવસમાં ૨-૩ વાર કરવું. નેતિ ક્રિયા કરવી.
- એક ગ્લાસ પાણીમાં બે ચમચી મીઠું નાખી થોડું ગરમ કરવું અને તે પાણી એક નસકોરામાં ધીમે ધીમે રેડવું અને તે બીજા નસકોરામાંથી નીકળી જાય તેવી રીતે માથું ત્રાંસું રાખવું. આ ક્રિયા દિવસમાં બે-ત્રણ વાર કરવી.
- ૧ ચમચી લાલ મરચું અને ૨ ચમચી મધ દિવસમાં ૩-૪ વાર લેવું.
- ૧ ગ્લાસ પાણીમાં ૨ ચમચી વિનેગર તથા ૧ ચમચી મધ નાખી દિવસમાં ૩ વાર પીવું.
- ૧ ગ્લાસ પાણીમાં ૨ ચમચી મેથી નાખી અડધું પાણી રહે ત્યાં સુધી ઉકાળવું અને હૂંફાળું થાય ત્યારે ધીરે-ધીરે પીવું. આમ દિવસમાં ૩ વાર કરવું.
- ૧ ગ્લાસ પાણીમાં ૧૦ ગ્રામ આદુંના ટુકડા નાખી ઉકાળવું. ત્યારબાદ નીચે ઉતારી તેમાં ૨ ચમચી મધ નાખી ધીરે-ધીરે પીવું. દિવસમાં ૩ વાર આ પ્રક્રિયા કરવી.
- ૧ ચમચી સરસવના દાણા ૧ ગ્લાસ પાણીમાં નાખી, અડધું પાણી રહે ત્યાં સુધી ઉકાળવું. ત્યારબાદ તેને ઠંડું કરી ગાળી લેવું અને તેના ૩-૪ ટીપાં બંને નસકોરામાં નાખવાં. ■

# પુણેમાં યાત્રાળુઓની ‘વારી’માં ટ્રક ઘૂસી જતાં ત્રણ મહિલાનાં મોતઃ ચાર ઈજાગ્રસ્ત

## મૃતકોના પરિવારને પાંચ લાખની સહાયની મુખ્ય પ્રધાનની જાહેરાત

પુણેઃ પુણે જિલ્લામાં સોમવારે સવારે ‘વારી’ સાથે જઇ રહેલી ટ્રકે વારકરીઓ (ભગવાન વિઠ્ઠલના ભાવિકો)ને અડફેટે લેતાં ત્રણ મહિલાનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય ચાર મહિલા વારકરી ઘાયલ થઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે ૭૦ વર્ષની વયના ટ્રક ડ્રાઇવરને તાવ અને શરદી હતી, તેમ છતાં તે ટ્રક હંકારી રહ્યો હતો અને બીજા વાહનને ઑવરટેક કરવાના પ્રયાસમાં તેણે ટ્રકને ડાબી તરફ વાળી ત્યારે મહિલા તેની અડફેટમાં આવી ગઇ હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલાઓના પરિવારજનોને પ્રત્યેકી પાંચ લાખ રૂપિયાની સહાયની ઘોષણા કરી હતી.

પુણે જિલ્લામાં જેજુરી ખાતે બેલસર ટોલ પ્લાઝાથી આશરે પાંચસો મીટરે હોટેલની નજીક સોમવારે સવારે ૮.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. યાત્રાળુઓ મુખ્ય ‘પાલખી’થી ૧૨ કિ.મી. આગળ હતા. રાજ્યભરના અનેક યાત્રાળુઓ આષાઢી એકાદશીના અવસરે સોલાપુર જિલ્લાના પંઢરપુર ખાતે વિઠ્ઠલ મંદિરમાં દર્શન કરવા માટે વાર્ષિક (જુઓ પાનું ૪) ▶▶

# કૉક્રોચ જનતા પાર્ટી અને સોનમ વાંગચુકના વિરોધ પ્રદર્શનને ઉદ્ધવનું સમર્થન




મુંબઈઃ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ સોમવારે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહેલી કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) અને ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકના વિરોધને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે પક્ષોએ તેમના રાજકીય જોડાણોનો વિચાર કર્યા વિના આંદોલનને સમર્થન આપવું જોઈએ.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આંદોલનને સમર્થન આપવું જોઈએ એમ ઠાકરેએ મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. તેમણે વાંગચુકને ભૂખ હડતાળ પાછી ખેંચવાની અપીલ કરતા કહ્યું હતું કે તેમનું જીવન મૂલ્યવાન છે.

પરીક્ષામાં કથિત ગેરરીતિના સંદર્ભમાં નવી દિલ્હીના જંતર-મંતર ખાતે કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)નું વિરોધ પ્રદર્શન ૨૪ દિવસથી ચાલી રહ્યું છે. આ વર્ષે મે મહિનામાં ‘નીટ’ પેપર લીક થયા બાદ પક્ષ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને આત્મહત્યા દ્વારા મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના (જુઓ પાનું ૪) ▶▶

# આમિર લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર બની શકેઃ શિવસેના પ્રધાન

છત્રપતિ સંભાજી નગરઃ શિવસેનાના નેતા સંજય શિરસાટ સોમવારે આમિર ખાનનાં ત્રીજા લગ્નની ટીકા કરનારા ભાજપના નિતેશ રાણે પછી મહારાષ્ટ્રના બીજા પ્રધાન બન્યા. બોલિવૂડ એક્ટર લવ જેહાદના બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે એમ જણાવી શિરસાટે કહ્યું હતું કે આમિર ખાન ભલે મોટો સ્ટાર હોય, પરંતુ ત્રણ વાર લગ્ન કર્યાં એટલે લોકોના દિલમાં એનું સ્થાન નહીં રહ્યું હોય.

સેલિબ્રિટીઓ તેમના અંગત જીવનમાં આવા નિર્ણયો લે ત્યારે હિન્દુ સમાજે તેના વિશે ફેરવિચાર કરવો જોઈએ એવી ભાજપના નેતા અને રાજ્ય પ્રધાન નિતેશ રાણેની ટિપ્પણીને શિરસાટે પણ સમર્થન આપ્યું હતું. ખાનના તાજેતરના લગ્નને લવ જેહાદના ઉદાહરણ તરીકે જોવું જોઈએ કે નહીં એ વિશે રાણે વિચારમાં પડી ગયા હતા.

શિરસાટે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે નિતેશ રાણે એક હદ સુધી સાચા છે. જ્યારે લોકો તમને (આમિર ખાન) એક અભિનેતા તરીકે આદર આપી તમારી કામગીરી જોતા હોય ત્યારે તેમના મનમાં એક મોટા સ્ટારની ઈમેજ હોય છે. જો આ સ્ટાર એક, બે વાર નહીં, પણ ત્રણ વાર લગ્ન (જુઓ પાનું ૪) ▶▶

# શું શરદ પવાર મહાવિકાસ આઘાડી સાથે છેડો ફાડશે?

## એનસીપીના અડધોઅડધ વિધાનસભ્યો સત્તાની તરફેણમાંઃ પડદા પાછળ શું થઈ રહ્યું છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) પાર્ટીના અડધોઅડધ વિધાનસભ્યો વિપક્ષી બેન્ચ પર બેસવાને બદલે સત્તાધારી ભાજપ- એનડીએના ગઠબંધન સાથે જોડાઈ જવા માટે ઉત્સુક છે અને પક્ષના નેતૃત્વ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હોવાના અહેવાલો અત્યારે આધારભૂત સાધનો પાસેથી મળી રહ્યા છે.

ફરી એકવાર, મહારાષ્ટ્રના રાજકારણમાં મોટી રાજકીય ઊથલપાથલની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વરિષ્ઠ નેતા શરદ પવારના નેતૃત્વ હેઠળની એનસીપી (એસપી) પાર્ટી મહાવિકાસ આઘાડી (એમવીએ) અને ઈન્ડી ગઠબંધનમાં રહેશે કે ભાજપની આગેવાની હેઠળની એનડીએમાં જોડાઈ જશે તે અંગે વિવિધ રાજકીય વર્તુળોમાં અત્યારે ભારે ચર્ચાઓ ચાલી રહી છે.

રસપ્રદ વાત એ છે કે, આ ચર્ચા હવે ફક્ત (જુઓ પાનું ૪) ▶▶

# પાકિસ્તાની ગેન્ગસ્ટર ભટ્ટીએ મહારાષ્ટ્રના યુવકોને મોકલાવેલા ભંડોળની એટીએસ તપાસ કરી રહી છે

મુંબઈઃ પાકિસ્તાન સ્થિત ગેન્ગસ્ટર શહજાદ ભટ્ટી દ્વારા સ્થાનિક યુવાનોને કરવામાં આવેલા આર્થિક વ્યવહારોની તપાસ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) કરી રહી છે. શહજાદ ભટ્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા કથિત રીતે યુવાનોને દેશ વિરોધી પ્રવૃત્તિ માટે ટાર્ગેટ કર્યા હતા, એમ પ્રધાન પંકજ ભોઇરે જણાવ્યું હતું.

ગૃહ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાને જણાવ્યું હતું કે તપાસ એજન્સીએ ગયા સપ્તાહે અટકાયતમાં લીધેલા ઘણા શંકાસ્પદોના મોબાઇલ જપ્ત કર્યા છે અને ભટ્ટીનું નેટવર્ક રાજ્યમાં કેટલું ફેલાયેલું છે તે શોધી કાઢવા માટે ડિવાઇસીસમાંથી ડૅટા મેળવવાનો પ્રયાસ કરાઇ રહ્યો છે.

એટીએસ દ્વારા ગયા સપ્તાહે રાજ્યમાં ૧૧૨ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. ભટ્ટી સાથે તેમની કડીની તપાસના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ભટ્ટી યુવાનોને દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરવા માટે ઉશ્કેરવા સોશિયલ મીડિયા પ્લેટફૉર્મનો ઉપયોગ કરતો હતો. મહારાષ્ટ્રમાં આતંકવાદી પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજના ધરાવતો ભટ્ટી સોશિયલ મીડિયા થકી સ્થાનિક યુવાનો સાથે (જુઓ પાનું ૪) ▶▶

# ગિરિજા રાઉતના આરોપો પાછળ રાજકીય ષડ્યંત્ર?: વિનાયક રાઉત

થાણેઃ શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉત, તેમના પુત્ર કોર્પોરેટર ગીતેશ રાઉત અને તેમના સમગ્ર પરિવાર વિરુદ્ધ થાણેમાં કેસ નોંધવામાં આવ્યો છે. વિનાયક રાઉતની પુત્રવધૂ ગિરિજા રાઉત દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે થાણેના કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં આ ગુનો નોંધવામાં આવ્યો છે. આમાં ઘરેલુ હિંસાની સાથે ‘અંધશ્રદ્ધા નિર્મૂલન અને જાદુટોણા વિરોધી કાયદા’ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પુત્રવધૂ ગિરિજા રાઉતે પતિ ગિતેશ રાઉત સહિત તેમના પરિવારજનો પર અનેક ચોંકાવનારા અને ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, ૨૦૧૭ થી ૨૦૧૮ સુધી ગિતેશ અને તેમની વચ્ચે કોઈ શારીરિક સંબંધો નહોતા, તે શારીરિક સંબંધ બાંધવામાં અસમર્થ હતો અને દરેક બાબતમાં જૂઠું બોલીને તેમની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો. આ સાથે જ ગીતેશની શારીરિક અક્ષમતા છુપાવવા માટે સાસરિયાઓએ જાદુટોણા કર્યા હોવાનો આરોપ પણ તેમણે લગાવ્યો હતો. દરમિયાન, પૂર્વ સાંસદ વિનાયક રાઉતે ગિરિજા રાઉતના આ તમામ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે.

વિનાયક રાઉતે જણાવ્યું કે, આમાં જે ષડયંત્ર રચાઈ રહ્યું છે, તેનો મુખ્ય સૂત્રધાર કયા પક્ષ સાથે (જુઓ પાનું ૪) ▶▶

# શું તમને લાડકી બહેનો ‘બોજ’ લાગવા માંડી છે?: રોહિણી ખડસે ફડણવીસ-શિંદે પર ભડક્યાં

મુંબઈઃ રાજ્ય સરકારની મહત્ત્વાકાંક્ષી ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના’માંથી અત્યાર સુધીમાં ૯૨ લાખ મહિલાઓના નામ બાકાત રાખવામાં આવ્યા છે, જે મૂળ ૨.૪ કરોડ લાભાર્થીઓના લગભગ ૩૮ ટકા જેટલો મોટો ઘટાડો છે. માત્ર એક મહિનામાં આ આંકડો ૮૦ લાખથી વધીને ૯૨ લાખ પર પહોંચી ગયો છે. આ મુદ્દે વિપક્ષે સરકારને ઘેરવાનું શરૂ કર્યું છે અને શરદ પવાર જૂથના મહિલા પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

રોહિણી ખડસેએ ‘એક્સ’ પર પોસ્ટ કરીને જણાવ્યું કે સરકારે પહેલા ૮૦ લાખ અને હવે વધુ ૧૨ લાખ મળીને કુલ ૯૨ લાખ મહિલાઓને લાડકી બહિણ યોજનામાંથી અપાત્ર ઠેરવી દીધી છે. સરકારના મતે, આ યોજનાનો ખર્ચ રૂ. ૨૬,૧૯૭.૭૮ કરોડથી વધીને રૂ. ૩૩,૬૯૭ કરોડ થયો છે, એટલે કે બહેનો પર રૂ. ૭,૫૦૦ કરોડનો ખર્ચ વધી ગયો છે.

તેમણે દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદેને સવાલ કર્યો હતો કે શું હવે તમને લાડકી બહેનો બોજ લાગવા માંડી છે? વધુમાં તેમણે સુનેત્રા પવારને આ અન્યાય સામે અવાજ ઉઠાવવા અપીલ કરી હતી.

દરમિયાન, વહીવટી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મોટો ઘટાડો ફક્ત ટેકનિકલ સમસ્યાઓને કારણે જ નહીં પરંતુ (જુઓ પાનું ૪) ▶▶

## પહેલા યોજના બનાવો અને પછી નામો દૂર કરો, એ સરકારની નીતિ

### યોજનામાંથી નામો દૂર થયા બાદ બીડમાં મહિલા નેતાઓ અને લાડકી બહેનો ગુસ્સે ભરાયાં

બીડઃ રાજ્ય સરકારની ‘લાડકી બહીણ યોજના’માંથી અત્યાર સુધીમાં ૯૨ લાખ મહિલાઓના નામ હટાવી દેવાયાં છે, જે મૂળ લાભાર્થીઓના ૩૮ ટકા જેટલો ઘટાડો છે. આ છાંટણીમાં સૌથી વધુ મહિલાઓ બીડ જિલ્લાની છે. યોજનામાંથી આટલા મોટા પાયે નામ કપાવાને કારણે બીડ જિલ્લાની મહિલા નેતાઓ અને લાભાર્થી મહિલાઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર જૂથ)ના નેતા એડવોકેટ હેમા પિંપળેએ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, બીડ જિલ્લો રાજકારણનો ગઢ હોવા છતાં અહીંની મહિલાઓના નામ યોજનામાંથી (જુઓ પાનું ૪) ▶▶

# શહેરોના વ્યાપક વિકાસ માટે અર્બન ચેલેન્જ ફંડ બનાવોઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે અધિકારીઓને વ્યાપક શહેરી વિકાસને પ્રોત્સાહન આપવા માટે ‘અર્બન ચેલેન્જ ફંડ’ (શહેરનો પુનર્વિકાસ કરી એને આધુનિક બનાવવા માટેનું ભંડોળ) બનાવવાનો નિર્દેશ આપી કહ્યું હતું કે આ પહેલ શહેરોને નવીન ધિરાણ અને આયોજન દ્વારા માળખાગત સુવિધાઓ મેળવવા માટે રહેલા પડકારોને દૂર કરવામાં મદદ કરશે.

શહેરી વિકાસ વિભાગની સમીક્ષા બેઠકના અધ્યક્ષ ફડણવીસે કહ્યું કે શહેરોને વિકાસના એન્જિન તરીકે ગણવા જોઈએ અને પ્રસ્તાવિત ભંડોળ નાગરિક માળખાગત સુવિધાઓ અને સેવા વિતરણમાં સુધારો કરી શહેરી પરિવર્તનને મદદરૂપ થશે.

તેમને ટાંકી જણાવવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રએ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે ભંડોળ એકત્ર કરવા માટે પહેલાથી જ પગલાં લીધાં છે. નાશિક અને પુણેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનોએ રાષ્ટ્રીય સર્વોચ્ચ સમિતિ પાસેથી મંજૂરી મેળવ્યા (જુઓ પાનું ૪) ▶▶

# એમએસઆરટીસી બસ ડેપોના ત્વરિત પુનર્વિકાસ માટે ફડણવીસનો આગ્રહ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે પરિવહન વિભાગને દરેક રાજ્ય પરિવહન (એસટી) બસ ડેપો માટે તેની વાણિજ્યિક ક્ષમતાના આધારે અલગ પુનર્વિકાસ યોજનાઓ તૈયાર કરવા અને પબ્લિક - પ્રાઈવેટ ભાગીદારી (પીપીપી) મોડલ હેઠળ પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવા માટે દરખાસ્ત રજૂ કરવાનો નિર્દેશ આપ્યો.

સમીક્ષા બેઠક દરમિયાન ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ના ડેપોનો પુનર્વિકાસ યોજનાબદ્ધ રીતે થવો જોઈએ જેથી ભાડા સિવાયની આવકમાં વધારો થાય અને નિગમ આર્થિક રીતે મજબૂત બને.

દરેક ડેપોમાં અલગ અલગ પ્રકારની આકની સંભાવનાઓ હોય છે. એટલે સમાન અભિગમ અપનાવવાને બદલે પુનઃવિકાસ યોજનાઓ તે મુજબ (જુઓ પાનું ૪) ▶▶

# એનસીપી નેતાએ સુનેત્રા પવારની પક્ષનાં વડાં તરીકેની ચૂંટણીને પડકારી

## નવી ચૂંટણીની માગણી કરી અને નોટિસ પાઠવી

મુંબઈ : નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ તરીકે સુનેત્રા પવારની પસંદગીને તેમના જ એક વરિષ્ઠ સહયોગીએ પડકારી છે; તેમણે આ અંગે કાનૂની નોટિસ પાઠવી છે અને સંગઠનની નવી ચૂંટણી યોજવાની માગ કરી છે.

એનસીપીના રાષ્ટ્રીય સચિવ સચ્ચિદાનંદ સિંહ વતી દિલ્હી સ્થિત કાયદાકીય પેઢી દ્વારા ૯ જુલાઈએ જારી કરવામાં આવેલી નોટિસમાં દાવો કરવામાં આવ્યો હતો કે, આ વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણી ગેરબંધારણીય હતી અને તેને ‘‘રદબાતલ’’ જાહેર કરવામાં આવે.

સુનેત્રા પવાર, રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ અને મહાસચિવ બ્રિજમોહન શ્રીવાસ્તવને સંબોધિત નોટિસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ચૂંટણી પ્રક્રિયા એનસીપીના બંધારણની ફરજિયાત જોગવાઈઓનું (જુઓ પાનું ૪) ▶▶

# વિદર્ભમાં દોઢ મહિનામાં સરેરાશ કરતા ૨૭ ટકા ઓછો વરસાદ

નાગપુરઃ ૧ જૂનથી ૧૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર વિદર્ભ વિભાગમાં સરેરાશ કરતાં ૨૭ ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે.

વિદર્ભના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની અછત યથાવત્ હોવાને કારણે ખરીફ પાક પર તેની વિપરીત અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ગંભીર પરિસ્થિતિ અંગે નાગપુર હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રવીણ કુમારે વિદર્ભમાં વરસાદની વર્તમાન સ્થિતિ અને આગામી અંદાજ જાહેર કર્યો છે.

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, હાલમાં વિદર્ભમાં ૨૧ જુલાઈ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા દેખાઈ રહી નથી. આથી આગામી સમયમાં વરસાદની આ અછત સીધી ૫૦ ટકા સુધી પહોંચી જવાની આશંકા નાગપુર હવામાન વિભાગે વ્યક્ત કરી છે. વરસાદનો આ લાંબો વિરામ વિદર્ભની ખેતી માટે અત્યંત ચિંતાજનક માનવામાં આવી રહ્યો છે.

વિદર્ભના ૧૧ જિલ્લાઓમાંથી માત્ર ગોંદિયા જ એકમાત્ર એવો જિલ્લો છે, જ્યાં સરેરાશ કરતાં ૧૬ ટકા વધુ વરસાદ નોંધાયો છે. ગોંદિયામાં અત્યાર સુધીમાં ૪૦૭.૫ મિમી વરસાદ થયો છે, જ્યારે ત્યાં સરેરાશ ૩૫૨ મિમી વરસાદની અપેક્ષા હતી. ગોંદિયા સિવાયના અન્ય તમામ ૧૦ જિલ્લાઓમાં વરસાદની અછત જોવા મળી રહી છે.

દરમિયાન, વિદર્ભના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની આ મોટી અછત યથાવત્ રહેવાને કારણે ખરીફ પાક પર તેની અત્યંત ગંભીર અસર થવાની શક્યતા કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવે ખેડૂતોની નજર આગામી કેટલાક દિવસોમાં ચોમાસું સક્રિય થાય તેના પર ટકેલી છે, પરંતુ હવામાન વિભાગે ૨૧ જુલાઈ સુધી વરસાદની શક્યતા નકારી કાઢી હોવાથી અને અછત ૫૦ ટકા સુધી વધવાનો અંદાજ વર્તાવ્યો હોવાથી વિદર્ભના ખેડૂતો સામે બેવડું સંકટ આવી પડ્યું છે.

### વિદર્ભમાં જિલ્લા પ્રમાણે વરસાદનો ઘટાડો

* ગઢચિરોલી : - ૫૩ ટકા (સૌથી વધુ અછત)
* ભંડારા : - ૪૧ ટકા
* વાશીમ : - ૩૫ ટકા
* ચંદ્રપુર : - ૩૪ ટકા
* અમરાવતી : - ૨૪ ટકા
* નાગપુર : - ૨૧ ટકા
* અકોલા : - ૨૧ ટકા
* યવતમાળ : - ૧૯ ટકા
* વર્ધા : - ૧૩ ટકા
* બુલઢાણા : - ૮ ટકા
* ગોંદિયા : + ૧૬ ટકા (સરેરાશ કરતાં વધુ)

# મુંબઈમાં રહેવા ઘર આપો; ડેપ્યુટી મેયરનો પાલિકા કમિશનરને પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉપનગરમાં વસતા લાખો મુંબઈગરા ટ્રેનની ભીડમાં જાનના જોખમે અને કલાકો સુધી ટ્રાફિકમાં ઊભા રહીને માનસિક અને શારિરીક રીતે થકવી નાખનારો પ્રવાસ કરીને દક્ષિણ મુંબઈમાં પોતાના કામના સ્થળે પહોંચતા હોય છે ત્યારે મુંબઈના ડેપ્યુટી મેયર સંજય ઘાડી દહિસરથી વાહનમાં મુંબઈ મહાનગરપાલિકાના ફોર્ટમાં આવેલા મુખ્યાલયમાં આવતા સમયે લાગતા ટ્રાફિકથી શારિરીક-માનસિક રીતે કંટાળીને પાલિકા કમિશનર અશ્વિની ભીડેને પત્ર લખીને મુંબઈમાં ઘર આપવાની માગણી કરી છે.

ડેપ્યુટી મેયર સંજય ઘાડીએ લખેલા પત્રમાં કહ્યું છે કે દહિસરથી મુંબઈ શહેર (જુઓ પાનું ૪) ▶▶

# સંભાજીનગરમાં તુકારામ મુંઢેની મોટી કાર્યવાહી

## ઑઇલ કંપની પર દરોડા પાડી ₹ ૨.૯૩ કરોડનું પામ અને ખાદ્યતેલ જપ્ત

સંભાજીનગરઃ આઈએએસ અધિકારી તુકારામ મુંઢેએ એફડીએ કમિશનરનો ચાર્જ સંભાળતા જ ભેળસેળ વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરી છે.

છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ગયા અઠવાડિયે દૂધમાં ભેળસેળ સામે મોટી કાર્યવાહી બાદ, હવે એક ખાદ્યતેલ કંપની પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. છત્રપતિ સંભાજીનગરમાં એફડીએએ બે ઑઇલ રી-પેકિંગ યુનિટ્સ પર દરોડા પાડીને આશરે (જુઓ પાનું ૪) ▶▶

# એસી બંધ થતાં લોકલમાં મુસાફરોની હાલત કફોડી

## ૩ બેભાન, ૧ હૉસ્પિટલમાં દાખલ

મુંબઈ : સોમવારે સવારે ભીડના સમયે ટિટવાલા-સીએસએમટી એસી લોકલ ટ્રેનની એર-કંડિશનિંગ સિસ્ટમમાં ખામી સર્જાવાને કારણે અનેક મુસાફરોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી અને કેટલાક મુસાફરો થોડીવાર માટે બેભાન થઈ ગયા હતા. એક મુસાફરને તબીબી સારવાર માટે તાત્કાલિક હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. મુલુંડ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૨ પર ઉભી રહેલી એસી લોકલ ટ્રેનમાં ૧૦ મિનિટથી વધુ સમય સુધી એસી બંધ રહેતા ગભરાટ ફેલાયો હતો. કોચમાં ગરમી અને વેન્ટિલેશનના અભાવે, ઘણા મુસાફરોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી, જ્યારે કેટલીક મહિલા મુસાફરો બેભાન થઈ ગઈ હતી. સાથી મુસાફરો અને રેલ્વે સ્ટાફ તેમને મદદ કરવા દોડી આવ્યા અને તેમને કોચમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી. અહેવાલ મુજબ, મધ્ય રેલવે એસી (જુઓ પાનું ૪) ▶▶

# ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસના આરોપી અબુ સાલેમની ટાડા કોર્ટમાં અરજી

મુંબઈઃ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા અંડરવર્લ્ડ ગેંગસ્ટર અબુ સલેમે દોષિત ઠેરવવાના આદેશ મુજબ ચૂકવવા પડેલા દંડની રકમ અંગે સ્પષ્ટતા મેળવવા માટે ખાસ ટાડા કોર્ટમાં અરજી કરી છે. કોર્ટે હવે ફરિયાદ પક્ષને તેની અરજીનો જવાબ આપવા જણાવ્યું છે.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમની ગેંગના સાગરીત સાલેમને ૧૯૯૩ના વિસ્ફોટમાં સંડોવણી અને ૧૯૯૫ના મુંબઈ સ્થિત બિલ્ડર પ્રદીપ જૈનની હત્યા કેસમાં નવેમ્બર ૨૦૦૫માં ભારત પ્રત્યર્પણ કરવામાં આવ્યો હતો. ટાડાની જોગવાઈઓ હેઠળ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. નવેમ્બર ૨૦૦૫માં તેને પોર્ટુગલથી પ્રત્યર્પણ કરવામાં આવ્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૧૭માં ૧૯૯૩ના શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટમાં સંડોવણી બદલ સાલેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

ગેંગસ્ટરે ગયા મહિને સ્પેશ્યલ કોર્ટને પત્ર લખી જેલ સત્તાવાળાઓ અને ફરિયાદ પક્ષને તેના દ્વારા ચૂકવવામાં આવતા દંડની રકમ અંગે સ્પષ્ટતા કરવાનો નિર્દેશ માગ્યો હતો. જેલ સત્તાવાળાઓએ આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું છે કે સાલેમે રૂ. ૧૬.૫૧ લાખનો દંડ ભરવો પડશે અને જો તે નિષ્ફળ જશે તો તેને ૧૮ વર્ષ અને છ મહિનાની વધુ જેલની સજા ભોગવવી પડશે. ■

# પશ્ચિમ એશિયામાં તણાવ અને ક્રૂડના ભાવની ઊથલપાથલથી કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે બજાર અથડાઈ ગયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઇરાન વચ્ચે સતત ચાલી રહેલી લશ્કરી અથડામણથી વધતા તણાવ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઉછાળો આવતા કથળી ગયેલા સેન્ટિમેન્ટ વચ્ચે સોમવારે બજાર દિશાવિહિન બની અથડાઇ ગયું હતું, જોકે સત્ર દરમિયાન બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ૭૦૦ પોઇન્ટથી મોટો ઘટાડો પચાવી લીધો હતો. આઇટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં સ્થિતિસ્થાપકતાએ ભૂરાજકીય ચિંતાઓની અસરને સરભર કરવામાં મદદ કરી, હોવાને કારણે બેન્ચમાર્ક સૂચકાંકો શરૂઆતના નુકસાનમાંથી બહાર નીકળી શક્યા અને મોટાભાગે ફ્લેટ નોંધ પર બંધ થયા હોવાનું એક નિષ્ણાતે જણાવ્યું હતું.

સેન્સેક્સ સવારના વેપાર દરમિયાન, તે ૭૧૧.૯૬ પોઈન્ટ અથવા ૦.૯૧ ટકા ઘટીને ૭૬,૮૫૭.૪૩ની નીચી સપાટીને અથડાયા બાદ બેન્ચમાર્કમાં દિવસ દરમિયાન ૨૧૯.૯ પોઈન્ટનો સુધારો થયો, પરંતુ તે લાભ ટકાવી રાખવામાં નિષ્ફળ રહ્યો હતો અને અંતે ૪૭.૦૧ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા વધીને ૭૭,૬૧૬.૪૦ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૪.૧૦ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકાના વધારા સાથે ૨૪,૨૧૧ના સ્તરે બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ ૫.૪૩ ટકા ઉછળીને સૌથી વધુ સુધારો નોંધાવનાર શેર તરીકે ઉભરી આવ્યો હતો, જ્યારે એચસીએલ ટેક ૫.૦૨ ટકા, ટેક મહિન્દ્રા ૩.૩૪ ટકા, ઇન્ફોસિસ ૩.૧૭ ટકા, ગઝર્જી ૨.૧૮ ટકા અને કોટક મહિન્દ્રા બેંક ૧.૮૩ ટકા વધ્યા હતા. આ તરફ ટાટા સ્ટીલ, ઇટર્નલ, ઇન્ટરગ્લોબ એવિએશન, મારુતિ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર્સની યાદીમાં હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૫૭ ટકા ઉછળીને ૭૭.૯૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

ભારતીય શેરબજારો નબળા ખુલ્યા પછી મોટાભાગે સપાટ રહ્યા, કારણ કે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇરાન વચ્ચે વધતા ભૂરાજકીય તણાવ વચ્ચે રોકાણકારોએ થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવ્યો હતો. હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ સતત મિસાઇલ અને ડ્રોન હુમલાને કારણે ઓઇલ ટેન્કરની હિલચાલમાં વિક્ષેપ પડ્યો છે અને ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જેના કારણે બજારનું એકંદર માનસ સાવચેતીભર્યું થયું છે.

જોકે, આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ફાઇનાન્શિયલ સર્વિસિસ શેરોમાં સ્થિતિસ્થાપકતાએ ભૂરાજકીય ચિંતાઓની અસરને સરભર કરવામાં મદદ કરી, જેના કારણે બેન્ચમાર્ક સૂચકાંકો શરૂઆતના નુકસાનમાંથી બહાર નીકળી શક્યા અને મોટાભાગે સપાટ નોંધ પર બંધ થયા, એમ એક બજાર નિરિક્ષકે જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૮.૯૫ ટકા ઘટ્યો. જાપાનનો નિક્કી ૨૨૫ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પણ




નીચા મથાળે બંધ થયો હતો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ થોડો ઊંચો બંધ થયા હતો. યુરોપમાં બજારો મિશ્ર વેપાર કરી રહ્યા હતા. શુક્રવારે અમેરિકાના બજારો ઊંચા મથાળે બંધ થયા હતા.

આઇટી શેરોની તેજીને કારણે નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ મુખ્ય સેક્ટર ગેજમાંથી નવમાંથી નિફ્ટી આઇટી ઇન્ડેક્સ ૩.૬૦ ટકાના ઉછાળા સાથે સૌથી વધુ વધારો નોંધાવ્યો હતો. આ પછીના ક્રમમાં નિફ્ટી મીડિયા, પ્રાઇવેટ બેંક, પીએસયુ બેંક, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ફાઇનાન્શિયલ સર્વિસિસ ઇન્ડેક્સ પણ ઊંચા મથાળે બંધ રહ્યા હતા. બીજી બાજુ, એફએમસજી, મેટલ, ફાર્મા, રિયલ્ટી અને હેલ્થકેર શેર્સમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકો ફ્લેટ નોંધ પર બંધ થયા હતા. બીએસઇ એક્સચેન્જ ડેટા અનુસાર, પાછલા સત્રમાં શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨,૬૦૩.૭૨ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. શુક્રવારે, સેન્સેક્સ ૮૨૭.૫૭ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકાના ઉછાળા સાથે ૭૭,૫૬૯.૩૯ પર સ્થિર થયા હતો, જ્યારે નિફ્ટી ૨૪૪.૧૦ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકાના ઉછાળા સાથે ૨૪,૨૦૬.૯૦ પર બંધ થયો હતો.

એક અન્ય માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, બજારમાં દિવસના નીચા સ્તરથી મજબૂત ઇન્ટ્રાડે રિકવરી જોવા મળી, જે આઇટી બિઝનેસ અપડેટ્સ અને આકર્ષક મૂલ્યાંકનને પ્રોત્સાહન આપતા સકારાત્મક સેન્ટીમેન્ટ વચ્ચે સાધારણ વધારા સાથે બંધ થયું, બીજો સકારાત્મક વિકાસ એ છે કે એઆઇ બબલ અંગે ચિંતાઓને કારણે વૈશ્વિક બજારોમાં વેચવાલીનું દબાણ ચાલુ હોવા છતાં, તાજેતરના અઠવાડિયામાં ભારતીય આઇટી શેરો પર નકારાત્મક અસર ઓછી થઈ છે. ભારતીય આઇટી ક્ષેત્રમાં એફઆઇઆઇ વેચાણ પણ ઓછું થયું છે, જે ભવિષ્યમાં ભારતમાં ભંડોળના પ્રવાહમાં પરિવર્તનને ટેકો આપી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ અંગે રોકાણકારોની ચિંતાઓને મોટાભાગે અવગણવામાં આવી હતી, જ્યારે દિવસ દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડાએ બજારને વધારાનો આરામ પૂરો પાડ્યો હતો. કોર્પોરેટ પરિણામોનો પ્રારંભિક બેચ અપેક્ષા કરતા વધુ સારો આવ્યો છે, જે સૂચવે છે કે ક્વાર્ટર માટે અર્નિંગ્સ ડાઉનગ્રેડ અગાઉની અપેક્ષા કરતા ઓછું ગંભીર હોઈ શકે છે. તે જ સમયે, ભારતીય બજાર મૂલ્યાંકન વધુ વાજબી દેખાય છે, જે પ્રથમ ક્વાર્ટરની અર્નિંગ સીઝનની મજબૂત શરૂઆત સૂચવે છે.

કોર્પોરેટ હલચલમાં એચસીએલેકનોલોજીએ શેરદીઠ રૂ. ૧૨ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરી છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસીનો એપ્રિલથી જૂન ત્રિમાસિક સમયગાળાનો નફો ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૯૬૫ કરોડ નોંધાયો હતો. એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ, ઇન્સ્ટિટ્યૂશનલ ફંડ મેનેજમેન્ટ બિઝનેસના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ટાટા કેપિટલ કેરળની યોગક્ષેમમ લોનનો મેજોરિટી સ્ટેક મેળવીને ગોલ્ડ લોન બિઝનેસમાં પ્રવેશી રહી છે.

નિફ્ટી ઇન્ડેક્સમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ સૌથી વધુ વધ્યો હતો, શેર ૫.૫૧ ટકા વધીને રૂ. ૨,૧૮૯ પર બંધ થયો હતો. એચસીએલ ટેક તેના કમાણીની જાહેરાત પહેલા ૫.૧૫ ચકા વધ્યો હતો. ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, બજાજ ઓટો, એનટીપીસી, કોટક મહિન્દ્રા બેંક, વિપ્રો, ટાટા મોટર્સ પીવી, ઓએનજીસી, એચડીએફસી લાઇફ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા પણ ૦.૮ ટકાથી ૩.૨ ટકાની વચ્ચે વધ્યા હતા.

બીજી બાજુ, નિફ્ટી ઇન્ડેક્સમાં ગ્રાસિમ, ટાટા સ્ટીલ, નેસ્લે, એટરનલ, ઇન્ડિગો, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતિ સુઝુકી, એશિયન પેઇન્ટ્સ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ સૌથી વધુ ઘટ્યા હતા.એનએસઇ પર એકંદર માર્કેટ બ્રેથ થોડી હકારાત્મક રહી હતી. કુલ ટ્રેડેડ શેરોમાંથી ૧,૭૭૬ શેર વધીને બંધ થયા હતા, જ્યારે ૧,૫૫૭ શેર નીચા સ્તરે બંધ થયા હતા.

આગામી બે વર્ષમાં ૨૧૦ નવી કંપનીઓ આઇપીઓ લાવવાની તૈયારીમાં છે. નવા લિસ્ટિંગથી ભારતના ઇક્વિટી માર્કેટમાં નવી પેઢીની કંપનીઓનો હિસ્સો દાયકાના અંત સુધીમાં વધીને ૧૧.૫૦ ટકા સુધી પહોંચશે. આગામી ૨૪ મહિનામાં આશરે ૨૧૦ નવી પેઢીની કંપનીઓ પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) માટે તૈયાર થશે. વધુમાં, નવી પેઢીની લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીરોકાણ જુલાઈમાં ૧૫૦ બિલિયન ડોલરથી વધીને ૨૦૩૦ સુધીમાં એક ટ્રિલિયન ડોલર થશે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ચાર મહિના બાદ પહેલી વખત લેવાલી નોંધાવી છે. વિદેશી રોકાણકારોએ જુલાઈમાં કુલ રૂ. ૧૫,૧૫૭ કરોડના રોકાણ નોંધાવી બજારને ટેકો આપ્યો છે. એફઆઇઇએ જુલાઈ દરમિયાન ફુલ્લ એક્સેસિબલ રૂટ દ્વારા ડેટ સિક્યોરિટીઝમાં રૂ. ૬,૬૨૫ કરોડ અને જનરલ રૂટ દ્વારા રૂ. ૩,૨૨૮ કરોડનું રોકાણ કર્યું છે.

# મધ્ય પૂર્વમાં તણાવ વધતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૧૮૦નો અને ચાંદીમાં ₹ ૧૬૬૮નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાને આક્રમક હુમલાઓની શરૂઆત કરતાં આજે ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ ઊંચા વ્યાજદર લાંબા સમયગાળા સુધી જાળવી રાખે તેવી શક્યતા પ્રબળ બનતાં હાજરમાં સોનાના અને ચાંદીના ભાવમાં સતત બીજા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬૬૮નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૫થી ૧૧૮૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની વધુ ભાવઘટાડાના આશાવાદે ખપપૂરતી માગ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ આગલા બંધ સામે કિલોદીઠ રૂ. ૧૬૬૮ના ઘટાડા સાથે રૂ. ૨,૧૮,૭૨૨ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો,




રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતા હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૧,૬૧૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૮૦ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૧૮૮ની સપાટીએ રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૬૧.૬૪ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૧ ટકા ઘટીને ૪૦૬૯.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૪ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૫૮.૪૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાન દ્વારા એકબીજા પર ડ્રોન અને મિસાઈલ હુમલાઓ આક્રમક કર્યા હતા અને ઈરાને ફરી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ બંધ કર્યો હોવાનું જણાવતાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા. આમ ક્રૂડ તેલના ભાવ વધતાં ફુગાવમાં વધારો થવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે અને બૉન્ડની યિલ્ડ પણ વધી આવતા આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સાક્સો બૅન્કના વિશ્લેષક ઑલે હાન્સને જણાવતા ઉમેર્યું હતું કે હાલ બજારની નજર મધ્ય પૂર્વના દેશો અને ક્રૂડતેલના ભાવ પર મંડાયેલી છે. તેમ જ બજારમાં પ્રવાહિતા પણ ઓછી હોવાથી સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૦૦થી ૪૨૦૦ ડૉલરની રેન્જમાં કોન્સોલિડેટ થાય તેવી શક્યતા નકારી ન શકાય.

તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં આવેલા વધારાને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૯ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બજાર વર્તુળો ૬૩ ટકા શક્યતા મૂકી રહ્યા હતા.

વધુમાં હવે રોકાણકારોની નજર આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાના જૂન મહિનાના ફુગાવાના ડેટા, પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેકેસ, રિટેલ વેચાણના અને રોજગારીના ડેટાઓ પર સ્થિર થઈ છે. આ ઉપરાંત આવતીકાલે અમે મંગળવારે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શનાં કૉંગ્રેસ સમક્ષનાં વક્તવ્ય પર પણ રોકાણકારોની મીટ મંડાયેલી રહેશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં ચમકારો, દેશી તેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત ક્રૂડતેલના ભાવ પણ વધી આવતા ક્રૂડ પામતેલના વાયદામાં બાવીસ રિંગિટનો ઉછાળો આવ્યો હતો. આમ મલયેશિયાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. ૩૦ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ મિશ્ર વલણ રહેતાં સિંગતેલમાં અને સરસવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો, જ્યારે કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૫ ઘટી આવતા મિશ્ર વલણ જોવા મળ્યું હતું. વધુમાં આજે ભાવમાં એકંદરે સુધારાતરફી વલણ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૪૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૧, ઈમામીના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો ગોઠવાયાના અહેવાલ હતા.



આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં અને રાજકોટ મથકે ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૮૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલ ખાતે આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૨૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૧૦થી ૧૫૧૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૦થી ૧૫૬૫માં થયા હતા. તેમ જ આજે રાજકોટ ખાતે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૭૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૮૦૦થી ૭૦૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૦૦૦થી ૭૧૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન ઉપરાંત કોપર આર્મિચર સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. આઠનો અને નિરસ માગે કોપર આર્મિચર, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૫૨૫૦, રૂ. પાંચ વધીને રૂ. ૯૦૫ અને રૂ. ચાર વધીને રૂ. ૧૩૬૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૨૭૭, રૂ. ૧૨૬૭ અને રૂ. ૧૧૮૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૧૬૧૭ના મથાળે અને નિરસ માગને કારણે કોપર આર્મિચર, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૨૫૭, રૂ. ૩૮૧ અને રૂ. ૨૦૭ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦૦, રૂ. ૩૪૬ અને રૂ. ૮૩૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ફરી બંધ, ક્રૂડતેલના ભાવ ઉછળતાં ડૉલર સામે રૂપિયો 30 પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઈરાને આજે દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ કર્યો હોવાની જાહેરાત કરતાં વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો ૩૦ પૈસા તૂટીને ૯૫.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર અમેરિકા અને ઈરાનને એકબીજા પર ફરીથી શરૂ કરેલા હુમલાઓને કારણે ક્રૂડતેલના ભાવમાં તેજી જોવા મળી હતી તેમ જ મૂડીગત્ બાહ્યપ્રવાહને કારણે ડૉલર મજબૂત થયો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૩૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૭૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૬ અને ઉપરમાં ૯૫.૫૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૩૦ પૈસા નબળો પડીને ૯૫.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં નવ પૈસાનો સુધારો નોંધાયો હતો.

અમેરિકા-ઈરાન વચ્ચેનાં યુદ્ધને કારણે આજે ડૉલર સામે રૂપિયો નરમાઈના અન્ડરટોને ખૂલ્યો હતો. ત્યાર બાદ ક્રૂડતેલના ભાવવધારા અને ડૉલર ઈન્ડેક્સના મજબૂત વલણને કારણે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, મધ્ય સત્ર પશ્ચાત્ ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં રૂપિયામાં પણ નીચા મથાળેથી ધીમો સુધારો આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેતાં ૯૫.૪૦થી ૯૫.૯૬ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને ૧૦૦.૯૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૯૩ ટકા વધીને બેરલદીઠ ૭૭.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક સ્તરે



બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૭.૦૧ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૪.૧૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૬૦૩.૭૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયો વધુ ગબડતો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# હોર્મુઝ સ્ટ્રેઇટમાં પુરવઠા અવરોધઃ ઓએનજીસી મેંગલુરુમાં સ્ટ્રેટેજિક ઓઇલ રિઝર્વ વિકસાવશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ઇરાન અને અમેરિકાના સતત જારી સંઘર્ષને કારણે ઓઇલ પુરવઠામાં પડી રહેલા વિક્ષેપ વચ્ચે સરકારી માલિકીની રાજ્ય સંચાલિત તેલ અને કુદરતી ગેસ નિગમ (ઓએનજીસી)એ રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટ તરીકે મેંગલુરુમાં ૧.૭૫ મિલિયન ટનની ક્ષમતાવાળા વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત (એસપીઆર) વિકસાવવાની મંજૂરી આપી હોવાનું કંપનીએ એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું.

કંપનીના ડિરેક્ટર બૉર્ડે સરકાર સાથે ચર્ચાવિચારણાં કરીને આગામી સુવિધામાં વ્યાપક વ્યાપારી ઉપયોગનો નિર્દેશ પણ આપ્યો છે. એસપીઆર પર વાણિજ્યિક ઉપયોગમાં સામાન્ય રીતે સ્ટોરેજ સ્પેસ ભાડે લેવા અને કોમોડિટીનો વેપાર કરવાનો સમાવેશ થાય છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધે ગ્લોબલ ઓઇલ પુરવઠામાં વિક્ષેપનો સામનો કરવાની ભારતની ક્ષમતા અંગે ચિંતા વધારી છે.

# રિટેલ સ્તરની ખપપૂરતી માગે ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને દેશાવરોની માગ પણ સુસ્ત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦ના ઘટાડા સાથે રૂ. ૪૧૦૦થી ૪૧૫૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સપ્તાહના આરંભે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતા ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તથા રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાથી ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૪૨૦૨થી ૪૨૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સુધારા સાથે રૂ. ૪૩૦૨થી ૪૩૯૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૯૦થી ૪૨૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૭૦થી ૪૩૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# એક તો મોડો આવ્યો અને હવે ગાયબ થઈ ગયો: એક અઠવાડિયા સુધી વરસાદની શકયતા નહીંવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશ સહિત ગુજરાતમાં વરસાદે એક મહિનો મોડો દસ્તક દીધી છે. આખો જૂન મહિનો કોરો નીકળી ગયો અને જુલાઈમાં પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસી ગયો છે.

અમુક જિલ્લામાં હાજરી પૂરતો તો અમુક જિલ્લામાં તો નામ પૂરતો વરસાદ વરસ્યો છે. ત્યારે છેલ્લા ચાર દિવસથી તો લગભગ છાંટા પડ્યાના પણ અહેવાલો નથી. રાજ્યમાં વરસાદની સારી એવી ઘટ છે અને હવામાન વિભાગની આગાહીમાં આગામી ૧૯ જુલાઈ સુધી સારા એવા વરસાદની આગાહી નથી.

હવામાન વિભાગ મુજબ, ૧૪ જુલાઈ સુધી વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓમાં હળવો વરસાદ પડી શકે છે, જ્યારે રાજ્યના બાકીના ભાગોમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે. ૧૫ જુલાઈના રોજ, ઉપરોક્ત સ્થળો ઉપરાંત, અરવલ્લી, મહિસાગર, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ, પોરબંદર અને રાજકોટમાં ઝાંપટાની સંભાવના છે.

ત્યારબાદ, ૧૬ થી ૧૮ જુલાઈની વચ્ચે વધુ વિસ્તારોમાં વરસાદ વધવાની શક્યતા છે, કારણ કે હવામાન વિભાગ મુજબ, કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, મોરબી અને જામનગર સિવાયના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

જોકે ૧૯ જુલાઈ સુધી કે ત્યારબાદ ૨૧ જુલાઈ સુધી ભારે વરસાદના કોઈ અણસાર દેખાતા નથી. દરમિયાન અમદાવાદમાં ગરમીનો પારો ફરી ચડવા માંડ્યો છે.

સોમવારે ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. દિવસ દરમિયાન બફારાનો અનુભવ લોકોએ કર્યો હતો. મોટભાગના શહેરોમાં ૩૩ ડિગ્રીથી વધારે તાપમાન નોંધાયું હતું. ■

# છોટા ઉદેપુરના પચીસ આદિવાસીઓની ઘર વાપસી: ખ્રિસ્તી ધર્મમાં અગાઉ વટલાયેલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટા ઉદેપુર જિલ્લાના વાસણા (કોશિન્દ્રા) ગામમાં શ્રી આનંદવર્ધન આશ્રમના ઉદ્દઘાટન વખતે પચીસ આદિવાસી 'વનવાસી' લોકોએ ખ્રિસ્તી ધર્મ છોડીને હિંદુ ધર્મમાં પુનઃ પ્રવેશ કર્યો હોવાની ઘટના બની હતી. આશ્રમનું ઉદ્દઘાટન દ્વારકા શારદા પીઠાધીશ્વર શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આયોજકોના જણાવ્યા મુજબ, સહભાગીઓએ સ્વેચ્છાએ ગંગાજળ લીધું અને ભગવાન શ્રી રામના મંત્રને સ્વીકારીને સનાતન હિન્દુ ધર્મનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી. કાર્યક્રમમાં હાજર રહેલા લોકોએ હિન્દુ ધર્મનું પાલન કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

સભાને સંબોધતા, શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીએ કહ્યું કે તેઓ સનાતન ધર્મ વિશે જાગૃતિ લાવવા માટે ઘણા વર્ષોથી આદિવાસી વિસ્તારોમાં સ્વધર્મનયન યાત્રા કરી રહ્યા છે. ■

# કપાસનું વાવેતર કરતા ખેડૂતોને મળશે હેક્ટર દીઠ ₹ ૧૪,000 સુધીની ઈનપુટ સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં કપાસનું ઉત્પાદન વધારીને તેની આયાત ઘટાડવા અને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ થી ૨૦૩૦-૩૧ના સમયગાળા માટે મહત્વાકાંક્ષી મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી (કપાસ ક્રાંતિ મિશન) અમલમાં મૂકવામાં આવ્યું છે. આ મિશન હેઠળ આગામી પાંચ વર્ષ કપાસની ખેતી કરતા ખેડૂતોને આધુનિક ખેત પદ્ધતિઓ અપનાવવા માટે ઈનપુટ સહાય આપવામાં આવશે, તેમ કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીના જણાવ્યા અનુસાર, દેશના કુલ કપાસ ઉત્પાદનમાં મહત્તમ ફાળા સાથે ગુજરાત હંમેશા અગ્રીમ હરોળમાં રહ્યું છે. જેથી, આધુનિક ખેત પદ્ધતિઓના સહારે ગુજરાતમાં કપાસના વાવેતરને હજુ પણ વધારવા માટે ચાલુ વર્ષે 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' હેઠળ ગુજરાતને રૂ. ૧૩૪.ક્ષ૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. આ મિશન હેઠળ રાજ્યમાં કપાસનું વાવેતર ધરાવતા ૨૧ જિલ્લાના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી અંતર્ગત કપાસના વાવેતરની પદ્ધતિના આધારે બે પ્રકારે સહાયની જોગવાઈ કરવામાં આવી છે. નિદર્શન ઘટક હેઠળ 'ક્લોઝર સ્પેસિંગ ટેક્નોલોજી' એટલે કે, ઓછા અંતરે વાવેતરની પદ્ધતિ અપનાવીને રાજ્યના જે ખેડૂત મિત્રોએ ચાલુ વર્ષે કપાસનું વાવેતર ૯૦ સેમી x ૩૦ સેમીના અંતરે કરેલું હોય, તેમને પ્રતિ હેક્ટર રૂ. ૧૪,૦૦૦/-ની ઈનપુટ સહાય મળશે.

આ સાથે સંકલિત પાક વ્યવસ્થાપનની વાવેતર પદ્ધતિ અપનાવીને જે ખેડૂતોએ ૯૦ સેમી x ૬૦ સેમીના અંતરે કપાસ વાવ્યો છે, તેમને પ્રતિ હેક્ટર રૂ. ૭,૫૦૦/-ની ઈનપુટ સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ એક ખેડૂતને એક વર્ષમાં વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં જ મળી શકશે. ■

# વલસાડના સાંસદના નામે નકલી લેટરહેડ અને ઈમેલ આઈડીનો ઉપયોગ કરી બેંકને ગેરમાર્ગે દોરનારો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત સિટી સાયબર ક્રાઇમ પોલીસે એક કથિત છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે જેમાં સરકાર અને બેંકોને ગેરમાર્ગે દોરવા માટે વલસાડ લોકસભાના સાંસદ ધવલ પટેલના નામે નકલી લેટરહેડ અને ઇમેઇલ આઈડી બનાવવામાં આવ્યા હતા.

મૂળ પશ્ચિમ બંગાળના આરોપી, પ્રતીક પ્રદ્યુતકુમાર દે (૩૦)એ કથિત રીતે સાંસદના નામે નકલી ઈમેલ આઈડી બનાવીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) ના ચેરમેન સી.એસ. શેટ્ટીને ખોટો ભલામણ પત્ર મોકલ્યો હતો જેથી તે અનુચિત લાભ મેળવી શકે. મળતી માહિતી અનુસાર આરોપીની અમદાવાદના ઈસનપુર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ સાંસદ ધવલ પટેલના સત્તાવાર લેટરહેડ પર દેખાતી ડિઝાઇન, હોદ્દો અને નકલી સહીનો ઉપયોગ કરીને બનાવટી ઇલેક્ટ્રોનિક રેકોર્ડ તૈયાર કર્યા હતા. ત્યારબાદ બેંકને ગેરમાર્ગે દોરવાના હેતુથી નકલી ઇમેઇલ આઈડી પરથી ભલામણ પત્ર મોકલવામાં આવ્યો હતો.

સાંસદ ધવલ પટેલના અંગત સહાયક રવિકુમાર સુરેશભાઈ પટેલે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ આ પ્રકરણ બહાર આવ્યું હતું.

પોલીસે તપાસ કરી આરોપીની ભાળ મેળવી હતી અને તેના નિવાસસ્થાન પર રેડ કરી તેની પકડી પાડ્યો હતો. પોલીસે આગળની તપાસ હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગુજરાત આરટીઓએ ખાનગી કાર, ટૂ-વ્હિલર માટે ફિટનેસ સર્ટિફિકેશન ફરી શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ) દ્વારા કામચલાઉ રીતે ફિટનેસ સર્ટિફિકેટ આપવાનું સ્થગિત કરવામાં આવ્યું હતું, જેને કારણે લગભગ ૫૦,૦૦૦ જેટલી અરજીઓનો ઢગ ખડકાયો હોવાના અહેવાલો હતા. જોકે હવે સોમવારે રાજ્ય સરકારે આરટીઓ ખાતે ખાનગી ટુ-વ્હીલર અને કાર માટે ફિટનેસ સર્ટિફિકેશન ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જ્યાં સુધી ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન્સ (એટીએસ) શરૂ નહીં થાય ત્યાં સુધી આરટીઓ ફરી આ કામ કરશે.

કેન્દ્ર સરકારે ઓટોમેટેડ ફિટનેસ ટેસ્ટિંગ અને સુધારેલી ફિટનેસ ફીના નિયમો ફરજિયાત કર્યા બાદ ૮ મેથી આરટીઓ ખાતે ફિટનેસ ઈન્સ્પેક્શન તબક્કાવાર બંધ કરી દેવામાં આવ્યું હતું. ગુજરાત સરકારે નવી સિસ્ટમને નોટિફાય કરી ન હોવાથી, આરટીઓએ ઓડિટમાં સમસ્યા ન સર્જાય અને કાનૂની ગૂંચવણો પેદા ન થાય તે માટે કામકાજ બંધ કરી દીધું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આરટીઓએ સર્ટિફિકેટ થોડા સમય પૂરતા ન આવતા અરજીઓનો ખડકલો થઈ ગયો હતો. ઘણા સર્ટિફિકેટ ન મળતા વીમો રિન્યૂ કરાવી શકયા નહીં, તેવા અહેવાલો પણ હતા.

સેવાઓ ફરી શરૂ થતાં, વાહન માલિકોએ સુધારેલા ફિટનેસ ચાર્જ ચૂકવવા પડશે. ખાનગી ટુ-વ્હીલર માટે ફિટનેસ ફી રૂ. ૧,૨૦૦ થી વધારીને રૂ. ૨,૫૦૦ કરવામાં આવી છે, જ્યારે ખાનગી કાર માટે ફી રૂ. ૫,૨૦૦ થી વધારીને રૂ. ૧૩,૫૦૦ કરવામાં આવી છે.

હાલના નિયમો અનુસાર ખાનગી વાહનોએ નોંધણીની તારીખથી ૧૫ વર્ષ પૂરા કર્યા પછી અને ત્યારબાદ દર પાંચ વર્ષે ફિટનેસ પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે.

દરમિયાન, કમર્શિયલ વાહનોનું ફિટનેસ સર્ટિફિકેશન હાલની સિસ્ટમ અનુસાર, ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનો દ્વારા હાથ ધરવામાં આવશે. ■

# જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ હવે આગાહી નહીં કરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે હવામાન અંગે આગાહી નહીં કરવાનો નિર્ણય લીધો છે. વર્ષોથી પોતાની આગાહીઓ માટે જાણીતા અંબાલાલ અંબાલાલ પટેલે કહ્યું, હવે તેઓ હવામાન અંગે કોઈ આગાહી નહીં કરે. વિજ્ઞાન જાથા દ્વારા વારંવાર તેમની આગાહીઓને લઈને વિવાદ ઊભા કરવામાં આવે છે. તેમના કહેવા મુજબ, દરેક આગાહી બાદ બિનજરૂરી ચર્ચાઓ અને ટીકાઓ થતી હોવાથી હવે તેઓ આ પ્રકારના વિવાદોમાં પડવા માંગતા નથી. આ ઉપરાંત અંબાલાલ પટેલે જણાવ્યું કે તેમની ઉંમર થઈ ગઈ છે અને હવે તેઓ કોઈપણ પ્રકારના વિવાદમાં પડવા ઇચ્છતા નથી. તેથી હવામાન અંગે જાહેર આગાહીઓ કરવાનું બંધ કરવાનો નિર્ણય લીધો છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામી અંબાલાલ પટેલના સમર્થનમાં આવ્યા હતા. તેમણે કહ્યું, આગાહીકારો ભડલી વાક્યો અને નક્ષત્રના આધારે આગાહી કરે છે તેમ કહી વિજ્ઞાન જાથાને વખોડી હતી. જોકે તેમની આ જાહેરાત બાદ ઘણા લોકો તેમના સમર્થનમાં આવ્યા હતા. ■

# મુસાફરોને એરપોર્ટની એડવાઈઝરી: રથયાત્રાના દિવસે વહેલા નીકળવા અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભગવાન જગન્નાથની રથયાત્રાને ધ્યાનમાં રાખીને અમદાવાદ એરપોર્ટના સંચાલકો દ્વારા મુસાફરો માટે ખાસ એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે. રથયાત્રાના કારણે શહેરના અનેક વિસ્તારોમાં દિવસ દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન અને માર્ગ બંધ રહેવાની શક્યતા હોવાથી એરપોર્ટ તરફ જતાં મુસાફરોએ સમયસર આયોજન કરવા અપીલ કરવામાં આવી છે. ૧૬મી જુલાઈએ શહેરમાં ૧૪૯મી રથયાત્રા નીકળશે.

એરપોર્ટ તંત્રે મુસાફરોને એરપોર્ટ માટે ઘરેથી વહેલા નીકળવા, રસ્તામાં ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખીને વધારાનો સમય રાખવા તેમજ એરપોર્ટથી આગળની મુસાફરી માટેની વાહન વ્યવસ્થા અગાઉથી નક્કી કરી લેવા સૂચના આપી છે.

આ ઉપરાંત એરપોર્ટ પર સુરક્ષા તપાસ અને અન્ય પ્રક્રિયાઓ માટે પણ વધારાનો સમય ફાળવવાની સલાહ આપવામાં આવી છે, જેથી મુસાફરોને અનાવશ્યક ઉતાવળ કે મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

એરપોર્ટના સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે મુસાફરોની સુરક્ષા, સુવિધા અને સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. એરપોર્ટ તંત્રે મુસાફરોને ટ્રાફિક એડવાઇઝરીને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું અગાઉથી યોગ્ય આયોજન કરવાની અપીલ કરી છે. ■

# પંદર દિવસમાં બીજી વાર સુરત એરપોર્ટ પર ફ્લાઈટ લેન્ડ થતા લેસર લાઈટ ફ્લેશ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત એરપોર્ટ પર ૧૫ દિવસમાં બીજી વખત, કોઈએ લેન્ડિંગ દરમિયાન પ્લેન પર ગ્રીન લેસર લાઈટ ફ્લેશ કરી હોવાની ઘટના બની હતી. શનિવારે રાત્રે, દિલ્હીથી આવી રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટના પાયલોટે લેન્ડિંગ સમયે દરમિયાન કોકપીટ તરફ ગ્રીન લેસર બીમ જોયો હોવાની જાણ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

જોકે, પાઇલટની સતર્કતા અને એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) સાથેના સંકલનને કારણે, પ્લેન કોઈપણ સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયું હતું. આ પ્લેનમાં ૧૬૩ મુસાફરો હતા. ફ્લાઇટ રાત્રે ૧૧:૫૫ વાગ્યે સુરતના એરપોર્ટ એરિયામાં પ્રવેશી હતી. જ્યારે પ્લેન તેના એપ્રોચ તરફ આગળ વધી રહ્યું હતું, ત્યારે પાઇલટે કતારગામ વિસ્તારમાં તરફથી આવતી ગ્રીન લેસર લાઈટ જોઈ હતી અને અમુક ક્ષણો માટે તેનું ધ્યાન-બેધ્યાન થઈ ગયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જેનાથી તે થોડી ક્ષણો માટે વિચલિત થઈ ગયો.

લેન્ડિંગ દરમિયાન વિમાન પર લેસર બીમ ફ્લેશ કરવો એ એવિયેશન માટે ગંભીર ખતરો માનવામાં આવે છે, કારણ કે તે ફ્લાઇટના સૌથી મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન પાઇલટ્સની આંખો આંજી શકે છે અથવા ધ્યાન ભંગ કરી શકે છે. આ ઘટના બાદ સમગ્ર ઘટનાની સઘન તપાસ થઈ રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# આણંદ રેલ્વે સ્ટેશનનું ₹૬૫ કરોડના ખર્ચે નવનિર્માણ કરાશે: ટૂંક સમયમાં કામગીરી હાથ ધરવામાં આવશે

અમદાવાદઃ આણંદ શહેરના રેલ્વે સ્ટેશનના આધુનિકરણ માટે રૂ ૬૫ કરોડના માતબર બજેટને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. આણંદ રેલ્વે સ્ટેશનના નવનિર્માણની કામગીરી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે. આ સાથે જ નવા અને સુવિધાયુક્ત રેલવે સ્ટેશનની આણંદવાસીઓની લાંબા સમયની માંગ પુર્ણ થઈ છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નવા રેલ્વે સ્ટેશનમાં એર-કંડિશન્ડ વેટિંગ હોલ, મુસાફરો માટે આરામદાયક બેઠક વ્યવસ્થા અને મનોરંજન માટે ટીવી સ્ક્રીન હશે. સિનિયર સિટીઝન્સ અને દિવ્યાંગોની સરળ અવરજવર માટે તમામ પ્લેટફોર્મ પર આધુનિક લિફ્ટ અને એસ્કેલેટરની સુવિધા, સ્ટેશન પરિસરમાં જ બ્રાન્ડેડ ફૂડ સ્ટોલ્સ, રેસ્ટોરન્ટ્સ અને મુસાફરોની ખરીદી માટે આધુનિક કિયોસ્ક, સોલાર પેનલ દ્વારા વીજળીની બચત, એલ.ઈ.ડી. લાઈટિંગ અને વોટર રિસાયકલિંગ પ્લાન્ટ સાથે ઇકો-ફ્રેન્ડલી ડિઝાઇન, વાહનોના સરળ પાર્કિંગ માટે વિશાળ જગ્યા રાખવામાં આવશે.

જ્યારે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને સ્ટેશન પર એન્ટ્રી-એક્ઝિટ ગેટ, સ્ટેશન કેમ્પસમાં ફ્રી વાઇફાઇ અને દરેક પ્લેટફોર્મ પર પૂરતા પ્રમાણમાં મોબાઈલ-લેપટોપ ચાર્જિંગ સોકેટ્સ, ૨૪ કલાક સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ, મેટલ ડિટેક્ટર અને આર.પી.એફ.નો આધુનિક કંટ્રોલ રૂમ,ટ્રેન ક્યારે આવશે અને કયા પ્લેટફોર્મ પર આવશે તેની સચોટ માહિતી આપતા મોટા એલ.ઈ.ડી. ડિસ્પ્લે બોર્ડ અને મોર્ડન અનાઉન્સમેન્ટ સિસ્ટમ સુસજ્જ કરાશે. ■

# સુરતમાં રથયાત્રા અગાઉ પોલીસનો સપાટો, ૧૦૦થી વધુ હથિયારો જપ્ત, ૭૦ અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં નિકળનારી આગામી રથયાત્રા શાતિપૂર્ણ રીતે સંપન્ન થાય તથા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેર પોલીસે ખાસ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન દરમિયાન ૧૦૦થી વધુ ઘાતક હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા અને ૭૦થી વધુ અસામાજિક તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

સુરત શહેર પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે વિવિધ ટીમો બનાવી છેલ્લા કેટલાક દિવસોથી શહેરના અસામાજિક તત્વો, રીઢા ગુનેગારો અને સ્થાનિક ગેંગ પર સતત નજર રાખી હતી. પોલીસ તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે ઓનલાઈન પ્લેટફોર્મ અને રિટેલ દુકાનોમાંથી ખરીદવામાં આવતા રેમ્બો નાઈફ, બટન નાઈફ, ડ્રેગન નાઈફ, પોકેટ નાઈફ અને ટેક્ટિકલ નાઈફ અંગે માહિતી મેળવી શહેરના વિવિધ વિસ્તારોમાં સરપ્રાઈઝ રેડ કરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં ૧૦૦થી વધુ પ્રતિબંધિત ધારદાર હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે, જ્યારે ૭૦થી વધુ અસામાજિક તત્વો સામે ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સાથે જ પોલીસે અસામાજિક તત્વોને કડક ચેતવણી આપી હતી કે, ગેરકાયદેસર હથિયારો સાથે ઝડપાશે અથવા કાયદો હાથમાં લેશો તો માત્ર ધરપકડ જ નહીં, પરંતુ પાસા અને તડીપાર જેવી કડક કાર્યવાહી પણ કરવામાં આવશે. ■

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા, મુસ્લિમ સમાજે 300 ગ્રામનો ચાંદીનો એકતા રથ અર્પણ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં તા. ૧૬ જુલાઈ ગુરૂવારે યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે અમદાવાદ શહેરમાં કોમી એકતા અને સૌહાર્દની વર્ષો જુની પરંપરાને આગળ વધારતા મુસ્લિમ સમાજ દ્વારા ભગવાન જગન્નાથજીને 'એકતા રથ' અર્પણ કરવામાં આવ્યો હતો. અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર રઉફ બંગાળી દ્વારા તૈયાર કરાયેલા આ વિશેષ રથને જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ (દિલદારજી મહારાજ)ને વિધિવત અર્પણ કરવામાં આવ્યો હતો.

આ વર્ષે પ્રથમ વખત ચાંદીના રથ પર સોનાની વરખ ચઢાવવામાં આવી છે. અંદાજે ૩૦૦ ગ્રામથી વધુ ચાંદીથી બનેલા રથ પર ૫ ગ્રામ સોનાની વરખ લગાવી તેને વિશેષ આકર્ષક બનાવવામાં આવ્યો છે. રૌફ બંગાળીએ જણાવ્યું કે એકતા રથ તૈયાર કરવામાં લગભગ ૧૫ દિવસનો સમય લાગ્યો હતો. ચાંદીના વધતા ભાવને કારણે સમય સાથે રથનું વજન ઘટાડવામાં આવ્યું છે. ત્રણ ઘોડા સાથે તૈયાર કરાયેલો આ રથ ભગવાન પ્રત્યેની અતૂટ આસ્થા અને સામાજિક એકતાનો સંદેશ આપે છે. ગુજરાતમાં થયેલા કોમી રમખાણો બાદ સમાજમાં ભાઈચારો અને એકતા જળવાય તે હેતુથી રૌફ બંગાળીએ એકતા રથ અર્પણ કરવાની પરંપરાની શરૂઆત કરી હતી, જે આજે પણ અવિરત ચાલુ છે. તેમણે જણાવ્યું કે આજની યુવા પેઢીએ કોમી રમખાણો કે કર્ફ્યૂનો સમય જોયો નથી, તેથી સમાજમાં સૌહાર્દ જળવાઈ રહે તે માટે આવા પ્રયાસો જરૂરી છે.

આ અંગે દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથજીની આ ૧૪૯મી રથયાત્રાના પૂર્વે મુસ્લિમ સમાજ દ્વારા ચાંદીના રથને અર્પણ કરવામાં આવતો હોય છે. ■

# સુરતમાં મહિલાઓએ નગરસેવિકાને આડે હાથ લીધી

સુરતઃ શહેરમાં ભારે વરસાદ બાદ પણ સ્થિતિ હજુ સામાન્ય થઈ નથી ત્યારે પોતાના વિસ્તારમાં લોકોની ખબર પૂછવા જતા નેતાઓ સામે રહેવાસીઓ રોષ ઠાલવી રહ્યાના અહેવાલો બહાર આવી રહ્યા છે. શહેરમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં અત્યારે પણ પાણી ભરાયેલા હોવાથી લોકો પરેશાન થઈ રહ્યાં છે. ખાસ કરીને સુરતના કાપોદ્રા વિસ્તારમાં હજી પણ પાણી ભરાયેલા છે. પાણી ભરાયેલા હોવાથી સ્થાનિકોને પીવા માટેના પાણીના પણ ફાંફા પડી રહ્યાં છે. કાપોદ્રા વિસ્તારમાં વોર્ડ નંબર ચારના ભાજપ કોર્પોરેટર હંસા ગજેરા જ્યારે સ્થાનિકોની વાત સાંભળવા ગયા હતા ત્યારે લોકોએ અને ખાસ કરીને મહિલાઓએ રોષ ઠાલવ્યો હતો. કાપોદ્રા વિસ્તારની સ્થાનિક મહિલાએ ભાજપ કોર્પોરેટર હંસા ગજેરાને પોતાની તકલીફો જણાવી હતી. સ્થાનિકોએ કહ્યું હતું કે મત જોઈતા હોય ત્યારે ૧૦ આટા મારો છો અને હવે જરૂર હોય ત્યારે દેખાતા નથી. ■

# વાહનચાલક વિદ્યાર્થી માટે વાલીની અરજી અને ડ્રાઈવિંગ લાઈસન્સની નકલ જમા કરાવી ફરજિયાત

અમદાવાદઃ ગુજરાતના વિવિધ શહેરોમાં શાળાએ જતા વિદ્યાર્થીઓમાં ટુ વ્હિલરનો ક્રેઝ વધ્યો છે. આર્થિક રીતે સધ્ધર પરિવારોના નબિરાઓ મોપેડ કે સ્કૂટર લઈને સ્કૂલએ આવી રહ્યા છે. આ સ્થિતીમાં તેમની સુરક્ષા મહત્વની બની રહે છે. જો કે સતત વધતો જતો વાહન વ્યવહાર અને સગીર વયના વિદ્યાર્થીઓ દ્વારા થતા ગંભીર અકસ્માતો તેમજ મોતના દુઃખદ કિસ્સાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટ દ્વારા ગુજરાતની તમામ ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓના સંચાલકોને એક અપીલ કરવામાં આવી છે. RTOના નિયમો અનુસાર સગીર વયના અને ડ્રાઇવિંગ લાઇસન્સ ન ધરાવતા વિદ્યાર્થીઓ શાળામાં ટુ-વ્હીલર લઈને આવે તેના પર પ્રતિબંધ મૂકવાની શાળા સંચાલકોની ફરજ બને છે. આ સુરક્ષા પગલાના ભાગરૂપે મહામંડળના પ્રમુખએ સૂચન કર્યું હતું કે, જો કોઈ વિદ્યાર્થી વાહન લઈને શાળાએ આવે તો તેની પાસેથી વાલીની લેખિત અરજી અને ડ્રાઇવિંગ લાઇસન્સની નકલ મેળવીને શાળાના દફતરે (રેકોર્ડ પર) રાખવી જોઈએ. આવા નિયમબદ્ધ વિદ્યાર્થીઓને શાળા શરૂ થવાના અને છૂટવાના સમયની નોંધ સાથે જ મંજુરી આપવામાં આવે તેવો અનુરોધ મહામંડળે કર્યો હતો. ■

# કરોડો દહેજમાં માગ્યા ને ન મળ્યા તો અમદાવાદની મહિલાને કૅનેડાથી પતિએ ધકેલી મૂકી

અમદાવાદઃ શહેરના બોપલ વિસ્તારમાં રહેતી મહિલાને પતિ અને સાસરિયા પક્ષે દહેજ માટે સતત હેરાન કરી હોવાની ફરિયાદ બોપલ ગ્રામ્ય પોલીસમાં નોંધાયેલી છે. સુશિક્ષિત અને ફોરેનમાં રહેતા લોકો પણ પત્ની અને તેનાં પરિવાર પાસેથી પૈસા માગવાની માનસિકતામાંથી બહાર આવ્યા નથી તે આ કેસ પુરવાર કરે છે.

આ કેસની મળતી વિગતો અનુસાર ૩૨ વર્ષીય મહિલાના લગ્ન જાન્યુઆરી, ૨૦૨૩માં એનઆરઆઈ સાથે થયા હતા. ત્યારબાદ તે આણંદ ખાતે તેના સાસરે રહેવા ગઈ હતી, પરંતુ શરૂઆતથી જ સાસરાપક્ષના લોકો દહેજ મામલે સતાવતા હતા. જ્યારે પણ મહિલા પતિ પાસે કેનેડા મોકલવાની વાત કરતી ત્યારે આઈલેટ્સ કોચિંગ માટે રૂ. ૧૦ લાખ માગ્યા હતા. મહિલાના પિતાએ રૂ. ૧૦ લાખ આપ્યા હતા, પરંતુ વિદેશ જવાના ખર્ચ માટે વધારે પૈસા માગવામાં આવ્યા તેવા આક્ષેપો ફરિયાદમાં કરવામાં આવ્યા છે. મહિલાએ એવો આક્ષેપ પણ કર્યો છે કે તેની એફડી તોડાવી રૂ. ૧૦ લાખ પરિવારના બિઝનેસ માટે વાપરી નાખવામાં આવ્યા હતા. ત્યારબાદ તેનાં પિતાએ રૂ. ૨૦ લાખ આપ્યાનું પણ ફરિયાદમાં જણાવ્યું હતું.

ત્યારબાદ તેને જૂન ૨૦૨૪માં કેનેડા મોકલવામાં આવી, પરંતુ પતિ તેને અંગ્રેજી બોલવા મામલે હેરાન કરતો હતો અને મારપીટ પણ કરતો હતો. તેનાં પતિને અન્ય સાથે સંબંધો હોવાનું પણ તેને ધ્યાનમાં આવ્યું હતું. મહિલાના પરિવારે જ્યારે આ અંગે સારરિયા સાથે વાત કરી ત્યારે તેમણે કેનેડામા ઘર માટે રૂ. દોઢ કરોડ અને રોજના ખર્ચ માટે મહિને ૫૦,૦૦૦ની ફરી માગણી કરી હતી.

ઓક્ટોબર, ૨૦૨૪માં તેનાં પતિએ તેને જબરજસ્તી ફ્લાઈટ્માં બેસાડી ભારત મોકલી દીધી હોવાનું તેણે જણાવ્યું હતું અને સાસરિયાએ તેના આધારકાર્ડ સહિતના દસ્તાવેજ લઈ લીધા હતા અને ધમકાવી હતી. તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા બાદ મહિલાએ આખરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસ તેનાં પતિ અને સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■